بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

બફ્યઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત**

**એટલે**

**મસ્લકે આ'લા હઝરત**

**નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧-ઓગસ્ટ-૨૦૧૪**

શવ્વાલુલ મુકર્રમ-ઝી ક઼અ્દા

હિજરી સન : ૧૪૩૫

વર્ષ : ૧૧, અંક : ૦૮, સળંગ અંક : ૧૨૮

સ્થાપક અને પ્રકાશક

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૧૦૪૧૧, ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net

Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૧૫/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૧૫૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૨૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧,૮૦૦/- |
| આજીવન | રૂા. | ૪,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


**માનદ તંત્રી**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**


## ● અનુક્રમણિકા ●


| | | |
|---|---|---|
| 01 | મિસ્વાકના દીની દુનિયવી ફાયદા | 02 |
| 02 | **અલ્લાહના રસૂલ صلی اللہ علیہ وسلم નો ઈખ્તિયાર સહીહ હદીષોની રોશનીમાં** | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 11 |
| 05 | અસ્માઉલ હુસ્ના | 13 |
| 06 | હશ્ત બહિશ્ત મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 15 |
| 07 | ગલતફહમી ગલતફહમી તથા તેની સુધારણા | 21 |
| 08 | વેપારનું મહત્વ અને તેના નિયમો | 20 |
| 09 | ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہ | 24 |
| 10 | ક઼ાનૂને શરીઅત | 26 |
| 11 | ખ્વાબમાં હુઝૂર صلی اللہ علیہ وسلم ની ઝિયારત | 30 |
| 12 | બુઝુર્ગોના મઝારોની તૌહીન ! | 34 |
| 13 | ફિલ્મો સિરિયલો જુઓ ને બંને જહાનની.... | 36 |
| 14 | **ક઼િબ્લએ અવ્વલ, બયતુલ મુક઼દ્દસ અને પેલેસ્ટાઈનને ક્યારે મળશે રક્ષક ?!** | 40 |
| 15 | બરકાતે ખ્વાજાની ટપાલ | 46 |


## જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم

ઈમાન મુકમ્મલ નહીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم
મિલ્તા નહીં રબ ભી કહીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم
ખાલિક઼ કો ફક઼ત માને, ન માને જો નબી કો
કુછ ભી હો, મુસલમાં નહીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم
ખાલિક઼ કી અતાસે શહા મુખ્તાર બને હંય
મુમ્કિન નહીં ખુલ્દે બરીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم
ગ઼ૌષો વલી ખ્વાજા સભી ઉશ્શાક઼ે નબી હંય
મિલતે નહીં રૂત્બે કહીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم
કિતની ભી ઈબાદત કરો દિન રાત મુસલસલ
નાહક્ક઼ હય નમાઝે મુબીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ
કુર્આન પળ્હો, કુછ ભી પળ્હો શામો સહર તુમ
બેકાર હય કારે હસીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم
મેહશરમેં મુનાફિક઼ કો, પતા જબ હી ચલેગા
બખ્શિશ ભી **'ગનીમત'** નહીં જુઝ ઈશ્ક઼ે મુહમ્મદ صلی اللہ علیہ وسلم

અઝ : 'ગનીમત' બાલાશિનોરી

# મિસ્વાકના દીની દુનિયવી ફાયદા

ફાયદા

હદીષો અને વૈજ્ઞાનિકોના સંશોધન મુજબ મિસ્વાકના દીની દુનિયવી, શારીરિક તથા રૂહાની, દુનિયા અને આખેરતના અસંખ્ય ફાયદાઓ છે. અલ્લામા શામી رحمۃ اللہ علیہ એ મિસ્વાક વિશે ફર્માવ્યું છે કે મિસ્વાક કરનારને મિસ્વાકથી નીચે મુજબના ફાયદાઓ થાય છે :–

(૧) ઘડપણ વહેલું આવતુ નથી. (૨) આંખોની રોશની તેજ કરે છે. (૩) મૌત સિવાય દરેક બીમારી માટે શિફા છે. (૫) પુલસિરાત પર ચાલવામાં ઝડપ આવે છે. (૫) અલ્લાહ તઆલાની રઝામંદીનું કારણ છે. (૬) ફરિશ્તાઓ ખુશ થાય છે. (૭) મોઢાની ગંદકીને દૂર કરી જંતુ રહિત કરી દાંતોને ઠીક કરે છે. (૮) દાંતોને ચમકદાર કરે છે. (૯) પેઢાને મજબૂત કરે છે. (૧૦) ખોરાકને હજમ કરે છે. (૧૧) બલ્ગ્મ (કફ)ને કાપે છે. (૧૨) નમાઝના સવાબમાં વધારો થાય છે. (૧૩) કુર્આન (ની તિલાવત)ના માધ્યમ અર્થાત મોઢાને સાફ કરે છે. (૧૪) ફસાહત (ઉમદા સ્પીચ)ને વધારે છે. (૧૫) જઠરને શક્તિ આપે છે. (૧૬) શયતાનને નારાજ કરે છે. (૧૭) નેકીઓમાં વધારો કરે છે. (૧૮) સફરા (પિત્ત)ને કાપે છે. (૧૯) વાળોની જડોને મજબૂત કરે છે. (૨૦) રૂહ નીકળવામાં આસાની થાય છે.

એ જ રીતે અલ્લામા હસન બિન અમ્માર رحمۃ اللہ علیہ મિસ્વાકના ફાયદા વિશે વર્ણન કરે છે :–

(૧) મિસ્વાક કરવાથી ફરિશ્તાઓ ખુશ થાય છે. (૨) મિસ્વાક કરનારના ચહેરાના નૂરના કારણે તેની સાથે ફરિશ્તાઓ મુસાફો કરે છે. (૩) મિસ્વાક કરનાર જ્યારે નમાઝ પઢવા માટે નીકળે છે તો ફરિશ્તાઓ તેની સાથે ચાલે છે. (૪) જ્યારે મસ્જિદમાંથી નીકળે છે તો અર્શ ઉઠાવનાર ફરિશ્તાઓ તેના માટે ઈસ્તિગફાર કરે છે. (૫) નબીઓ અને રસૂલો (علیہم السلام) તેના માટે મગફિરતની દુઆ કરે છે. (૬) નામએ આ'માલ જમણા હાથમાં આપવામાં આવશે. (જેનો મતલબ એ છે કે તે આખેરતમાં કામ્યાબ થયો.) (૭) મિસ્વાક કરવાથી અલ્લાહ તબારક વ તઆલાની ઈબાદત કરવા માટે શરીરને શક્તિ પ્રદાન થાય છે. (૮) શરીરમાંથી નુકસાનકારક તજા ગરમીને દૂર કરે છે. (૯) કઝાએ હાજત (ટોયલેટ)માં મદદરૂપ થાય છે. (૧૦) મિસ્વાક કરનાર માટે કબ્ર વિશાળ થઈ જાય છે. (૧૧) કબ્રમાં સાથી અને ગમ્ખ્વાર બને છે. (૧૨) પાબંદી સાથે મિસ્વાક કરનાર માટે તે દિવસનો પણ સવાબ લખવામાં આવે છે જે દિવસે કોઈ મજબૂરીના કારણે મિસ્વાક ન કરી શકે. (૧૩) મિસ્વાક કરનાર માટે જન્નતના દ્વાર ખોલવામાં આવે છે. (૧૪) મિસ્વાક કરનાર વિશે ફરિશ્તાઓ કહે છે કે આ અંબિયાએ કિરામનું અનુસરણ કરનાર અને તેમના તરીકા પર ચાલનાર છે. (૧૫) જહન્નમના દરવાજા તેના માટે બંધ કરી દેવામાં આવે છે. મિસ્વાક કરનાર આ દુનિયાથી પાક હોવાની સ્થિતિમાં નીકળે છે. (૧૬) મિસ્વાક કરનારની રૂહ કબ્ઝ કરવા માટે મલકુલ મૌત એવી જ શકલો સૂરતમાં આવે છે જેમાં અંબિયા અને અવલિયાની પાસે આવતા હતા. (૧૭) દુનિયાથી રૂખ્સત થતી વેળા (મૃત્યુ સમયે) નબીએ મુકર્રમ ﷺના હૌઝથી સૈરાબ કરવામાં આવે છે, અને તે રહીકે મખ્તૂમ (શુદ્ધ મધનું મોહર લાગેલ પીણુ) છે. *(બરકાતે શરીઅત)*

પ્યારા આકા ﷺના પ્યારા દીવાનાઓ ! ઈન્સાનનો કોઈપણ અમલ, કોઈ કામ બે હેતુઓ માટે હોય છે ક્યાં તો તે અમલમાં ઈન્સાનોને કોઈ દુનિયવી ફાયદો હોય છે અથવા આખેરતની કોઈ ભલાઈ પામવાનો હેતુ હોય છે. અને મિસ્વાક એક એવો અમલ છે જેમાં દુનિયા તથા આખેરતના શારીરિક તથા રૂહાની અસંખ્ય ફાયદા છે, તો આવો ! આજથી પાબંદીની સાથે નમાઝ અને મિસ્વાક તથા બીજી સુન્નતો અપનાવવાનો સંકલ્પ કરીએ. (ઈન્શાઅલ્લાહ !)

# અલ્લાહના રસૂલ ﷺનો ઈખ્તિયાર

## સહીહ હદીષોની રોશનીમાં

**તંત્રી લેખ.....** હે સુન્ની ભાઈઓ ! બહેનો ! સાવધાન થઈ જાવ ! આજે કેટલીક જમાઅતો, ફિર્કાઓ પોતાને "અહલે સુન્નત વ જમાઅત"નું લેબલ લગાડીને સાચા સુન્નીઓને બહેકાવામાં નાખવાની કોશિશ કરી રહ્યા છે. જ્યારે કે **સાચા "અહલે સુન્નત વ જમાઅત" તેઓ જ છે જેમના અક઼ીદા સહાબાએ કિરામ જેવા છે.** બાકીના જેટલા પણ દાવેદારો છે તેઓ કલમા નમાઝના ઓઠા હેઠળ **છુપાયેલા મુનાફિક઼ો** જ છે. આ લેખમાં તમો સહીહ હદીષો થકી એ વાત સમજી શક્શો અને એ પણ જાણી લેશો કે સહાબાના અક઼ીદા શું હતા જેમને રસૂલે પાક ﷺએ "અહલે સુન્નત વલ જમાઅત" કહ્યા અને એમના માર્ગને જ નજાતનો માર્ગ કહ્યો.

આજે અમુક ગુમરાહ જમાઅતો વાત વાતમાં શંકાઓ ખડી કરીને પૂછયા કરે છે કે શું આ હદીષમાં છે ?! કુર્આનમાં છે ?! **(Is it in Hadith ? Is it in Quraan ?!)**

તો આવો ! સૌને દઅવત છે કે ઈન્સાફની આંખોએ નબી કરીમ ﷺના ઈખ્તિયાર બાબતની હદીષો **સહીહ બુખારી શરીફ**ની તથા સાથોસાથ **કુર્આનની આયતો** પણ જોઈ લો ! અને દિલમાં કાંઈ વસવસો હોય, હુઝૂર ﷺને ઈખ્તિયારવાળા માનવું શિર્ક જાણતા હોઉં, તેમને લાચાર મજબૂર બંદા, આપણી જેવા બશર માનતા હોવ તો આજે જ તૌબા કરી લો, અને બંને જહાનમાં કામયાબી મેળવી લો.

*તુમ્હારે મુંહસે જો નિકલી વો બાત હો કે રહી–જો દિન કો કહ દિયા શબ હૈ તો રાત હોકે રહી*

કુર્આનમાં છે : **وَمَا اٰتٰكُمُ الرَّسُوْلُ فَخُذُوْهُ وَمَا نَهٰكُمْ عَنْهُ فَانْتَهُوْا وَ اتَّقُوا اللّٰهَ اِنَّ اللّٰهَ شَدِيْدُ الْعِقَابِ**

"અને **જે કાંઈ તમને રસૂલ અતા કરે તે લો,** અને **જેનાથી મના કરે દૂર રહો.** અને અલ્લાહથી ડરો ! બેશક ! અલ્લાહનો અઝાબ સખ્ત છે." *(પારા : ૫, રુકૂઅ : ૪, અલ્હશ્ર : ૭)*

શું આ આયત અલ્લાહની અતાથી રસૂલુલ્લાહ ﷺના ઈખ્તિયારનું એલાન નથી કરતી ?! આવો ! રસૂલે પાક ﷺનો ઈખ્તિયાર હદીષોની રોશનીમાં જોતા ચાલીએ અને ઈમાનને મજબૂત બનાવીએ.

### ★ હરમે પાકની ઘાસ કાપવાની ઈજાઝત ! ★

સહીહ બુખારી શરીફની હદીષ છે. હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, અલ્લાહ તઆલાએ મક્કાને હરમ ઠરાવ્યું, ન મારાથી પહેલાં કોઈના માટે હલાલ થયું અને ન કોઈના માટે કદી હલાલ થશે. અને મારા માટે પણ કેવળ થોડીવાર માટે દિવસના થોડા સરખા હિસ્સામાં જાઈઝ કરવામાં આવ્યું. અને હવે ન એની ઘાસ કાપવામાં આવશે અને ન ઝાડ, અને ન તો એનો શિકાર ભડકાવવામાં આવશે, અને ન અહીંની પડેલી ચીજ ઉઠાવવામાં આવશે, કેવળ એલાન કરનારા માટે ઉઠાવવું જાઈઝ થશે.

હઝરત અબ્બાસ رضی اللہ عنہ બોલ્યા, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ઈઝખર ઘાસને અમારા સોનીઓ તથા ક઼બ્રોને માટે જાઈઝ ઠરાવી દો. હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સારું ! ઈઝખરના સિવાય. એટલે કે ઈઝખરને પોતાની જરૂરતના માટે કાપી શકો છો. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૭૯, કિતાબુલ જનાઈઝ, બાબુલ ઈઝખિરિ વલ્હશીશિ ફિલ્ક઼બ્રિ, ક઼બ્રમાં ઈઝખર ઘાસ બિછાવવાનું બયાન, હદીષ નં. ૧૩૪૯)*

આ હદીષથી જાણવા મળ્યું કે અલ્લાહ તબારક વ તઆલાએ રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને ઈખ્તિયારવાળા બનાવીને મોકલ્યા છે. આપ જે ચીજને ચાહે હલાલ ફર્માવી આપે અને જે ચીજને ચાહે હરામ ઠરાવી આપે. કુર્આને કરીમથી અધિક માર્ગદર્શન મળે છે. ઈર્શાદે બારી તઆલા છે :–

**يَأْمُرُهُمْ بِالْمَعْرُوفِ وَيَنْهٰهُمْ عَنِ الْمُنْكَرِ وَيُحِلُّ لَهُمُ الطَّيِّبٰتِ وَيُحَرِّمُ الْخَبٰٓئِثَ** "અને તેમને ભલાઈનો હુકમ આપશે અને બુરાઈથી મના ફર્માવશે અને સુથરી ચીજો તેમના માટે **હલાલ ફર્માવશે** અને ગંદી ચીજો એમના માટે **હરામ ફર્માવશે.**" *(પારા : ૯, રુકૂઅ : ૯, સૂરએ અઅ્રાફ : ૧૫૭)*

શું આ આયતમાં અલ્લાહની અતાથી રસૂલે પાક صلی اللہ علیہ وسلمને ઈખ્તિયાર હોવાની જાહેરાત નથી.

## ★ જેને ચાહ્યું હરમ બનાવી આપ્યું ★

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે હું રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની સાથે ખયબરની તરફ નીકળી પડયો જેથી કરીને હું આપની ખિદમત કરતો રહું. જ્યારે હુઝૂર صلی اللہ علیہ وسلم ખયબરથી પરત થયા અને આપને ઓહદ પહાડ દેખાયો તો ફર્માવ્યું, આ પહાડ અમારી સાથે મહોબ્બત કરે છે અને અમે પણ એનાથી મહોબ્બત રાખીએ છીએ. પછી હુઝૂરે મદીના મુનવ્વરા પ્રતિ ઈશારો કરતાં ફર્માવ્યું :–

**اَللّٰهُمَّ اِنِّیْ اُحَرِّمُ لَا بَتَيْهَا كَتَحْرِيْمِ اِبْرَاهِيْمَ اَللّٰهُمَّ بَارِكْ لَنَا فِیْ صَاعِنَا وَمُدِّنَا "હે અલ્લાહ ! હું આ બંને પહાડોવાળી જગાને હરમ બનાવું છું** જેવી રીતે હઝરત ઈબ્રાહીમ علیہ السلامએ મક્કાને હરમ બનાવ્યું હતું. હે અલ્લાહ ! અમને અમારા સાઅ અને મુદમાં બરકત અતા કર." *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૪૦૪, કિતાબુલ જિહાદ, બાબુ ફદ્લિલ્ ખિદમતિ ફિલ્ ગઝ્વ, જેહાદમાં ખિદમત કરવાની ફઝીલત, હદીષ નં. ૨૮૮૯)*

છે કોઈ તમારામાં કે દુનિયામાં જે પોતાને મન ફાવે તે જગાને હરમ બનાવી લે ! તો શું અલ્લાહે નબી કરીમ صلی اللہ علیہ وسلمને આ ઈખ્તિયાર આપેલો નહીં કહેવાય ?!

## ★ જમીનના ખજાનાની કૂંજીઓના માલિક કોણ ?! ★

*માલિકે કૌનૈન હૈ ગો પાસ કુછ રખતે નહીં–દો જહાં કી નેઅમતેં હૈં ઉન્કે ખાલી હાથમેં*

હઝરત ઉક઼બા બિન આમિર رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એક દિવસ નીકળ્યા તો ઓહદના શહીદો પર આપે એ અંદાઝથી દુઆ ફર્માવી જેવી રીતે મૈયત પર દુઆ કરવામાં આવે છે. પછી મિમ્બરની તરફ આવ્યા અને ફર્માવ્યું, **ખુદાની ક઼સમ ! હું મારા હોઝને અત્યારે જોઈ રહ્યો છું અને મને જમીનના ખજાનાની કુંજીઓ (ચાવીઓ) આપવામાં આવી.** અને ક઼સમ ખુદાની હું મારા પછી એવું નથી ડરતો કે તમો મારા પછી શિર્ક કરશો, પરંતુ મને ડર છે કે ક્યાંક તમે દુનિયામાં ગુમ ન થઈ જાવ. *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૭૯, કિતાબુલ્ જનાઈઝ, બાબુ સ્સલાતિ અલશ્શહીદ, શહીદ પર નમાઝે જનાઝા પઢવાનું બયાન, હદીષ નં. ૧૩૪૩)*

આ હદીષ પરથી **હુઝૂર ﷺનો ઈખ્તિયાર જુઓ કે દુનિયામાં રહીને હોઝે કૌષર જોઈ રહ્યા છે ! તેને પણ પોતાનો કહ્યો !"** મારા હોઝને જોઈ રહ્યો છું !" **છે કોઈનામાં આ ઈખ્તિયાર ?! અને શું આ ગયબના ઈલ્મ પર હુઝૂર ﷺને ઈખ્તિયાર ન થયો** કે હોઝે કૌષર આપણા માટે ગયબની ચીજ છે જેને આપ ﷺ દુનિયામાં બેસીને જોઈ રહ્યા છે ! અને સહાબીઓને એના વિશે બતાવી રહ્યા છે ! અને **કોઈ સહાબી એવું નથી કહેતા કે આ ઈખ્તિયાર તમારામાં ક્યાંથી આવ્યો ? ગયબ તો અલ્લાહ જ જાણે છે ! આ તો શિર્ક છે !** ભાઈઓ ! શું આજના બાતિલ ફિર્કાવાળા ગૈર મુકલ્લિદ, દેવબંદી વગેરેને શિર્કની સમજ આવી ગઈ અને સહાબા તથા રસૂલને ન હતી ?! (મઆઝલ્લાહ !) સમજો ! કાંઈ સમજો અને આ "શિર્ક ! શિર્ક !"ની રટ લગાડતા બાતિલ ફિર્કાઓથી બચો ! લોકોને છેતરવા તેઓ પોતાને "અહલે સુન્નત" જાહેર કરે છે, પણ તેમના ધોકાથી બચો !

વળી હુઝૂર ﷺ સ્પષ્ટપણે જમીનના ખજાનાઓની માલિકી જાહેર કરી રહ્યા છે ! તો જેઓ એ અકીદો રાખે છે કે, "જેનું નામ મુહમ્મદ તથા અલી છે તે કોઈ ચીજના માલિક અને મુખ્તાર નથી." *–(તકવિયતુલ ઈમાન, ગુજરાતી, કંથારીયા, જિ. ભરૂચ, પેજ–૧૨)* તે સાચા કે અલ્લાહના રસૂલ સાચા ?! કોના પર તમારું ઈમાન છે ?!

### ★ હાથના ઈશારાથી વાદળો વરસાવી દીધાં અને હટાવ્યાં પણ ! ★

*નહીં હૈ બેબસ વ મજબૂર, હૈ કુર્આન શાહિદ–નબી લેકર જહાંમેં હર તરહ ઈખ્તિયાર આયા*

હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہ ફર્માવે છે કે રસૂલુલ્લાહ ﷺના જાહેરી જમાનામાં એક વરસે દુકાળ પડયો અને એ વખતે જ્યારે કે હુઝૂર ﷺ જુમ્આના દિવસે ખુત્બો આપી રહ્યા હતા. એક ગામડાવાસી ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ માલ તબાહ થઈ ગયા, બીબી બચ્ચાં ભૂખ્યાં છે, આપ અલ્લાહ عزوجلથી અમારા માટે દુઆ કરો ! રસૂલુલ્લાહ ﷺએ પોતાના બંને હાથ દુઆ માટે ઉઠાવી આપ્યા.

રાવી કહે છે, એ વખતે અમે આસ્માન પર વાદળનો નાનો ટુકડો પણ જોતા ન હતા. કસમ છે એ જાતની જેની કુદરતના કબજામાં મારી જાન છે ! રસૂલુલ્લાહ ﷺએ પોતાના હાથ નીચે પણ કર્યા ન હતા એટલામાં પહાડોની તરફથી વાદળ ઉઠયું અને હુઝૂર હજી મિમ્બર પર જ હતા એવામાં વરસાદનું પાણી હુઝૂરની દાઢીએથી ટપક્તુ, જોયું ! ત્યાં સુધી કે એ દિવસે દિવસભર વરસાદ પડતો રહ્યો, તેના પછી બીજા દિવસે પણ સતત વરસાદ વરસતો રહ્યો, અને ત્રીજા દિવસે પણ, ત્યાં સુધી કે આગલી જુમ્આ સુધી સતત વરસાદ પડતો રહ્યો.

પછી એ જ ગામડાવાસી અથવા કોઈ સહાબી જુમ્આના દિવસે ખુત્બા વખતે ઉભા થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ વરસાદની અધિક્તાથી મકાનો પડી ગયાં, માલ પશુઓ ડૂબી ગયાં, અલ્લાહથી અમારા હક્કમાં દુઆ ફર્માવી દો !

રસૂલુલ્લાહ ﷺએ પોતાના બંનેવ હાથો ઉઠાવ્યા અને ફર્માવ્યું, "હે અલ્લાહ ! અમારી આસપાસ વરસાવ ! અમારી ઉપર ન વરસાવ, અમારી ઉપર ન વરસાવ ! **હુઝૂર પોતાના હાથ વડે જે તરફ ઈશારો કરતા વાદળ ફાટી જતુ !** અને મદીના ગોળ હોઝની માફક થઈ ગયું અને વાદીએ કનાત એક મહિના સુધી વહેતી રહી. જે તરફથી જે પણ આવ્યો પુષ્કળ પ્રમાણમાં વરસાદની ખબર આપી. *(બુખારી*

*શરીફ, ભાગ : ૧, પેજ : ૧૨૭, કિતાબુલ્ જુમ્અહ, બાબુલ ઈસ્તિસ્કાઈ ફિલ્ખુત્બતિ યૌમલ જુમ્અહ, જુમ્આના ખુત્બામાં વરસાદ માટે દુઆ કરવાનું બયાન, હદીષ : ૩૫૮૨)*

**હુઝૂર ﷺના અલ્લાહના આપેલા ઈખ્તિયારનો હજી શો પુરાવો હુઝૂરને મઆઝલ્લાહ ! "લાચાર બંદા" કહેનારાઓને જોઈએ છે ?!** શું આ હદીષો એ દિલના આંધળાઓને દેખાતી નથી ?! મુસલમાનો ! સમજો ! અને એવા બદ્બખ્તોથી દૂર થઈને સગાઈ સંબંધ તોડો ! નહીં તો તેમની સગાઈ તથા દોસ્તી તમને તથા તમારી આવનારી આખી નસલને સાથે જહન્નમમાં લઈ જશે !

### ★ જેને ચાહે તેને નવાઝી આપે ! આને કહે છે ઈખ્તિયાર ! ★

કુર્આને પાકમાં છે : **وَلَوْ اَنَّهُمْ اِذْ ظَّلَمُوْٓا اَنْفُسَهُمْ جَآءُوْكَ فَاسْتَغْفَرُو اللّٰهَ** "અને જ્યારે તેઓ પોતાની જાનો પર જુલ્મ કરે, તો **હે મહબૂબ ! તમારી બારગાહમાં હાજર થાય** અને અલ્લાહથી માફી માગે, **અને રસૂલ તેમની શફાઅત ફર્માવે તો** જરૂર અલ્લાહને ઘણો જ તૌબા કૂબૂલ કરનારો મહેરબાન પામશે." *(પારા : ૫, રુકૂઅ : ૬, અંબિયા–૬૩)*

ખુદા ખૂદ ફર્માવે છે કે **"તમારી બારગાહમાં હાજર થાય"** અને પછી **"રસૂલ તેમની શફાઅત ફર્માવે તો..."** શું આ રસૂલને ઈખ્તિયાર આપ્યાની જાહેરાત નથી ?!

હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہ રિવાયત ફર્માવે છે કે અમે રસૂલુલ્લાહ ﷺની ખિદમતમાં બેઠેલા હતા. એવામાં એક સાહબ હાજર થયા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું હલાક થઈ ગયો ! હુઝૂરે ફર્માવ્યું, શું થયું ? અર્ઝ કરી, મેં રોઝાની હાલતમાં મારી પત્ની સાથે સંભોગ કરી લીધો છે.

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, શું તમારી પાસે કોઈ ગુલામ છે જેને આઝાદ કરી શકો ? તેણે કહ્યું, નહીં ! હુઝૂરે પૂછયું, શું તમે સતત બે મહિનાના રોઝા રાખી શકો છો ? તેણે અર્ઝ કરી, મારામાં બે મહિનાના રોઝા રાખવાની શક્તિ નથી. ફરી હુઝૂરે પૂછયું, શું તમે સાઈઠ મિસ્કીનોને ખાવા ખવડાવી શકો છો ? તેણે કહ્યું, મને એ પણ મયસ્સર નથી.

હવે થોડીવાર માટે રસૂલુલ્લાહ ﷺ અટકી ગયા. અમે લોકો પણ ખામોશ બેસી રહ્યા, એવામાં રસૂલુલ્લાહ ﷺની સેવામાં એક ટોપલો ખજૂર પેશ થયું. હુઝૂર ﷺએ ફર્માવ્યું, સવાલ કરનાર ક્યાં છે ? તેમણે અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું હાજર છું. હુઝૂરે ફર્માવ્યું, આ ખજૂરને લઈ જાવ અને સદકો કરી આપો ! તેણે અર્ઝ કરી, આ ખજૂર તેમને આપવાનુ છે જે મારા કરતાં વધુ મોહતાજ છે ! યા રસૂલલ્લાહ ! ﷺ મદીનાના બંનેવ પથરીલા મેદાનોની વચ્ચે મારાં બીવી બચ્ચાંથી અધિક કોઈ મોહતાજ નથી ! હું કોને આપું ?

આ વાત સાંભળીને રસૂલુલ્લાહ ﷺ હસી પડયા, ત્યાં સુધી કે સામેવાળા દાંત દેખાવા લાગ્યા, પછી હુઝૂર ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, જાવ ! તમારાં ઘરવાળાંઓને જ ખવડાવી દો ! *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૨૫૯, કિતાબુસ્સૌમ, બાબુન્ ઈઝા જામઅ ફી રમદ્દાન, હદીષ નં. ૧૯૩૬)* તેમજ *(બુખારી શરીફ, ભાગ : ૨, પેજ : ૮૯૯, કિતાબુલ અદબ, બાબુત્તબસ્સુમિ વદ્દિહક મુસ્કુરાવા તથા હસવા વિશે બયાન, હદીષ નં. ૬૦૮૭)*

આ હદીષથી જાણવા મળ્યું કે **હુઝૂર ﷺને એ ઈખ્તિયાર છે કે જેના માટે ચાહે જે હુકમમાં**

**ચાહે તબદીલી કરી આપે.** આપે આપના ઈખ્તિયાર વડે જેના પર કફ્ફારો લાગુ હતો તેને જ તે કફ્ફારો ખૂદના માટે જાઈઝ કરી આપ્યો.

### ★ ઓછી ઉંમરની બકરીની કુર્બાનીની ઈજાઝત ! ★

હઝરત બરાઅ બિન આઝિબ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺએ ઈદે અદહા (બકરા ઈદ)ના દિવસે ખુત્બો આપ્યો તો ઈર્શાદ ફર્માવ્યો, જેણે અમારી નમાઝની જેમ નમાઝ પઢી અને અમારી કુર્બાનીની જેમ કુર્બાની કરી આપી તો એની કુર્બાની સહીહ થઈ, અને જેણે નમાઝથી પહેલાં કુર્બાની કરી લીધી તો તે ગોશ્તની બકરી થઈ. એટલે આનો મક્સદ કેવળ ગોશ્ત હાંસલ કરવું થયું, ન કે કુર્બાની !

આ વાત સાંભળીને હઝરત અબૂ બરદહ બિન નયાર رضی اللہ عنہ ઉભા અને અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મેં તો ઈદગાહ જતા પહેલાં જ કુર્બાની કરી નાખી છે ! મેં એવો ખયાલ કર્યો કે આજે ખાવા પીવાનો દિવસ છે એટલા માટે મેં કુર્બાનીમાં જલ્દી કરી અને કુર્બાનીના ગોશ્તને ખૂદ ખાધો અને મારા ઘરવાળાં તથા પડોશીઓને પણ ખવડાવ્યો.

રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, તારી બકરી ગોશ્તની બકરી છે ! હઝરત અબૂ બરદહ رضی اللہ عنہએ અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ મારી બકરીનું એક બચ્ચુ છે જે એક વરસથી ઓછાનું છે પરંતુ તે ગોશ્તની બે બકરીઓથી બેહતર છે, શું એની કુર્બાની મારા તરફથી પૂરતી થશે ? રસૂલુલ્લાહ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો, **હા ! પરંતુ તમારા બાદ ફરી કોઈ બીજાના માટે જાઈઝ થશે નહીં !** *(બુખારી શરીફ, ભાગ : ૧, પેજ : ૧૩૪, કિતાબુલ ઈદૈન, બાબુ કલામિલ ઈમામિ વન્નાસિ ફિલ્ખુત્બતિલ્ઈદિ વઈઝા સુઈલલ્લઈમામુ અન્શયઈન્ વહુવ યખ્તુબ, ઈદના ખુત્બામાં ઈમામ તથા મુક્તદીઓનું વાતચીત કરવું, અને ઈમામના ખુત્બા દરમ્યાન કાંઈક પૂછવા વિશે બયાન, હદીષ નં. ૯૮૩)*

મુસલમાનો ! આ છે હુઝૂર ﷺના ઈખ્તિયાર સંબંધી સહીહ બુખારી શરીફની અમુક હદીષો જે તમારા ઈમાનને તાજગી બખ્શી રહી છે, દિલોમાં ઈમાનનુ નૂર તેજ કરી રહી છે, તમારી આંખોને ઠંડક પહોંચાડી રહી છે. આ સિવાય પણ બુખારી શરીફમાં હુઝૂર ﷺના ઈખ્તિયારને જાહેર કરતી અનેક હદીષો છે તેમજ હદીષની અન્ય કિતાબો મુસ્લિમ શરીફ, અબૂ દાઊદ શરીફ, નસઈ, ઈબ્ને માજહ, તિર્મિઝી સિહાહ સિત્તહની સર્વ કિતાબો ઉપરાંત મિશ્કાત વગેરેમાં સહીહ હદીષો મૌજૂદ છે. સ્થળ સંકોચને કારણે આટલે જ અટકીએ છીએ.

દેવબંદી, વહાબી, અહલે ખબીષ–ગૈર મુકલ્લિદ વગેરે જેઓ "બુખારીમાં છે ? સિહાહમાં છે ?!"નું રટણ (દરેક બાબત જે હુઝૂર ﷺની શાન જાહેર કરતી હોય તેના બારામાં !) કરતા રહે છે તેઓના દિલમાં રતીભર નૂર બાકી હોય તો આને વાંચે અને પોતાની બદ્અકદગીથી તૌબા કરી લે. નહીં તો દિલના અંધકાર સાથે જહન્નમનું બળતણ બને !

સુન્ની મુસલમાનો ! ઈમાનની કિંમત સમજો ! આજે આ સર્વ બાતિલ ફિર્કા નબી ﷺની ગુસ્તાખીમાં પડેલા છે અને તમો છો કે તેમની સાથે ક્યાંક માલની લાલચમાં, ક્યાંક ધંધા વેપારની શરમમાં, ક્યાંક સગાઈની ફિકરમાં, ક્યાંક સત્તા કે વાહવાહના લોભમાં દોસ્તી, ઉઠક બેઠક, સગાઈ કરતા જ જાવ છો ! તો એનાથી તૌબા કરી લો અને તમારા હાથે તમો સુન્નિયતના પાયામાં ઘા ન કરો, નહીં તો કાલે કયામતમાં રબ તઆલાને તથા રબના પ્યારા રસૂલ ﷺને શું જવાબ આપશો ?! સમજો ! કાંઈ સમજો ! અલ્લાહ તૌફીક આપે. (આમીન)

કુર્આને પાકની તફસીર

# કન્ઝુલ ઈમાન વ ખઝાઇનુલ ઇરફાન

કાર્યાલય

અઝ : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા** رحمۃ اللہ علیہ

અનુવાદક : **મૌલાના હસન આદમ કોલવનવી** رحمۃ اللہ علیہ

## સૂરએ બકરહની તફસીર

**સૂરએ બકરહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.**

مَّا يُؤْمِنُوْنَ ﴿۸۸﴾ وَلَمَّا جَآءَهُمْ كِتٰبٌ مِّنْ عِنْدِ اللّٰهِ
مُصَدِّقٌ لِّمَا مَعَهُمْ ۙ وَكَانُوْا مِنْ قَبْلُ يَسْتَفْتِحُوْنَ عَلَى
الَّذِيْنَ كَفَرُوْا ۚۖ فَلَمَّا جَآءَهُمْ مَّا عَرَفُوْا كَفَرُوْا بِهٖ ۫
فَلَعْنَةُ اللّٰهِ عَلَى الْكٰفِرِيْنَ ﴿۸۹﴾ بِئْسَمَا اشْتَرَوْا بِهٖۤ
اَنْفُسَهُمْ اَنْ يَّكْفُرُوْا بِمَاۤ اَنْزَلَ اللّٰهُ بَغْيًا اَنْ يُّنَزِّلَ
اللّٰهُ مِنْ فَضْلِهٖ عَلٰى مَنْ يَّشَآءُ مِنْ عِبَادِهٖ ۚ فَبَآءُوْ
بِغَضَبٍ عَلٰى غَضَبٍ ؕ وَلِلْكٰفِرِيْنَ عَذَابٌ مُّهِيْنٌ ﴿۹۰﴾
وَاِذَا قِيْلَ لَهُمْ اٰمِنُوْا بِمَاۤ اَنْزَلَ اللّٰهُ قَالُوْا نُؤْمِنُ بِمَاۤ
اُنْزِلَ عَلَيْنَا وَيَكْفُرُوْنَ بِمَا وَرَآءَهٗ ۗ وَهُوَ الْحَقُّ
مُصَدِّقًا لِّمَا مَعَهُمْ ؕ قُلْ فَلِمَ تَقْتُلُوْنَ اَنْۢبِيَآءَ اللّٰهِ
مِنْ قَبْلُ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۹۱﴾ وَلَقَدْ جَآءَكُمْ مُّوْسٰى
بِالْبَيِّنٰتِ ثُمَّ اتَّخَذْتُمُ الْعِجْلَ مِنْۢ بَعْدِهٖ وَاَنْتُمْ
ظٰلِمُوْنَ ﴿۹۲﴾ وَاِذْ اَخَذْنَا مِيْثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ
الطُّوْرَ ؕ خُذُوْا مَاۤ اٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاسْمَعُوْا ؕ قَالُوْا
سَمِعْنَا وَعَصَيْنَا ۗ وَاُشْرِبُوْا فِيْ قُلُوْبِهِمُ الْعِجْلَ بِكُفْرِهِمْ ؕ
قُلْ بِئْسَمَا يَاْمُرُكُمْ بِهٖۤ اِيْمَانُكُمْ اِنْ كُنْتُمْ مُّؤْمِنِيْنَ ﴿۹۳﴾
قُلْ اِنْ كَانَتْ لَكُمُ الدَّارُ الْاٰخِرَةُ عِنْدَ اللّٰهِ خَالِصَةً
مِّنْ دُوْنِ النَّاسِ فَتَمَنَّوُا الْمَوْتَ اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ﴿۹۴﴾
وَلَنْ يَّتَمَنَّوْهُ اَبَدًاۢ بِمَا قَدَّمَتْ اَيْدِيْهِمْ ؕ وَاللّٰهُ عَلِيْمٌۢ

અને જ્યારે એમની પાસે અલ્લાહની તે કિતાબ (કુરઆન) આવી. જે એમના સાથવાળી કિતાબ (તવરેત)ની સત્યતા જાહેર કરે છે[૧૪૯] અને અત્યાર પહેલાં તેઓ આ નબીના વસીલાથી જ કાફિરો પર વિજય માંગતા હતા[૧૫૦] તો જ્યારે પધાર્યો એમના પાસે તે ઓળખાએલો તેનાથી મુન્કિર થઇ બેઠા[૧૫૧] તો અલ્લાહની લાઅનત મુન્કિરો પર (૮૯) કેવી ખરાબ કીંમતે તેઓએ પોતાના જીવોને ખરીધા કે અલ્લાહના ઉતારેલાથી મુન્કિર થાય[૧૫૨] એની ઇર્ષાથી કે અલ્લાહ પોતાના ફઝલથી પોતાના જે બન્દા પર ઇચ્છે વહી ઉતારે[૧૫૩] તો ગઝબ પર ગઝબને પાત્ર ઠર્યા[૧૫૪] અને કાફિરો માટે બેઇજ્જતીનો અઝાબ છે[૧૫૫] (૯૦) અને જ્યાં કહેવામાં આવે, તેઓને કે અલ્લાહે ઉતારેલા પર ઇમાન લાવો[૧૫૬] તો કહે છે તે જે અમારા પર ઉતર્યું તેના પર ઇમાન લાવીએ છીએ[૧૫૭] અને બાકીને નકારીએ છીએ, તેના હક હોવા છતાં. તેમની પાસેવાળાની સત્યતા જાહેર કરતાં[૧૫૮] તમે ફરમાવો કે પછી આગલા અમ્બિયાને શા માટે શહીદ કર્યા જો તમને પોતાની કિતાબ પર ઇમાન હતું[૧૫૯] (૯૧) અને બેશક ! તમારી પાસે મૂસા ખુલ્લી નિશાનીઓ

લઇને પધાર્યા પછી તમે તેના પછી[૧૬૦] વાછર- ડાને મઅબૂદ બનાવી લીધો અને

**તમે જાલિમ હતા[૧૬૧] (૯૨) અને યાદ કરો જ્યારે અમે તમારાથી વાયદો લીધો[૧૬૨] અને તૂર પહાડને તમારા માથાંઓ પર અધ્ધર કર્યો, લો જે અમે તમને આપીએ છીએ બળથી અને સાંભળો ! બોલ્યા, અમે સાંભળ્યું. અને ન માન્યું, અને તેમનાં દિલોમાં વાછરડું ઘર કરી ગયું હતું તેમના કુફ્રના કારણે, તમે ફરમાવી દો, તમને તમારૂં ઇમાન કેવો ખરાબ હુકમ આપે છે જો ઇમાન ધરા- વતા હોય[૧૬૩] (૯૩) તમે ફરમાવી દો, જો પાછ- ળનું ઘર (જન્નત અલ્લાહને ત્યાં ખાસ તમારા માટે હોય, ન બીજાઓ માટે તો જો સાચા હોઉ તો મોતની ઇચ્છા તો કરો[૧૬૪] (૯૪) કદાપી તેની ઇચ્છા નહિ કરો.[૧૬૫] પોતાના અગાઉ કરેલા ખરાબ કૃત્યોના કારણે[૧૬૬] અને અલ્લાહ જાલિમોને સારી રીતે જાણે છે (૯૫) અને નિશંક ! તમે જરૂર એમને બધા લોકોથી વધુ જીવવાની અભિલાષા ધરાવતા પામશો અને મુશિરકોમાંના એકની ઇચ્છા છે કે ક્યાંય હજાર વર્ષ જીવે[૧૬૭] અને તે (હજાર વર્ષ જીવવું) તેને અઝાબથી દૂર નહિ રાખે જો આટલું આયુષ્ય મળી જાય (તો પણ) અને અલ્લાહ એમના કરતૂતો જોઇ રહ્યો છે (૯૬)**

૧૪૯. હુઝૂર ﷺની નબુવ્વત અને આપના ગુણોના બયાનમાં. (ખાઝિન)

**શાને નુઝૂલ :** ૧૫૦. હુઝૂર ﷺના જાહેર થવા અને કુરઆને કરીમ નાઝિલ થતાં પહેલાં યહૂદીઓ પોતાની હાજતો માટે હુઝૂર ﷺ નામે પાકના વસીલાથી દુઆ કરતા અને સફળતા મેળવતા હતા, **અને કામયાબ થતા હતા અને આ પ્રમાણે દુઆ કર્યા** કરતા હતા :

بِالظّٰلِمِيْنَ ﴿٩٥﴾ وَلَتَجِدَنَّهُمْ اَحْرَصَ النَّاسِ عَلٰى حَيٰوةٍ ۚ وَمِنَ الَّذِيْنَ اَشْرَكُوْا ۚ يَوَدُّ اَحَدُهُمْ لَوْ يُعَمَّرُ اَلْفَ سَنَةٍ ۚ وَمَا هُوَ بِمُزَحْزِحِهٖ مِنَ الْعَذَابِ اَنْ يُّعَمَّرَ ؕ وَاللّٰهُ بَصِيْرٌۢ بِمَا يَعْمَلُوْنَ ﴿٩٦﴾

**اَللّٰهُمَّ افْتَحْ عَلَيْنَا وَ انْصُرْ نَا با النَّبِيِّ الْاُمِّيِّ** અય રબ ! અમને તારા નબીએ ઉમ્મીના સદકામાં વિજય આપ.

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે અલ્લાહના મકબૂલ બન્દાઓના વસીલાથી દુઆ કબૂલ થાય છે, એ પણ જાણવા મળ્યું કે હુઝૂરની પહેલાં હુઝૂરના આગમનની ખબર થએલી હતી, તે સમયે પણ હુઝૂ- રના વસીલાથી લોકોની હાજતો પૂરી થતી હતી.

૧૫૧. આ ઇન્કાર ઇર્ષા, અદેખાઇ અને સરદા- રીના પ્રેમની ખાતર હતો.

૧૫૨. અર્થાત આદમીએ પોતાની જાન છોડા- વવા તે જ કાર્ય કરવું જોઇએ જેનાથી છૂટવાની આશા હોય, યહૂદીઓએ એવો ખરાબ સોદો કર્યો કે અલ્લા- હના નબી અને તેની કિતાબના મુન્કિર બની બેઠા.

૧૫૩. યહૂદીઓની અભિલાષા હતી કે ખત્મે રિસાલતનો મરતબો તેમનામાંથી કોઇને મળતો, જ્યારે તેઓ મેહરૂમ રહ્યા અને બની ઇસ્માઇલ પર આ મહે- રબાની થઇ ત્યારે અદેખાઇ અને ઇર્ષાના માર્યા મુન્કિર બની ગયા.

**મસઅલો** : એનાથી જાણવા મળ્યું કે હસદ અને ઇર્ષા હરામ અને મેહરૂમીનું કારણ બને છે.

૧૫૪. એટલે કે પ્રકાર પ્રકારના ગઝબને પાત્ર ઠર્યા.

૧૫૫. એનાથી જાણવા મળ્યું કે બેઇજજતીવાળો અઝાબ ખાસ કાફિરો માટે છે, મોમિનોને ગુનાહના કારણે અઝાબ થશે તો પણ બેઇજજતી સાથે નહીં થાય, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું, **وَلِلّٰهِ الْعِزَّةُ وَلِرَسُوْلِهٖ وَلِلْمُؤْمِنِيْنَ**

૧૫૬. આથી કુરઆને પાક અને તમામ તે કિતાબો અને સહીફા મુરાદ છે જે અલ્લાહે ઉતારી,

એટલે કે બધા પર ઇમાન લાવો.

૧૫૭. આનાથી તેઓનો મતલબ તવરાત હતો.

૧૫૮. એટલે કે તવરાત પર ઇમાન લાવ્યાનો દાવો જૂઠો છે. કારણ કે કુરઆને પાક જે તવરાતની સત્યતા જાહેર કરે છે તેનો ઇન્કાર એ તવરાતનો ઇન્કાર થઇ ગયો.

૧૫૯. આમાં એમની વાતને જૂઠી સાબિત કરવામાં આવી છે કે તવરાત પર ઇમાન ધરાવતા હોત તો અમ્બિયા અલયહિમુસ્સલામને શહીદ ન કરત.

૧૬૦. એટલે કે હઝરત મૂસા عليه السلام તૂર પર ગયા બાદ.

૧૬૧. આમાં પણ તેમની વાતનો રદીયો છે કે તમારો મૂસા عليه السلامની શરીઅતને માનવાનો દાવો ખોટો છે, જો તમે માનતા હોત તો મૂસા عليه السلامના અસા અને યદેબયઝા વિગેરેની ખુલ્લી નિશાનીઓ જોયા પછી વાછરડાની પૂજા ન કરત.

૧૬૨. તવરાતના હુકમો પર અમલ કરવાનો.

૧૬૩. આમાં પણ તેમના ઇમાનના દાવાને ખોટો સાબિત કરવામાં આવ્યો છે.

૧૬૪. યહૂદીઓના જૂઠા દાવાઓ પૈકીમાંનો એક દાવો એ હતો કે જન્નત ખાસ તેમના માટે જ છે, તેનો રદીયો આપવામાં આવે છે કે તમારા ખ્યાલ મુજબ જો જન્નત ખાસ તમારા જ માટે હોય અને આખેરત માટે તમે નચિંત હોય, આમાલની આવશ્યકતા ન હોય તો જન્નતની નેઅમતોને બદલે દુનિયાની મુસીબતો શા માટે વેઠો છો? મોતની ઇચ્છા કરો કારણ કે તમારા દાવા મુજબ એનાથી તમને રાહત મળશે, (કે મર્યા વગર જન્નતમાં જવાશે નહીં) જો તમે મરવાની ઇચ્છા નહીં કરો તો એ તમારા જૂઠા હોવાની દલીલ બનશે, હદીષ શરીફમાં છે કે જો તેઓ આ સમયે મરવાની ઇચ્છા કરત તો બધાનો નાશ થઇ જાત અને આખી પૃથ્વી પર કોઇ યહૂદી બાકી ન રહેત.

૧૬૫. આ ગયબની ખબર અને મુઅજિઝો છે કે યહૂદીઓ ખૂબ જ જીદ અને સખ્ત વિરોધમાં હોવા છતાં મોતની ઇચ્છા દર્શાવતો કોઇ શબ્દ ન બોલી શક્યા.

૧૬૬. દા.ત. નબીએ આખિરૂઝઝમાં ﷺ અને કુરઆન સાથે કુફ્ર અને તવરાતમાં કરેલા ફેરફાર વિગેરે.

**મસઅલો** : મોતની મોહબ્બત અને પોતાના પરવરદિગારની મુલાકાતનો શોખ અલ્લાહના મકબૂલ બન્દાઓનો તરીકો છે. હઝરત ઉમર رضی اللہ عنہ દરેક નમાઝ પછી આ મુજબ દુઆ માંગતા હતા, ''અય રબ! મને તારી રાહમાં શહાદત અને તારા હબીબના શહેરમાં મરણ નસીબ કર!'' સામાન્ય રીતે બધા જ મોટા મોટા સહાબા અને ખાસ કરીને બદર અને ઉહદમાં શહીદ થએલા સહાબા અને 'બયઅતે રિદ્વાન' વાળા સહાબા અલ્લાહના માર્ગમાં મોતની મોહબ્બત ધરાવતા હતા. હઝરત સઅદ બિન વક્કાસ رضی اللہ عنہએ કુફ્ફારના સરસેનાપતિ રૂસ્તમ બિન ફર્ખઝાદને જે પત્ર લખ્યો હતો તેમાં લખ્યું હતું 'મારા સાથીઓ મોતને એવું પ્રિય સમજે છે જેટલું અજમી લોકો શરાબને પ્રિય સમજે છે.'

શરાબની અપૂર્ણ મસ્તીનો દુનિયાની મહોબ્બતના દીવાના પ્રિય સમજે છે અને અલ્લાહવાળાઓ મોતને હકીકી મહબૂબની મુલાકાતનું સાધન જાણીને પ્રિય સમજે છે, મતલબ કે ઇમાનવાળાઓ આખેરતનો શોખ ધરાવે છે, અને જો તેઓ લાંબા જીવનની ઇચ્છા પણ દર્શાવે તો એ એટલા માટે હોય છે કે નેકીઓ કરવા માટે થોડો વધુ સમય મળી રહે, જેના વડે આખેરતમાં મોટી નેકીઓનો ભંડાર થોડો વધુ ભેગો કરી શકાય, અને જો પાછળની જિંદગીમાં કંઇ ગુનાહ થયા હોય તો તેની તવબહ ઇસ્તિગફાર કરવાનો મોકો મળે.

**મસઅલો** : સહીહ હદીષમાં છે કે કોઇ દુનિયાની મુસીબતથી પરેશાન થઇને મોતની ઇચ્છા ન કરે, વાસ્તવમાં દુનિયાની પરેશાનીઓથી ગભરાઇને મોતની દુઆ કરવી સબ્ર - રઝા - તવક્કલના વિરૂદ્ધ છે. અને નાજાઇઝ છે.

૧૬૭. મુશ્રિકોમાંનો એક ફિર્કો મજૂસી (અગ્નિ પૂજકો) છે. અંદર અંદર સલામ વખતે કહે છે ''હજાર વરસ જીવો'' મતલબ એ છે કે મજૂસી મુશ્રિકો હજાર વરસ જીવવાની ઇચ્છા ધરાવે છે, યહૂદીઓ એમને પણ વધી ગયા કે દુનિયવી જીવનની લાલચ સહુથી વધુ છે.

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફતી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

**હદીષ** : હઝરત મરવાન અસ્ફરથી રિવાયત છે[૧]. ફર્માવે છે, મેં હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہما ને જોયા કે તેમણે પોતાની સવારી કિ઼બ્લા રૂખ બેસાડી પછી બેસીને એની તરફ પેશાબ કરવા લાગ્યા[૨]. મેં કહ્યું, હે અબૂ અબ્દુર્રહમાન ! શું આની મનાઈ નથી ?[૩] ફર્માવ્યું કે એનાથી જંગલમાં મના કરવામાં આવ્યું છે, પણ જ્યારે તમારા અને કિ઼બ્લાની વચ્ચે કોઈ ચીજ આડ કરે તો કાંઈ વાંધો નથી[૪]. (અબૂ દાઊદ)

હઝરત અનસ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે નબી صلی اللہ علیہ وسلم જ્યારે પાખાના (જાજરૂ)થી નીકળતા તો ફર્માવતા اَلْحَمْدُ لِلّٰهِ الَّذِیْ اَذْهَبَ عَنِّی الْاَذٰی وَعَافَانِیْ શુક્ર છે તે અલ્લાહનો જેણે મારાથી તકલીફદાયક ચીજ દૂર કરી અને મને રાહત આપી.''[૫] (ઈબ્ને માજહ)

હઝરત ઈબ્ને મસ્ઊદ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે જ્યારે જિન્નાતનું પ્રતિનિધિમંડળ હુઝૂર صلی اللہ علیہ وسلمની સેવામાં હાજર થયું[૬] તો અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم તમારી ઉમ્મતને મના ફર્માવી દો કે હાડકુ, ગોબર અથવા કોલસા વડે ઈસ્તિન્જો ન કરે કેમ કે એમાં અલ્લાહે અમારી રોજી કરી છે. ત્યારે અમને એનાથી રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ મના ફર્માવી આપ્યું[૭]. (અબૂ દાઊદ)

**મિસ્વાક[૮]નું બયાન :** (પ્રથમ વિભાગ) હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, જો એવું ન હોત કે મારી ઉમ્મત પર મુશ્કેલી ઉભી કરું તો તેમને ઈશામાં મોડુ કરવાનો અને દરેક નમાઝના વખતે મિસ્વાક કરવાનો હુકમ આપતો[૯]. (મુસ્લિમ, બુખારી)

શરીહ ઈબ્ને હાનીથી[૧૦] રિવાયત છે, ફર્માવે છે કે નબી કરીમ صلی اللہ علیہ وسلم જ્યારે તહજ્જુદના માટે રાતમાં ઉઠતા તો પોતાનું મોં શરીફ મિસ્વાકથી ઘસતા[૧૨]. (બુખારી, મુસ્લિમ)

## -:: સ....મ....જૂ....તી.... ::-

**૧.** આપ આઈશા સિદીકા رضی اللہ عنہاના ગુલામ છે. તાબઈ છે. આપના થકી એકાદ બે હદીષો રિવાયત થયેલી છે.

**૨.** જાહેર એ છે કે આ બનાવ જંગલનો છે જેવું કે જવાબથી જણાય રહ્યું છે. તેમજ જંગલમાં જ સવારી પર બેસવામાં આવે છે.

**૩.** આ સવાલથી માલૂમ પડે છે કે આમ સહાબા તથા તાબઈનમાં એ જ મશહૂર હતું કે કિ઼બ્લા તરફ પેશાબ જાજરૂ કરવું મના છે, ત્યારે તો એ તાબઈને હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہના આ કાર્ય પર આશ્ચર્ય થયું. જેથી આ હદીષ ઈમામે આ'ઝમની દલીલ છે.

**૪.** આ હઝરત ઈબ્ને ઉમર رضی اللہ عنہનો ઈજતેહાદી ફત્વો છે. આ જંગલ તથા વસ્તીનો તફાવત મરફૂઅ હદીષમાં નથી. અને આ ફત્વાનું કારણ એ છે કે જે આ પ્રકરણમાં અગાઉ વર્ણન થઈ ચૂકેલ છે. ત્યાં જ સંપૂર્ણ ચર્ચા કરવામાં આવી ચૂકી છે.

**૫.** અહીં બે નેઅમતો પર ખુદાનો શુક્ર છે, તકલીફદાયક ચીજ એટલે મળનું નીકળી જવું અને રાહત મળવી. એ રીતે કે એની સાથે આંતરડાં બહાર ન આવી ગયાં. આ વાત મામૂલી જણાય છે પણ વિચારણા કરો તો મહાન શાનવાળી નેઅમત છે.

**૬.** પોતાના તથા પોતાની કૌમના તરફથી ઈમાન

લાવવાના માટે. જિન્નાતના ઈમાનનો બનાવ કેટલીયેવાર બનેલો છે એમાંથી એક મોક઼ા પર હઝરત ઈબ્ને મસઊદ رضی اللہ عنہ હુઝૂરની સાથે હતા એ વખતે આ હુકમ ફર્માવવામાં આવ્યો.

૭. પહેલાં કહેવામાં આવી ચૂક્યું છે કે કોલસા તથા હાડકાં જિન્નાતનો ખોરાક છે અને ગોબર તેમના જાનવરોનો. જેથી હદીષ પર વાંધો નથી કે મો'મિન જિન ગંદુ ગોબર કેમ ખાય છે ! અને ન એ વાંધો કે જ્યારે તેઓ ગંદુ ગોબર ખાય લે છે તો તેમણે માણસની ગંદકી પણ ખાય લેવી જોઈએ, કેમ કે એમના જાનવરનો ખોરાક આ ગંદકી નથી.

૮. મિસ્વાક તથા સવાક મસૂકથી બનેલ છે જેનો અર્થ ઘસવું છે. મિસ્વાક એટલે દાંતોને ઘસવાનુ સાધન. શરીઅતમાં મિસ્વાક તે લાકડી છે જેના વડે દાંત સાફ કરવામાં આવે છે. સુન્નત એ છે કે એ કોઈ ફળ ફૂલવાળા ઝાડની ન હોય, કડવા ઝાડની હોય. જાડાઈ ટચલી આંગળી બરાબર હોય અને લંબાઈ એક વેંતથી વધુ ન હોય. દાંતોની પહોળાઈમાં કરવામાં આવે ન કે લંબાઈમાં. દાંત વિનાના પુરૂષો સ્ત્રીઓ આંગળી ફેરવી લીધા કરે. મિસ્વાક આટલી જગાએ સુન્નત છે : વુઝૂમાં, કુર્આન શરીફ પઢતી વખતે, દાંત પીળા થવા પર, ભૂખ અથવા મોડે સુધી ચૂપકીદી અથવા અનિદ્રાના કારણે મોઢાથી બૂ આવવા પર. હનીફઓ (અહનાફ)ને ત્યાં વુઝૂમાં સુન્નત છે ન કે નમાઝની, જેથી બાવુઝૂ માણસ નમાઝના માટે મિસ્વાક ન કરે. ઈમામ શાફઈને ત્યાં નમાઝની સુન્નત છે, ન કે વુઝૂની સુન્નત, અને કારણ જાહેર છે કે તેમને ત્યાં લોહી વુઝૂ નથી તોડતુ જેથી મિસ્વાકના કારણે જો દાંતમાં લોહી નીકળી પણ આવે તો નમાઝ દુરુસ્ત થઈ ગઈ. પરંતુ આપણે ત્યાં વહેતુ લોહી વુઝૂ તોડી નાખે છે. *(આટલા સંગીન મતભેદો ઈમામો વચ્ચે હતા પણ છતાંય તેમના વચ્ચે અદાવત ન હતી ! આ વાતોથી વર્તમાનકાળના ભાઈઓ જે આપસમાં મસ્અલાના મતભેદોના કારણે દુશ્મનની જેમ ઝઘડી રહ્યા છે તેઓ કાંઈ વિચારશે ?! –તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

૯. એટલે કે એમના પર ફર્ઝ કરી આપત કે ઈશાની નમાઝ ૧/૩ (ત્રીજા ભાગની) રાતે પઢે અને દરેક નમાઝના માટે (અલગ) વુઝૂ કરે. એનાથી જાણવા મળ્યું કે હુઝૂર ﷺ અલ્લાહના હુકમથી અહકામ (હુકમો)ના માલિક છે, જેને ચાહે ફર્ઝ કરે જેને ચાહે હરામ. કેમ કે ફર્માવે છે કે, "હું ફર્ઝ કરી આપત." યાદ રાખશો કે આ હદીષ ઈમામ શાફઈની નજીક તેના જાહેર પર છે પણ આપણે ત્યાં દરેક નમાઝથી મુરાદ એનું વુઝૂ છે, એટલે કે વુઝૂ છૂપુ છે કેમ કે ઈબ્ને ખુઝૈમા, હાકિમે બુખારી શરીફના કિતાબુસ્સૌમમાં આ જ અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી આ જ હદીષ રિવાયત કરી પણ એમાં સલાતને બદલે عِنْدَ كُلِّ وُضُوْءٍ છે, અને અહમદ વગેરેની રિવાયતમાં છે : عِنْدَ كُلِّ طُهُوْرٍ એ હદીષો આની તફસીર છે. યાદ રાખશો કે વુઝૂમાં મિસ્વાકની અધિક્તર તાકીદ છે, નહીં તો વુઝૂના ઉપરાંત અન્ય પાંચ જગાએ પણ મિસ્વાક સુન્નત છે, જેવું કે વર્ણવવામાં આવ્યું. ઈમામ અહમદની રિવાયતમાં છે કે મિસ્વાકવાળી નમાઝ વિના મિસ્વાકવાળી નમાઝ કરતાં સિત્તેરગણી અફઝલ છે.

૧૦. સહીહ એ છે કે હઝરત શરીહ મુજતહિદ તાબઈનમાંથી છે અને આપના પિતા હાની ઈબ્ને યઝીદ સહાબી છે. હઝરત શરીહ હુઝૂર ﷺના જમાનામાં પેદા થઈ ચૂક્યા હતા. હુઝૂરે હાનીને પૂછયું કે તમારાં કેટલાં બાળકો છે ? અર્ઝ કરી, ત્રણ ! શરીહ, અબ્દુલ્લાહ અને મુસ્લિમ. ફર્માવ્યું, તમારી કુન્નિયત અબૂ શરીહ છે. આપ સૈયદના અલી મુર્તઝા رضی اللہ عنہના ખાસ સાથી છે, બલ્કે આપના કાઝી રહ્યા છે. જંગે જુમલ તથા સિફ્ફીનમાં આપની સાથે હતા. હિ.સ. ૭૮માં શહીદ કરવામાં આવ્યા.

૧૧. જાણવા મળ્યું કે મિસ્વાક વુઝૂ સિવાય પણ કરવી જોઈએ. મિર્કાત વગેરેમાં છે કે **મિસ્વાકના સિત્તેર ફાયદા છે જેમાંથી એક એ છે કે એનાથી મરતી વખતે કલમો નસીબ થાય છે.** એ બેકટેરિયાથી મેહફૂઝ રાખે છે, મોઢાની ગંદકી દૂર કરે છે, દાંતોને તથા પેટને મજબૂત કરે છે, આંખોમાં રોશની આપે છે. જુઓ શામી વગેરે. અને **અફીણમાં સિત્તેર બુરાઈઓ છે** જેમાંથી એક એ કે છે કે **એનાથી ખાત્માની ખરાબીનો અંદેશો છે.**

૧૨. એટલે કે વુઝૂ બલ્કે ઈસ્તિંજાથી પણ પહેલાં, પછી વુઝૂમાં એના ઉપરાંત, કેમ કે મિસ્વાક જાગૃત થવાની પણ સુન્નત છે અને વુઝૂની પણ સુન્નત છે.

અલ્લાહના મુબારક નામોની ફઝીલત તથા બરકત

# અસ્માઉલ હુસ્ના


લેખક : **મૌલાના ઈફતેખાર અહમદ ક઼ાદરી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*

અનુવાદક : **મૌલાના મુહમ્મદતૌસીફ હલદરવી**

*(દારુલ ઉલૂમ ક઼ાદરિયા ગરીબનવાઝ, લેડી સ્મિથ, સા. આફ્રિકા)*


## અલ્ ગફ્ફાર اَلغَفَّارُ

**(ઘણો જ બખ્શવાવાળો)**

**સમજૂતી** : આ મુબારક નામનો મતલબ એ છે કે તે પર્દાપોશી કરવાવાળો છે, તે જ છે જેણે ઈન્સાનના હુસ્નો જમાલને જાહેર ફર્માવ્યું, તેના ઐબો તથા ગુનાહો પર પર્દો ફર્માવ્યો, તેની **પહેલી** પર્દાપોશી એ છે કે ઈન્સાનના તે અંગો જેને ખોલવું ઐબની વાત છે તેને પર્દામાં રાખ્યાં અને ઈન્સાનના બાહ્ય હુસ્નો જમાલથી તે હિસ્સાઓને છુપાવ્યા. કોઈ પણ જોઈ શકે છે કે ઈન્સાનનું જાહેરી જિસ્મ કેટલુ સાફ સુથરુ અને ખૂબસૂરત છે, બીજી બાજુ તેની અંદરમાં કેવી કેવી ગંદકીઓ ભરેલી છે. વિચારવાની વાત તો એ છે કે જેને તેણે જાહેર રાખ્યું તે હક઼ીક઼તમાં જાહેર કરવાને લાયક છે અને જેને તેણે છુપાવી રાખ્યું તે છુપાવવાને લાયક છે. તેની આ પર્દાપોશી કેટલી હકિમાના છે ! **બીજી** પર્દાપોશી એ છે કે દિલમાં ન જાણે કેવા કેવા ખયાલો તથા ઈરાદાઓ છે, એટલા માટે અલ્લાહે દિલ પર પર્દો નાખ્યો કે કોઈ તેના રાઝથી વાકેફ ન થઈ શકે. જો દિલના ઈરાદાઓ તમામ મખ્લૂક઼ પર જાહેર થઈ જાય, જેમ કે ખયાનત, બદગુમાની, ફરેબ તથા ધોકો, તો લોકો અંદરોઅંદર નફરત તથા દુશ્મની કરવા લાગે, એટલે સુધી કે તેને હલાક કરવાની કોશિશ પણ કરવા લાગે, પરંતુ ગફ્ફારે તેના પર પર્દો નાખ્યો. તેની આ પર્દાપોશી કેટલી અઝીમ છે. ! **ત્રીજી** પર્દાપોશી એ છે કે તે ગફ્ફારે બંદાઓના એવા ઘણા ગુનાહો પર પર્દો નાખ્યો કે જો તે ગુનાહ મખ્લૂક઼ પર જાહેર થઈ જાય તો તે બદ્નામ થઈને રહી જાય.

ઈમામ બયહક઼ીએ હલીમીથી તેનો મતલબ આ પ્રમાણે નક્લ ફર્માવ્યો કે તે ઘણી જ સતરપોશી ફર્માવનાર (અયબો ઢાંકનાર) છે. દુનિયામાં તે ગુનાહોને જાહેર નથી થવા દેતો. હદ તો એ છે કે તે આખેરતમાં પણ બંદાઓના ગુનાહોને ખોલવા નહીં દે. *(અલઅસ્મા વસ્સિફાત, પેજ–૭૬)*

**દર્સ તથા સબક઼ : اَلغَفَّارُ 'અલ્ ગફ્ફાર'** આ મુબારક નામથી સબક઼ મળે છે કે માણસ જેવી રીતે પોતાના ઐબો તથા કમીઓ પર પર્દો ચાહે છે તેવી જ રીતે બીજાના ઐબોને પણ છુપાવે. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે **જે મોમિને પોતાના મોમિન ભાઈના ઐબો છુપાવ્યા અલ્લાહ ક઼યામતના દિવસે તેના ઐબો છુપાવશે.** ગીબત તથા જાસૂસી કરવાવાળા આ ગુણથી ઘણા દૂર છે.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ફઝીલત એ છે કે જે માણસ જુમ્આના દિવસે જુમ્આની નમાઝ બાદ ૧૦૦ વાર **'અલ્ ગફ્ફાર'** પઢશે તેની મગફેરત તથા બખ્શિશના સંકેતો જાહેર થશે.

## અલ્ ક઼હ્હાર اَلقَهَّارُ

**(દરેક પર ગલ્બો રાખનાર)**

**સમજૂતી** : અલ્લામા હલીમીએ ફર્માવ્યું, ક઼હ્હાર તે છે જે બીજાઓ પર ગલ્બો તથા વર્ચસ્વ હાંસલ કરે

છે. તેના પર કોઈ કદીયે ગાલિબ (સવાર) ન થઈ શકે. ખિતાબીએ ફર્માવ્યું, તે કહ્હાર જેણે મોટા મોટા મુતકબ્બિરો પર પોતાના કહેરની વીજળી ફેંકી તથા તમામ મખ્લૂકને મૌત આપીને પોતાના કહેરને જાહેર ફર્માવ્યો. *(અલઅસ્મા વસ્સિફાત, પેજ–૮૨)*

તે ઝાત જેણે પોતાના મોટા મોટા બેઈન્સાફ દુશ્મન બાદશાહોની કેડો તોડી નાખી, તેમને રુસ્વાએ જમાના કરી તબાહો બર્બાદ કરી દીધા. બલ્કે એવું કહેવામાં આવે કે દરેક મખ્લૂક તેના કહેર તથા તેની કુદરતના હેઠળમાં મજબૂર તથા આજિઝ છે.

**દર્સ તથા સબક઼** : બંદાઓમાં કહ્હાર તે કહેવાશે જે પોતાના દુશ્મનોને પગો નીચે કચડી નાખે. અને ઈન્સાનનો સૌથી મોટો દુશ્મન તેનું નફ્સ છે, આ નફ્સ શયતાનથી પણ મોટો દુશ્મન છે કેમ કે શયતાન તેના તાબે છે. તો જ્યારે માણસ પોતાની નફ્સાની ખ્વાહિશાત (મનેચ્છાઓ) પર કન્ટ્રોલ રાખશે તો એનો મતલબ એ કે તેણે શયતાન પર કાબૂ હાંસલ કરી લીધો.

**ફાયદાઓ તથા ખાસિયતો** : આ મુબારક નામની ખાસિયત એ છે કે તે દુનિયાની મહોબ્બત તથા ગૈરુલ્લાહની અઝમત દિલમાંથી કાઢી નાખે છે, નફ્સની કમજોરીની શિકાયત દૂર કરે છે. **જે શખ્સ તુલૂઅ આફતાબના સમયે તથા મધ્ય રાત્રે** **يَا جَبَّارُ يَا قَهَّارُ يَا ذَا الْبَطْشِ الشَّدِيْد** *(યા જબ્બારુ યા કહ્હારુ યા ઝલ્બત્શિશદીદ)* **નું વિર્દ ૧૦૦ વાર કરશે તો તેનો જાલિમ દુશ્મન તબાહ થશે**. સાથે આ શબ્દો પણ કહેવામાં આવે. **خُذْ حَقِّي مِمَّنْ ظَلَمَنِي وَ عَدَا عَلَيَّ** *(ખુઝ હક્કી મિમ્મન્ ઝલમની વ અદા અલૈય)* "હે અલ્લાહ ! મારો હક્ક઼ તેનાથી લઈ લે જેણે મારા પર જુલ્મ તથા જબરદસ્તી કરી."

અરબઈને ઈદરીસિયામાં છે કે નીચે જણાવેલ દુઆ

**يَا قَاهِرَ يَا ذَا الْبَطْشِ الشَّدِيْدِ أَنْتَ الَّذِي لَا يُطَاقُ انْتِقَامُهٗ**

*(યા કાહિર યા ઝલ્બતશિશ્શદીદિ અન્તલ્લઝી લા યુતાકુન્તિકામુહ)* જો ચીનીના પ્લેટ પર લખવામાં આવે તો મુશ્કેલીઓ આસાન થશે, અને જો જંગના ઝંડા પર લખવામાં આવે તો દુશ્મન મગ્લૂબ થશે.

## મુફ્તી નિઝામુદ્દીન જામિઆ અશ્રફિયાના પ્રિન્સિપાલ ચૂંટાયા

યુ.પી.ની મહાન મર્કઝી દર્સગાહ "અલ્ જામિઅતુલ અશ્રફિયા–મુબારકપુર" જિ. આઝમગઢના સદર મુદર્રિસ હઝરત મુફ્તી નિઝામુદ્દીન રઝવી બરકાતી મિસ્બાહીને એકમતિએ ચૂંટી કાઢવામાં આવ્યા છે. યાદ રાખશો કે અલ્લામા અલ્હાજ મુહમ્મદ અહમદ મિસ્બાહીની મુલાઝમતની મુદ્દત પૂરી થઈ ગઈ હોવાથી આપ ગયા મહિને રિટાયર્ડ થઈ ગયા છે. અશ્રફિયાના જિમ્મેદારોની ગુઝરિશ પર મિસ્બાહી સાહબ પોતાની તદરીસી તથા તસ્નીફી ખિદમત ચાલુ રાખશે. મુફ્તી સાહબને અશ્રફિયાના પ્રિન્સિપાલ બનાવવા પર ઈસ્લામિક અકેડેમીના સદર મુફ્તી મુહમ્મદ સાદિક઼ મિસ્બાહી, નાઝિમે આ'લા મૌલાના નૂર મુહમ્મદ જામઈ, મિલ્લત કમિટી રજી. ના મેનેજર મૌલાના તસવ્વુર હુસૈન મિસ્બાહી, તન્ઝીમે અબ્નાએ અશ્રફિયહ મહારાજગંજના નાયબ સરપરસ્ત મૌલાના અલ્હાજ મુહમ્મદ મુઈનુદ્દીન કાદરી મિસ્બાહી વગેરે અનેક કમિટીઓના ઉલમાએ જામિઆના સરબરાહે આ'લાને તથા મુફ્તી સાહબને મુબારક પેશ કરી હતી. અમો પણ "સુન્ની દા'વતે ઈસ્લામી" (ગુજરાત ઝોન) તરફથી તેમજ સમગ્ર ગુજરાતના સુન્નીઓ વતી મુફ્તીસાહબને મુબારકબાદ પેશ કરીએ છીએ. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

# દલીલુલ આરિફીન



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

***(મજલિસ : ૧૧)***

(***દલીલુલ આરિફીન*** *: મલ્ફૂઝાતે ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ*)

(**સંપાદક** : *હઝરત કુત્બુદ્દીન બખ્તિયારકાકી رحمۃ اللہ علیہ*)

### આરિફોનો તવક્કુલ

બુધના દિવસે કદમબોસીની દૌલત નસીબ થઈ. મૌલાના બહાઉદ્દીન, સાહિબે તફસીરે શયખ, ઓહદ કિર્માની તથા અમુક દરવેશ સેવામાં હાજર હતા. આરિફોના તવક્કુલના બારામાં વાત શરૂ થઈ. ઝબાન મુબારકથી (ખ્વાજા ગરીબ નવાઝે) ફર્માવ્યું, આરિફોનો તવક્કુલ એ છે કે એમનો તવક્કુલ ખુદા સિવાય કોઈના પર ન હોય, અને ન કોઈ ચીજની તરફ ધ્યાન કરે.

પછી ફર્માવ્યું કે મુતવક્કિલ (તવક્કુલવાળો) હકીકતમાં તે છે જે મખ્લૂકની મદદ તથા તકલીફની ચર્ચા તથા શિકાયત ન કરે.

પછી ફર્માવ્યું કે હઝરત જિબ્રઈલ علیہ السلام એ હઝરત ઈબ્રાહીમ ખલીલુલ્લાહ علیہ السلام ને કહ્યું કે શું તમને કાંઈ જરૂરત છે ? ફર્માવ્યું, તારાથી નહીં ! એટલા માટે કે આપ પોતાના નફસથી ગાયબ હતા પરંતુ અલ્લાહ તઆલાથી બાતિની હુઝૂરી હાંસલ હતી.

ત્યારબાદ ફર્માવ્યું કે તવક્કુલવાળાઓ પર તજલ્લિયાતે શૌકમાં એક એવો વખત આવે છે કે જો એ વખતે એમને રજકણ રજકણ કરી દેવામાં આવે અથવા તલ્વાર વડે ઝખ્મી કરવામાં આવે અથવા કોઈ અન્ય રીતે રંજ તથા તકલીફ પહોંચાડવામાં આવે તો તેમને સદંતર ખબર નથી પડતી.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફને તવક્કુલ હક્ક તઆલા પર એ પ્રકારનો હોય છે કે તે આલમે સુકરમાં આશ્ચર્યમય રહે છે. ત્યારબાદ ફર્માવ્યું કે ખ્વાજા જુનૈદ رحمۃ اللہ علیہ ને પૂછવામાં આવ્યું કે આરિફ કોણ છે ? ફર્માવ્યું, જે ત્રણ ચીજો ઈલ્મ, અમલ અને મખ્લૂકથી તઅલ્લુક કટ રાખે, કે જ્યારે આદમના અસાનો અવાજ આવ્યો તો સોના ચાંદીના સિવાય બાકીની સર્વ ચીજો આદમ علیہ السلام ની હાલત પર રડી. અલ્લાહ તઆલાએ પૂછયું કે તમે કેમ ન રડયાં ? અર્ઝ કરી, જે તારો નાફર્માબરદાર છે એની હાલત પર અમે રડીશું નહીં. અલ્લાહ તઆલાએ ફર્માવ્યું કે મને ઈજ્જત તથા જલાલની કસમ ! કે તમારી કિંમત અને જે કાંઈ તમારામાં છે એમના પર જાહેર કરીશ અને એના ફરઝંદોને તમારો ખાદિમ બનાવીશ.

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે મુહિબ્બ માલિકીનો દાવો કરે તો મહોબ્બતના દરજાથી પડી જાય છે. એકવાર ખ્વાજા જુનૈદ બગદાદી رحمۃ اللہ علیہ ને પૂછવામાં આવ્યું કે મહોબ્બતની રઝા શું છે ? ફર્માવ્યું, જો સાતેવ દોઝખ તેની અઝમત તથા ભયાનક્તા સાથે તેમના જમણા હાથમાં રાખી દેવામાં આવે તો એવું ન કહે કે

ડાબા હાથ પર રાખી દો.

ત્યારબાદ ફર્માવ્યું કે સૌ પ્રથમ માણસો પર ફર્ઝ થઈ તે મઅરેફત હતી.

**وَمَا خَلَقْتُ الْجِنَّ وَالْاِنْسَ اِلَّا لِيَعْبُدُوْنِ "જિન્નો તથા માનવોને ઈબાદતને માટે પેદા કર્યા છે."** *(પારા : ૨૭, આ. ૫૬)*

પછી ફર્માવ્યું કે અલ્લાહ તઆલાએ અમુક ચીજોને અમુક ચીજોમાં છુપી રાખી છે. ત્યારબાદ ફર્માવ્યું કે, "અસ્રારે અવલિયા કી મહબ્બત"માં લખ્યું છે કે હક્ક તઆલા જ્યારે મુહિબ્બોને પોતાના અન્વાર ઝિંદા કરશે તો તેમને તે રૂયત (દીદાર) નસીબ થશે જે હુઝૂર ﷺને થઈ. કેમ કે હક્ક તઆલા ઝબાન, જાન, મકાન, દિશાથી પાક છે એટલા માટે આં હઝરત ﷺ હક્ક તઆલાની સિફતોથી મુતસ્સિફ થયા.

પછી ફર્માવ્યું, કયામતના દિવસે "આમન્ના વ સદ્દક્ના" આશિકોને સાચા મુહિબ્બ બનાવી આપશે. જો એ સવાલ કરવામાં આવે કે આશિકોમાંથી કોઈ આશિક મહોબ્બતનો દાવો કરે તો કરે પણ સાદિક (સાચો) તથા અડગ ન હોય તો તે શર્મિંદા થશે, અને પોતાનુ મોઢું મુહિબ્બોમાં દેખાડી શકશે નહીં, પછી અવાજ આવશે કે એ સાચો આશિક ન હતો ! એને આશિકોમાંથી કાઢી મૂકો.

પછી ફર્માવ્યું, મહોબ્બતવાળા તે લોકો છે જેઓ કેવળ દોસ્તની વાત સાંભળે છે. એટલે કે આશિકોનું દિલ કેવળ હક્ક તઆલાની વાત સાંભળે છે.

પછી ફર્માવ્યું કે જ્યારે મહોબ્બતવાળો મરી જાય છે તો તેને જલ્દી બખ્શી દેવામાં આવે છે. પછી ફર્માવ્યું, એક દરવેશને જંગલમાં જોયો કે મરી ગયેલ છે છતાં હસી રહ્યો છે ! કહ્યું, તું મરી ગયો છે છતાં હસે છે ?! કહ્યું, ખુદાની મહોબ્બતની એ જ મરજી હતી.

ત્યારબાદ ફર્માવ્યું, દિલ તે છે જે પોતાના હાલથી ફાની હોય અને દોસ્તના મુશાહિદામાં બાકી હોય. અલ્લાહ તઆલા તેના અમલો પર ગાલિબ (છવાયેલ) હોય અને એનો પોતે પોતાના પર કોઈ એતબાર ન હોય અને અર્શ સુધી તેને કરાર ન હોય.

ફર્માવ્યું, એક દિવસે માલિક બિન દિનાર رحمۃ اللہ علیہને પૂછવામાં આવ્યું કે અલ્લાહ તઆલાના દોસ્તની મુલાઝિમત કરવું કેવું છે ? ફર્માવ્યું, જે શખ્સ અલ્લાહ તઆલાના દોસ્તની મુલાઝિમત કરે છે તે જરૂર વાસિલ બની જાય છે.

## આરિફ કેવો હોય ?!

ત્યારબાદ ફર્માવ્યું કે રાબિઆ બસરી رضی اللہ عنہاને પૂછવામાં આવ્યું કે સૌથી શ્રેષ્ઠ અમલ કયો છે ? ફર્માવ્યું, પોતાના સમયોને ખુદાની યાદમાં પસાર કરવા. જે શખ્સ બુઝુર્ગીનો દાવો કરે અને તેનામાં મુરાદ (ખ્વાહિશો) જોવા મળે તો સમજો કે તે જૂઠો છે. મહોબ્બતના દાવામાં મર્દ તે શખ્સ છે જે પોતાની મુરાદથી દરગુઝર કરે અને હક્કની મુરાદને અપનાવે. ત્યારે તે અલ્લાહ તઆલાનો દોસ્ત (આરિફ) કહેવાને પાત્ર ઠરે છે. જો એ વખતે અલ્લાહ તઆલા તેને દોસ્ત કહે તો બંદગીનો જવાબ કહે. એટલા માટે કે અહલે મહબ્બતનું ન નામ હોય છે ન જવાબ ન રસમ.

પછી ફર્માવ્યું, મેં શયખુલ ઈસ્લામ ખ્વાજા ઉષ્માન હારૂની رحمۃ اللہ علیہની ઝબાનથી સાંભળ્યું કે અહલે ઈશ્ક દોસ્તના સિવાય ગૈરની તરફ ધ્યાન પણ નથી કરતા. એટલા માટે કે જે દોસ્ત વિના ખુશ થાય છે તો તેને દરેક પ્રકારના રંજો ગમ લાગુ થાય છે, દોસ્તની ખિદમતથી લગાવ નથી તેને સૌથી ભય જણાય છે. જે દોસ્ત દિલ નથી લગાડતો નકામાથી નકામો છે.

ત્યારબાદ ફર્માવ્યું કે આરિફ તે શખ્સ હોય છે જે સવારે ઉઠે તો રાતની બાબત તેને કાંઈ યાદ ન હોય.

ત્યારબાદ **ખ્વાજા સાહબે અશ્રુમય આંખે ફર્માવ્યું કે હે ગાફિલ ! એ સફરના માટે ભાથુ તૈયાર કર ! જે તારે કરવાની છે, એટલે મૌત !** પછી ફર્માવ્યું, અહલે મહબ્બતના તે ગિરોહ છે કે તેમના તથા રબના દરમ્યાન કોઈ પર્દો નથી. પછી ફર્માવ્યું,

મહોબ્બતમાં આરિફ તે શખ્સ છે જેને કોઈ ચીજ અજીબ ન લાગે. કેમ કે દાવાનો સ્વીકાર કેવળ એક ચીજમાં નથી થતો જ્યારે કે હાથ વડે આપવામાં આવે.

પછી ફર્માવ્યું કે સૌથી ઉમદા સમય તે છે જ્યારે દિલમાં કોઈ વસવસો તથા ખયાલ ન હોય. અને લોકોથી છૂટકારો હાંસલ હોય. પછી ફર્માવ્યું, **જેને મહોબ્બત આપવામાં આવી છે તેને ફક્રો (ગરીબી) તથા વહશત (ભય) આપવામાં આવેલ છે, જેથી કરીને દુનિયા પર આશિક઼ ન થઈ જાય.**

પછી ફર્માવ્યું, આરિફ કહે છે કે યક઼ીન નૂરની મંઝિલ છે જેનાથી ઈન્સાન મુનવ્વર થઈ જાય છે પછી મુહિબ્બો તથા મુત્તક઼ીઓના દરજે પહોંચી જાય છે.

ત્યારબાદ ફર્માવ્યું કે માણસનું મૂળ પાણી તથા માટીથી છે. જેના પર પાણી ગાલિબ છે જો તે લતીફ તથા રિયાઝતથી જમાલને જોવામાં ખૂદપસંદીથી કામ લે તો તે હેતુ હાંસલ કરી શક્તો નથી. અને જેના પર માટી ગાલિબ હોય તે સખ્તીના વખતે તે નેક જોવા મળે છે જેથી કોઈ કામના પાત્ર થઈ જાય.

પછી ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ વાદળ પેદા કરવા ચાહ્યું કે દરેક પ્રકારના રંગ હોય અને દરેક પ્રકારનો સ્વાદ. જ્યારે રંગોને મિલાવ્યા તો એનાથી પાણીનો રંગ બન્યો, અને જ્યારે સ્વાદોને મિલાવ્યા તો પાણી જેવો સ્વાદ થઈ ગયો. એને પીવાથી જિંદગી તો પામે છે પણ તેની લિજ્જતની ખબર નથી. દરેક ચીજ પાણીના સબબે જીવતી છે.

ત્યારબાદ એક દરવેશે જે સેવામાં હાજર હતા તેમણે પૂછયું, મજનૂં કોણ હતો ? ફર્માવ્યું, જે ઈશ્ક઼ના આરંભમાં નાચીઝ થઈ જાય, અને બીજા તથા ત્રીજા દરજામાં ગુમ થઈ જાય. પૂછયું, ફના તથા બક઼ા શું છે ? ફર્માવ્યું, બક઼ા એ બક઼ાએ હક્ક઼ છે અને ફના એ ફનાએ નફ્સ છે. પૂછયું, તજરીદ શું છે ? મહબૂબની સિફતોને દિમાગમાં બેસાડવી, (હદીષે કુદ્સી) ''જે મારાથી મહોબ્બત કરે છે હું તેના માટે કાન તથા આંખ બની જાઉં છું.''

પછી ફર્માવ્યું, મેં મુલ્તાનમાં એક બુઝુર્ગથી સાંભળ્યું કે **અહલે મહબ્બતની તૌબા ત્રણ પ્રકારની હોય છે : પ્રથમ નદામત (શરમાવું), બીજુ ગુનાહોને છોડી દેવું, ત્રીજુ પોતાની જાતને જુલ્મ તથા ઝઘડાથી પાક રાખવું.**

ત્યારબાદ ફર્માવ્યું કે ઈલ્મ એવી ચીજ છે જે મુહીત (ઘેરનાર) છે, મઅરેફત તેનો એક ભાગ છે. તો ખુદા ક્યાં અને બંદો ક્યાં ?! ઈલ્મ ખુદાને જ છે, મઅરેફત બંનેની.

પછી ફર્માવ્યું, જ્યાં સુધી આરિફના રહસ્યો ખાલિસ નથી હોતાં ત્યાં સુધી તેનો કોઈ ફેઅલ સાફ નથી હોતો. પછી ફર્માવ્યું, જેને તું દોસ્ત રાખીશ તેના માથા પર બલા વરસાવીશ. પછી ફર્માવ્યું, તૌબતુન્નુસૂર (સાચી તૌબા)માં ત્રણ વાત છે : પ્રથમ ઓછું ખાવું રોઝાના માટે, બીજુ ઓછું સૂવું ફર્માબરદારી માટે, ત્રીજુ ઓછુ બોલવું દુઆના માટે. પહેલાથી ખૌફ, બીજા અને ત્રીજાથી મહોબ્બત પેદા થાય છે. વળી ખૌફના હેઠળ ગુનાહ ત્યજવામાં આવે છે જેથી આગથી નજાત હાંસલ થાય. અને રિજાઅના હેઠળ ફર્માબરદારી કરે છે, જેથી બહિશ્તમાં મક઼ામ હાંસલ કરી શકે અને અબદી (હમેશાંની) જિંદગી હાંસલ કરી શકે છે. અને મહોબ્બતના હેઠળ ફિક્રોનો ઈજતેહાદ કરવું છે જેથી અલ્લાહની રઝા હાંસલ થાય. ફર્માવ્યું, મહોબ્બતમાં આરિફ તે છે જે ઝિક્ર સિવાય કોઈને પ્રિય ન રાખે.

જ્યારે ખ્વાજા સાહબ આ બયાન કરી ચૂક્યા તો અશ્રુમય આંખે ફર્માવ્યું કે હવે હું ત્યાંનો સફર કરું છું જ્યાં મારુ મદફન (ક઼બ્ર) હશે, એટલે અજમેર જાઉં છું. આ દિવસોમાં અજમેર હિંદુઓથી ભરપુર હતું અને મુસલમાન ત્યાં કાંઈક ખાસ પ્રગતિ પર ન હતા. જ્યારે ખ્વાજા સાહબનો મુક઼ામ મુબારક ત્યાં પહોંચ્યો તો એટલા પ્રમાણમાં ઈસ્લામ જાહેર થયો જેની કોઈ હદ નથી. اَلْحَمْدُ لِلّٰہِ عَلٰی ذٰلِكَ

# ગેલતફહમીઓ તથા તેની સુધારણા

✪ અઝ ✪
હઝરત મૌલાના તલ્હીર અહમદ બરેલ્વી
✪ અનુવાદક ✪
મુહમ્મદ બશીર યૂસુફ ગોડીલ-પોરબંદર
(B.Sc. M.Ed.)

## વિધવા સ્ત્રીઓની શાદીને ખરાબ સમજવું

વિધવા સ્ત્રી માટે ઈસ્લામમાં શાદી જાઈઝ છે, અને લોકોની બદ્તમીઝી, ખરાબ નજર અને ખરાબ વિચારો અને ખરાબ આચરણથી બચવાની નિય્યત હોય, તો નિઃશંકપણે અજરો સવાબનું નિમિત્ત પણ છે. અને શાદી કરવાથી વગર કારણે કોઈ સ્ત્રી પર લાનતાન કરવું, તેને સારું નરસું કહેવું અથવા વિધવા સ્ત્રીને મનહૂસ સમજવું આ બધાં ગુનાહનાં કામ છે.

વાસ્તવમાં આ અંગે બે પ્રકારના લોકો જોવા મળે છે. એક તો એવા લોકો કે જેઓ વિધવા સ્ત્રીઓની શાદીને "ફર્ઝે કતઈ" સમજે છે અને બળજબરીથી એમના નિકાહ કરાવે છે અને ન કરવાને હરામ સમજે છે. આ એવા લોકો છે જેઓ ગુમરાહ અને બદદીન થઈ ચૂકયા છે. બીજા એ લોકો છે જેઓ આ શાદીને ખરાબ સમજે છે અને શાદી કરવાવાળીને લાનતાન કરે છે, આ લોકો પણ સખત ગલતી પર છે. આજકાલના માહોલમાં ખરાબ કાર્યો કરવાવાળાઓ, વ્યભિચારીઓ, અય્યાશી કરવાવાળાઓ, હોટલો, કલબો, રંડીખાનાઓમાં અય્યાશી કરવાવાળા પુરૂષો અને સ્ત્રીઓની અધિક્તા હોવા છતાં તેમને કોઈ કાંઈ જ કહેતા નથી ! બલ્કે તેઓ નેતા, લીડર અને મોટા માણસો કહેવામાં આવે છે. અને કોઈ વિધવા સ્ત્રી શાદી કરે અથવા કોઈ આધેડ વયનો પુરૂષ શાદી કરે અથવા કોઈ પુરૂષ એકથી વધુ શાદી કરે તો તેને લોકો ખરાબ ગણે છે અને મલામત (લા'નત) કરે છે. આ બધી જ અજ્ઞાનતા અને ઈસ્લામથી દૂર રહેવાનાં પરિણામો છે. શરઈ શાદી જેટલી વધુ હોય એટલું સારું છે કારણ કે શાદી બદકારી (વ્યભિચાર)ને મિટાવે છે, ઝિનાકાર (વ્યભિચારી) અને ઝિનાકારોના રસ્તા બંધ કરે છે, આજકાલ લેવું દેવું, લાંબી લાંબી બરાતો, દહેજમાં વધારો અને રીતરિવાજોના વધારાને કારણે શાદીઓ મુશ્કેલ થઈ ગયેલ છે અને તેના કારણે ખરાબ કામો અને વ્યભિચાર વધી રહ્યા છે. શાદીને આસાન (સરળ) બનાવો જેથી કરીને ખરાબ કામ બંધ થાય.

## કુતૂબ સિતારાની તરફ પગ કરીને ન સૂવું

આ મસ્અલો લોકોમાં ખૂબ જ પ્રચલિત થઈ ગયેલ છે. અને ભારતમાં ઘણા લોકો આ માન્યતા ધરાવે છે કે "ઉત્તર દિશાની તરફ પગ લાંબા કરવાની મનાઈ છે" કેમ કે આ દિશામાં કુતૂબ (ધ્રુવનો તારો) છે. ત્યાં સુધી કે જો કોઈ શુમાલ અર્થાત : ઉત્તર દિશાની તરફ પગ લાંબા કરીને સૂએ અથવા લાંબો થાય તો તેને ધૃણાસ્પદ અને શરમજનક માને છે અને ઘરમાં પથારીઓ બિછાવવામાં આ વાતનો ખાસ ખયાલ રાખે છે કે સિરહાનું (માથા તરફનો ભાગ) પશ્ચિમ દિશા તરફ અથવા તો ઉત્તર દિશાની તરફ રહે.

શરઈ રીતે કિબ્લાની તરફ પગ ફેલાવવા (લાંબા કરવા) તો ચોક્કસ બેઅદબી અને મેહરૂમી છે. તેના સિવાયની બાકીની દિશાઓ ઈસ્લામમાં બરાબર છે. બીજી કોઈ દિશાને, કોઈ દિશા ઉપર શ્રેષ્ઠતા અને ફઝીલત નથી.

આ'લા હઝરત મૌલાના શાહ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ ઈર્શાદ ફર્માવે છે, "આ મસ્અલો જાહિલ લોકોમાં ઘણો જ પ્રચલિત છે." કુતૂબ અવામમાં એક સિતારાનું નામ છે, તો સિતારાઓ તો ચારેબાજુ છે, આથી કોઈ દિશા તરફ પગ ન લંબાવે ! *(ફતાવાએ રઝવિય્યહ, જિ-૧૦, ભાગ-ર, પ્રકાશિત : બિલાસપુર, પેજ-૧૫૮, અલ્મલ્ફૂઝ, જિ-ર, પેજ-૫૭)*

એટલે કે જો કુતૂબ સિતારાને કારણે ઉત્તર દિશા તરફ પગ લંબાવીને સૂવાની મનાઈ હોય, તો સિતારાઓ તો ચારેબાજુએ આવેલા છે આથી કોઈપણ બાજુએ પગ લંબાવવા જાઈઝ નહીં થાય.

આજકાલ લોકો આ રિવાજને મિટાવવા અને ગલત ફેહમી (ગેરસમજ) દૂર કરવા માટે પથારીઓની પાયતી (પગની જગા) ઉત્તર દિશા તરફ રાખે તો તેઓ સવાબના

હક્કદાર થશે અને તેઓને એક ખોટા રિવાજને મિટાવવાનો સવાબ મળશે. કેટલાક લોકો કહે છે કે મૈયતને ક઼બ્રમાં સૂવડાવતી વખતે તેનું માથુ કુતૂબ એટલે કે ઉત્તરની તરફ કેમ રાખવામાં આવે છે ? તો વાત એમ છે કે મૈયતનું માથુ ઉત્તરની તરફ કરવું અથવા ક઼બ્રમાં તેને જમણી બાજુ સૂવડાવવાનો અમલ એટલા માટે છે કે તેનો ચહેરો ક઼િબ્લાની તરફ થઈ જાય અને સૂવામાં કે લાંબા થવામાં ક઼િબ્લાની તરફ મોઢું રાખવાનો કોઈ હુકમ નથી અને સૂવાવાળો કે લેટવાવાળો એક જ બાજુ રહી શકતો પણ નથી તેથી તેનો ચહેરો ક઼િબ્લાની તરફ રહી શકતો નથી, તે કરવટો બદલ્યા કરે છે. મુદ્દામાં આ બધું નથી. અને સૂતી વખતે પણ જો કોઈ ક઼િબ્લાની તરફ ચેહરો કરી લે તો સારી નિય્યતને કારણે આ અમલ પણ સારો છે, પરંતું શરઅન જરૂરી નથી. અને જે લોકો ઉત્તરની તરફ પગ લંબાવીને સૂવાની મનાઈ કરે છે તેનો હેતુ તો કુતૂબની તા'ઝીમ કરવાનો હોય છે, ન કે ચેહરાને ક઼િબ્લાની તરફ કરવાનો. અને કુતૂબ સિતારાની તઅઝીમ કરવાનો હુકમ જો મઝહબે ઈસ્લામમાં કોઈ જગાએ આવ્યો હોય તો અમને પણ કોઈ વ્યક્તિ બતાવે અને લખી મોકલાવે.

## મુરીદ હોવું કેટલું જરૂરી છે ?

આજકાલ જે બયઅતનો રિવાજ છે તેને "બયઅતે તબર્રૂક" કહે છે, જે ન તો ફર્ઝ છે અને ન તો વાજિબ, અને ન તો એવો કોઈ શરઈ હુકમ છે કે જેના ન કરવાથી ગુનોહ થાય અથવા આખેરતમાં તેની પૂછપરછ થાય. હા ! જો કોઈ સળંગ સિલસિલાવાળો અને પીર માટેની જરૂરી શરતો ધરાવતો પીર મળી જાય તો તેના હાથમાં હાથ આપીને તેનો મુરીદ થવું એ ચોક્કસપણે એક મુસ્તહસન અને ખૈરો બરકતવાળો અને અગણિત દીની અને દુનિયવી ફાયદાઓવાળું કામ છે. પરંતું તેમ છતાં કોઈ વ્યક્તિ અક઼ાઈદ સાચા ધરાવતો હોય, બુઝુર્ગાને દીન અને ઓલમાએ કિરામથી મહોબ્બત રાખતો હોય અને કોઈ ખાસ પીરનો મુરીદ ન હોય, તો તેના માટે આ અક઼ાઈદ અને ઈમાનની સચ્ચાઈ, ઔલિયાએ કિરામ અને માનનીય ઓલમાએ કિરામથી મહોબ્બત જ કાફી છે. અને કોઈખાસ પીરનો મુરીદ ન હોવાને કારણે હરગિઝ તે કોઈ શરઈ ગુનેહગાર નથી. પરંતું આજકાલ દેહાતો અને ગામડાઓમાં કેટલાક જાહિલ અને શરીઅતથી દૂર એવા પીર આ પ્રોપેગન્ડા (અપ પ્રચાર) કરે છે કે "જે મુરીદ નહીં થાય તેને જન્નત મળશે નહીં." ત્યાં સુધી કે કેટલાક જાહિલ, ધંધાદારી મુક઼ર્રિર જેઓને તક઼રીર કરવાની તો ફુરસદ છે પરંતું કિતાબો વાંચવાનો સમય નથી, તેઓ જલ્સાઓમાં આ જાહિલ પીરોને ખુશ કરવા માટે ત્યાં સુધી કહે છે કે "જેનો કોઈ પીર નથી તેનો પીર શૈતાન છે." અને કેટલાક જાહિલ આ વાતને હુઝૂર ﷺનું ફર્માન બતાવે છે અને તેનાથી આજકાલની (ધંધાદારી) પીરી મુરીદી મુરાદ (અર્થઘટન) લે છે. પરંતું પહેલાં તો આ કોઈ હદીષ નથી. હા ! કેટલાક બુઝુર્ગોનું કથન છે કે "જેનો કોઈ શૈખ નથી તેનો શૈખ શયતાન છે." તો આ શૈખથી મુરાદ "મુર્શિદે આમ" છે ન કે "મુર્શિદે ખાસ" અને મુર્શિદે આમ કલામુલ્લાહ અને શરીઅત તથા તરીક઼તના ઈમામોનો ક઼લામ તથા જાહિરો બાતિન ઉલમાનો ક઼લામ છે, એ સહીહ સિલસિલા પર કે અવામનો હાદી (હિદાયત કરનાર) ક઼લામે ઉલમા અને ઉલમાનો રહેનુમા, કલામે અઈમ્મહ અને ઈમામોનો મુર્શિદ, ક઼લામે રસૂલ અને રસૂલનો પેશ્વા કલામુલ્લાહ.

સૈયદી વ સનદી આ'લા હઝરત رحمۃ اللہ علیہ ફર્માવે છે, "સુન્ની સહીહુલ અક઼ીદા, જે અઈમ્મએ હુદા (ઈમામો)ને માનવાવાળો, ઈમામોની તક઼લીદને જરૂરી જાણનારો, ઔલિયાએ કિરામનો સાચો અક઼ીદતમંદ, બધા અક઼ીદાઓમાં રાહે હક્ક઼ (સચ્ચાઈના રસ્તા) પર રહેવાવાળો ક્યારેય પીર વગરનો હોઈ શકતો નથી. આ ચારે મુર્શિદાને પાક એટલે કે ખુદાનો ક઼લામ અને રસૂલ અને અઈમ્મહ (ઈમામો) અને ઓલમાએ જાહિર અને બાતિન તેના પીર છે. જો કે તે જાહિરમાં ખુદાના કોઈ ખાસ બંદાના હાથે મુરીદ થયેલ ન હોય." *(નિકાઉસ્સલાફિહ ફી અહક઼ામે બયઅત વલ ખિલાફત, પેજ-૪૦)* અને ફર્માવે છે, "રસ્તગારી (જહન્નમથી નજાત અને છૂટકારો) માટે નબીને મુર્શિદ (પીર) માનવું કાફી છે." *(ફતાવાએ અફ્રીકા, પેજ-૧૩૬)*

ખુલાસો એ જ કે જો બધી જ શરતો સાથે શરીઅતનો પાબંદ પીર મળી જાય તો મુરીદ થઈ જાય કે જે ખૈરો બરકતનું કારણ અને દરજાતની બુલંદીનું કારણ છે અને જો આ પ્રમાણે લાયકાતવાળો અને યોગ્ય પીર ન મળે તો ગામે ગામ ઘૂમતા ફરતા જાહિલ (અજ્ઞાન) શરીઅતની પાબંદી ન કરતા, ઓલમાઓની બુરાઈઓ કરવાવાળા ફક્ત નામના કહેવાતા પીરોના હાથમાં હાથ હરગિઝ ન આપે. (મુરીદ ન થાય) આવા લોકો (પીરો)થી મુરીદ થવું એ ઈમાનની મૌત છે.

# વેપારનું મહત્વ અને તેના નિયમો

## પ્રકરણ : ૨

## મજૂરી, મહેનત અને અડગતા

વ્યાપારની મહત્તા અને આદાબનું પ્રકરણ પૂરુ થયું. હવે આવો મજૂરી મહેનત અને અડગતા પર કુર્આન અને હદીષોના પ્રકાશમાં વાત કરું. આ દુનિયામાં દરેક ઈન્સાન કોઈ ન કોઈ ધંધાથી જોડાયેલો હોય છે ભલે તે નોકરી હોય અથવા વેપાર, મજૂરી હોય અથવા અન્ય કોઈ ધંધો. દરેક ધંધાનો સંબંધ મહેનતથી જ છે, એ વાત અલગ છે કે કોઈમાં ઓછી અને કોઈમાં વધારે મહેનત છે. કોઈકમાં શારીરિક મહેનત છે તો કોઈમાં દિમાગી શક્તિ, પરંતું મહેનત દરેક કામ તથા દરેક વસ્તુમાં છે. મનુષ્યને મહેનત વગર કાંઈક પ્રાપ્ત થતું નથી અને અલ્લાહ મહેનત કરવાવાળાનું મહેનતાણુ બેકાર નથી કરતો.

આ દુનિયા છે અહીં પોતાનું અસ્તિત્વ બાકી રાખવા મહેનત, શ્રમ અને મજૂરી કરવું જરૂરી અને લાઝિમ છે. જે લોકો મહેનત અને શ્રમથી ભાગે છે તેમનું અસ્તિત્વ બિલકુલ ભૂંસાઈ જાય છે. દુનિયાની દોડમાં એ જ વ્યક્તિ આગળ આવી શકે છે જેનામાં મક્કમતા, હિંમત અને ઉત્સાહનો જઝબો અત્યંત પ્રમાણમાં ઉપસ્થિત હોય. મહેનત અને લગનથી થયેલ દરેક કામની અસર જરૂર થાય છે. અને વાસ્તવિક્ત તો એ છે કે મહેનત મોભે ચઢીને બોલવાવાળો જાદૂ છે. ખૂબ જ સારી રીતે યાદ રાખો ! કિસ્મત ઈન્સાનને ખુશાલીના વાયદાઓમાં રાખે છે પરંતુ મહેનત અને લગન તેને ખુશહાલ કરી બતાવે છે. કેટલાક લોકો સુસ્તી વર્તે છે અને મહેનત કરવા નથી માંગતા અને પોતાની કિ઼સ્મત (નસીબ)ને ભાંડે છે અને કહે છે કે શું કરું મારા ભાગ્યમાં આ જ લખેલું છે ! જ્યારે કે આ એક આરોપ છે જે અભણ લોકો તરફથી ખુદા પર લગાડવામાં આવે છે ! તે અભણને ખબર નથી કે તક઼દીર તદ્‌બીર (ઉપાય)નું બીજુ નામ છે. માણસ માત્ર એટલું વિચારે કે મહેનત આપણા હાથમાં છે અને નસીબ ખુદાના હાથમાં. આપણે તો મહેનતથી કામ લેવું જોઈએ જે આપણા હાથોમાં છે. ઈન્સાન પોતાની મહેનતથી ઘણુ બધી બની શકે છે. (ઈન્શાઅલ્લાહ !) અલ્લાહ તબારક વ તઆલાએ દૌલત તેની મુટ્ઠીમાં મૂકી દીધી છે, બસ ! મહેનત અને લગનની જરૂરત છે.

**ન શાખ ગુલ હી ઉંચા હૈ, ન દીવારેં ચમન બુલબુલ**
**તેરી હિમ્મત કી કોતાહી તેરી કિ઼સ્મત કી પસ્તી હૈ**

કહેવાય છે કે દુનિયામાં ત્રણ પ્રકારના માનવો હોય છે, એક તે જે વિચારતા જ રહે છે અને કરતા કાંઈ નથી, આવા લોકોથી કાંઈ બની નથી શક્તું. બીજા તે લોકો જે સમજ્યા વિચાર્યા વિના આમ તેમ હાથ પગ મારતા રહે છે, અને દરેક જગાએ મોઢાભેર પડે છે. આવા લોકો નિષ્ફળતા અને મહેરૂમીના શિકાર બને છે. અને ત્રીજા તે લોકો છે જેઓ વિચારે પણ છે અને કરે પણ છે. વાસ્તવમાં આ જ ખુશકિ઼સ્મત આખરે માટીનું સોનુ બનાવી લે છે. માણસે જોઈએ કે જ્યારે પણ તે કોઈ કામ કરવાનું ઈચ્છે તો માત્ર વાતો જ ન બનાવતો રહે પરંતુ સોચે અને સોચીને કામ શરૂ કરી દે જરૂર ગૈબથી કાંઈક ન કાંઈક મદદ મળશે. કહેવત મશ્હૂર છે કે, *આગાઝ ઔર અંજામ આપસમેં મુસાફ઼ા કરતે હૈં.*

મહેનત અને મજૂરી કરવાથી માણસની ઈજ્જતમાં કોઈ ઘટાડો નથી થતો. આજે પુષ્કળ

✪ અઝ : મૌલાના ઈલ્યાસખાન નૂરી (રતનપૂર) ✪ અનુવાદક : મૌલાના મુહમ્મદ રઉફ રઝવી (પાલેજ)

લોકો મજૂરીને પોતાના પદના વિરુદ્ધ સમજે છે. સુસ્ત, આળસુ પડયો પડયો સડી જાય છે, પોતાના શરીરને બેકાર બનાવી લે છે. સૂકુ લુખુ ખાઈને ગુજારો કરે છે. ઈસ્લામ કહે છે કે તમે એવા કમજોર દિલ, હિમ્મતે મુર્દા અને એદી (આળસુ) લોકોનો સાથ છોડી દો, નહીં તો તેઓ તમને પણ બેકાર બનાવી દેશે. કહેવાય છે કે કામ કરનારને એક જ શૈતાન સતાવે છે, પરંતુ આળસુ અને એદી માણસને હજારો શૈતાન સતાવતા રહે છે. યાદ રાખો ! સુસ્તી અને એદીપણુ મુફલિસી અને બર્બાદીનું કારણ છે. જેથી સુસ્તી છોડી દો અને મહેનત અને મક્કમતાથી આગળ વધો. હલાલ ધંધો કરીને કમાવ, જાતે ખાવ અને બીજાઓને પણ ખવડાવો. સુસ્ત, એદી અને નકામુ બનીને જીવવું કોઈ જિંદગી નથી. જિંદગી તો એ છે જેમાં મક્કમ ઈરાદો હોય, ઉત્સાહ હોય, હિમ્મત હોય, મહેનત હોય, જઝબો હોય, શ્રમ હોય, જિંદગી સતત મહેનતનું નામ છે, મક્કમ ઈરાદા અને ઉત્સાહનું નામ છે, મહેનત અને શ્રમનું નામ છે, લગન અને જઝબાનું નામ છે.

**ઝિંદગી ઝિંદા દિલી કા નામ હૈ**
**મુર્દા દિલ ક્યા ખાક જિયા કરતે હૈં**

આ દુનિયા દારુલ અસ્બાબ (સબબોનું ઘર) છે. અહીં મહેનત અને કોશિશ જરૂરી છે. દુનિયાદારી બુરી વસ્તુ નથી બલ્કે દુનિયાપરસ્તી બુરી વસ્તુ છે જે ઈન્સાનને ખુદાથી ગાફેલ કરી દે છે. શું આપણા આક઼ા ﷺ પાસે બીવીઓ ન હતી ? શું હુઝૂર ﷺની પાસે અવલાદ ન હતી ? શું આપ ﷺએ તિજારત નથી ફર્માવી ? શું સહાબાએ કિરામે મહેનત અને મજૂરી નથી કરી ? કોણ એવો અલ્લાહનો નબી, વલી અને બુઝુર્ગ બંદો ગુજર્યો છે જેણે મહેનત, મજૂરી અને કોશિશથી મોઢું ફેરવ્યું હોય ! બતાવો મને ? જ્યારે આ દરેક વાતોનો નકારમાં જવાબ છે તો પછી આપણે કેમ મહેનત અને મજૂરી અને શ્રમ, કોશિશથી જીવ છોડાવીએ ?! સુસ્ત અને એદી બનીને બેસી રહીએ. ફર્માને નબવી છે : ''જેણે પોતાના બાળકો માટે મહેનત અને મજૂરી કરી તે રાહે ખુદાનો મુજાહિદ છે.''

## ★ સૌથી મોટો મુજાહિદ ★

અલ્લાહના રસૂલ ﷺ એક જગા તશરીફ ફર્મા હતા. અમુક સહાબાએ કિરામ પણ સાથે બેઠા હતા. એક સહાબી વારંવાર સામેથી પસાર થતા હતા. તેમનો વારંવાર પસાર થતા જોઈને સહાબાએ કિરામે નબી કરીમ ﷺનું ધ્યાન દોર્યું અને અર્ઝ કરી, હે અલ્લાહના રસૂલ ﷺ કાશ ! તેમની ભાગદોડ અલ્લાહની રાહમાં હોત તો કેટલું સારું હતું ! આ સાંભળીને નબી કરીમ ﷺએ ફર્માવ્યું, ''જો તેનો હેતુ પોતાના બાળકોના ઉછેરનો છે અથવા વૃદ્ધ મા બાપની ખિદમત અને ભરણપોષણ માટે આ ભાગદોડ થઈ રહી છે તો એ અલ્લાહની રાહમાં ગણવામાં આવશે અને આવો શખ્સ સૌથી મોટો મુજાહિદ છે.

તિબ્રાનીમાં છે કે તે સહાબી રિઝ્કે હલાલની તલબમાં નીકળ્યા હતા અને મહેનતમાં લાગેલ હતા. તે સમયે સહાબાએ કિરામને આ જાણવાથી ખૂબ જ ખુશી થઈ કે કમાણી અને રોજગાર માટે શ્રમ અને કોશિશ કરવું અને મજૂરી કરવી અલ્લાહના ફઝ્લો કરમથી ઈબાદત બની જાય છે. ફર્માને નબવી છે કે, ''મુસલમાન પોતાની જાત અથવા પોતાની પત્ની, બાળકો પર જે કાંઈ હલાલ માલમાંથી ખર્ચ કરે છે તે સર્વ સદક઼ો અને ઈબાદત છે, જેના પર અલ્લાહની તરફથી તેને અજ્ર આપવામાં આવશે અને ક઼યામતના દિવસે તે એ સ્થિતિમાં ઉભો થશે કે તેનો ચહેરો પુનમના ચાંદની જેમ ચમકતો હશે. અને જો તેની આ મહેનત વધારે ધન દૌલત પ્રાપ્ત કરી લોકોમાં ઉચ્ચ હોદ્દો મેળવવા માટે કે માલદાર કહેવડાવવા માટે, દુનિયાને દેખાડવા માટે, મોજ શોખ માટે હોય તો આ સર્વ મહેનત શૈતાનની રાહમાં ગણવામાં આવશે.''

## ★ મજૂરોના મસીહા ★

એક વખત હઝરત જાબિર رضی اللہ عنہએ હુઝૂરે પાક ﷺથી મુસાફો કર્યો તો તેમની હથેળી ખરબચડી અને દાગદાર જોઈ. હુઝૂર ﷺએ પૂછયું, હે

જાબિર ! તમારી હથેળી પર આ શું થયું ? અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! ﷺ હું ઘોડીઓની નાળ બાંધવાનુ કામ કરું છું અને જે કાંઈ મહેનતાણુ મળે છે તેનાથી મારાં બાળકોનું પાલનપોષણ કરું છું. આ સાંભળી મોહસિને ઈન્સાનિયત, રહમતે આલમ મુહમ્મદે અરબી ﷺએ તેમના ખરબચડા હાથ ચૂમી લીધા. અને ફર્માવ્યું, ''આ તે હાથ છે જેને જહન્નમની આગ નહીં લાગે. હે જાબિર ! મજૂરી અને મહેનતથી રોજી કમાનારનો હાથ અલ્લાહ અને તેના રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللّٰهُ عَلَيْهِ وَسَلَّمَને ખૂબ જ મહેબૂબ છે.''

આ જ પ્રકારનો એક વધુ બનાવ છે. હઝરત મઆઝ બિન જબલ رضی اللہ عنہને ગઝવએ તબૂકના મૌક઼ા પર મદીના મુનવ્વરામાં અલ્લાહના રસૂલ ﷺ પોતાના ખલીફ઼ા બનાવીને ગયા અને ફર્માવ્યું કે તમે મારી ગેરહાજરીમાં લોકોની જરૂરિયાતનું ધ્યાન રાખજો. જેથી તે પોતાનો વધારે સમય મુસલમાનોની ખિદમતમાં પસાર કરતા હતા. ત્યાર પછી પોતાની જરૂરિયાત માટે કાંઈક લાકડાં કાપતા હતા તેનાથી જે મજૂરી મળતી તેના વડે પોતાનું ગુજરાત ચલાવતા. જ્યારે હુઝૂર ﷺ ગઝવએ તબૂકથી પરત થયા તો તેમના હાથમાં છાલાં પડેલાં હતાં અને હાથ ખરબચડો હતો જે પહેલાં કયારે પણ ન જોયો હતો. આપે તેનું કારણ પૂછયું. જ્યારે કારણ જણાવ્યું તો આપે મઆઝ બિન જબલનો હાથ ઉઠાવીને ચૂમી લીધો અને ફર્માવ્યું, ''આ હાથ એવો હાથ છે જેને દોઝખની આગ ક્યારે નહીં લાગશે ! ક્યારેય નહીં લાગશે ! ક્યારે નહીં લાગશે !''

છે કોઈ દુનિયામાં આવો લીડર જે આટલી હદે મજૂરોથી મહોબ્બત કરતો હોય ? છે કોઈ આવો મસીહા જેણે મજૂરોના ખરબચડા હાથોને પોતાના હોઠથી ચૂમ્યા હોય ?! ક઼સમ ખુદાની ! આવો મસીહા અને લીડર દુનિયામાં ન થયો છે ન છે અને ન તો ક઼યામત સુધી કોઈ થશે.

### ★ આજના કહેવાતા લીડરો ★

આજે તો સ્થિતિ એ છે કે મજૂરો સાથે આજના લીડરો હાથ પણ મિલાવે છે તો હાથ મિલાવ્યા પછી ડેટોલ સાબુથી હાથ ધોઈ લે છે ! ક્યાંક એવું ન થાય કે મજૂરોના હાથોમાં લાગેલ જીવજંતુ તેમના હાથોમાં અસર કરી જાય ! પણ મારા આક઼ા મુહમ્મદે અરબી ﷺ મજૂરોને સીનાથી લગાડતા હતા, તેમના હાથ ચૂમતા હતા, તેમને દસ્તરખાન પર બેસાડીને પોતાની સાથે ખવડાવતા હતા. અને માત્ર એટલું જ નહીં પરંતુ તેમને ઉત્સાહિત પણ કરતા અને તેમની સાથે મહેનત પણ કરતા હતા. હજારો લાખો ખાદિમો જાંનિષાર હોવા છતાં પણ મારા આક઼ા ﷺ મસ્જિદે નબવીની તા'મીરમાં મજૂરોની સફ઼માં ઊભા થઈને પથ્થર ઉઠાવી ઉઠાવીને લાવી રહ્યા હતા. આ વાત માત્ર લોકો વચ્ચેના જીવનની ન હતી, પરંતુ પોતાની અંગત જિંદગીમાં પણ ઘરના એકાંતમાં પણ આ જ સ્થિતિ હતી. ઘરનાં દરેક કામ આપ જાતે જ કરતા હતા. નબુવ્વતના એલાન પહેલાં મક્કાની વાદીઓમાં બકરીઓ ચરાવતા હતા, અને નબુવ્વતના એલાન પછી પણ આપે મહેનત અને મજૂરી કરવામાં કોઈ પણ પ્રકારની શરમ ન રાખી. પછી આજના કહેવાતા લીડરો અને નેતાઓનો એ હાલ છે કે પ્રજા ભૂખે મરે છે અને એ વિમાનોમાં સફર કરે છે ! ફાઈવ સ્ટાર હોટેલોમાં મોજ ઉડાવે છે. એરકન્ડીશન બંગ્લાઓ અને મહેલો તેમનું રહેઠાણ હોય છે. તેમની શરદી, ખાંસીનો ઈલાજ અમેરિકા અને યૂરોપની સૌથી મોંઘી હોસ્પિટલોમાં થાય છે. તેમનાં બાળકો યૂરોપ અને અમેરિકાની સ્કૂલોમાં તા'લીમ મેળવે છે. એઓ જે ગાડીમાં ચાલે છે તે ગાડીમાં પેટ્રોલની જગાએ મજૂરોનું લોહી અને પસીનો બળે છે. તે જો કોઈ સ્કૂલ અથવા કોલેજ અને હોસ્પિટલના આરંભ અથવા સંગે બુન્યાદ માટે એક ટુકડો ઈંટનો ઉઠાવીને બુન્યાદમાં મૂકી દે છે તો દેશનું આખુ મિડીયા આ અસંભવિત વાતને માથે ઉપાડી લે છે. આવો ! આવો ! હે દુનિયાના લીડરો ! હે મજૂરોથી જૂઠી મહોબ્બત રાખનારાઓ ! આવો ! મારા આક઼ા મોહસિને ઈન્સાનિયત મુહમ્મદે અરબી ﷺની મુક઼દ્દસ જિંદગીને આઈડિયલ બનાવો. કેમ કે દુનિયાના દરેક

ઈન્સાનો માટે માત્ર અને માત્ર મુહમ્મદે અરબી ﷺની જ જિંદગી એક આદર્શ નમૂનો છે. આપના જીવનથી એક હાકિમ, એક અમીર, એક વઝીર, એક ઓફિસર, એક નોકર, એક શેઠ, એક સિપાહી, એક વેપારી, એક મજૂર, એક જજ, એક શિક્ષક, એક લીડર, એક ફિલોસોફર, એક સાહિત્યકાર, એક જનરલ, એક કમાન્ડર, દરેક શિખામણ લઈ શકે છે. આપનુ પાકીઝા જીવન દુનિયાના દરેક ઈન્સાન માટે એક આઈડિયલ છે. આપના સહાબાના જીવનમાં પણ સતત મહેનત અને કોશિશનો જઝબો ખૂબ જ પ્રમાણમાં હતો. તેઓ મહેનત અને મજૂરી કરવામાં થોડી પણ શરમ અનુભવતા ન હતા.

### ★ હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ★

તારીખુલ ખુલફામાં હઝરત અલ્લામા જલાલુદ્દીન સિયૂતી رحمۃ اللہ علیہ લખે છે કે જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક઼ رضی اللہ عنہ ઈસ્લામી હુકૂમતના ખલીફા તથા શાસક નિમણૂંક થયા તો સવારે ઉઠીને વેપાર માટે કપડાંઓનો થેલો ખભા પર નાખી અને બજાર તરફ રવાના થઈ ગયા. રસ્તામાં ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ અને હઝરત અબૂ ઉબૈદા બિન જર્રાહ رضی اللہ عنہماથી ભેટો થયો. પૂછયું, હે અમીરુલ મો'મિનીન ! વહેલી સવારે તમો ક્યાં જઈ રહ્યા છો ? ફર્માવ્યું, બજાર જઈ રહ્યો છું. આ સાંભળીને તે બંને હઝરાત બોલ્યા, આપ મુસલમાનોના અમીર છો, સલ્તનતે ઈસ્લામિયાના બાદશાહ છો, આપ પર જિમ્મેદારીઓ રાખવામાં આવી છે, બજારમાં જઈને શું કરશો ? ફર્માવ્યું, જો બજાર જઈને વેપાર નહીં કરું તો પછી મારાં ઘરવાળાઓની પરવરિશ કઈ રીતે કરીશ ? તેમણે કહ્યું, આપ પાછા ફરો, અમો મુસલમાનોથી સલાહ મશ્વરો કરીને તમારો વઝીફો બંધાવીશું. આપે બંને હઝરાતનો આભાર માન્યો અને આગળ વધી ગયા.

આપણા બુઝુર્ગો જેમને અલ્લાહની બારગાહમાં ખૂબ જ મહબૂબિયત અને મક઼બૂલિયતનો ઉચ્ચ દરજ્જો હાંસલ હતો. આટલી શાન અને શૌકતના માલિક હોવા છતાં પોતાની રોજી ખૂબ જ મહેનત અને લગન સાથે જાતે આપ કમાતા હતા. આપે ક્યારે પણ મહેનત અને મજૂરીને નાનમની વાત નથી સમજી, અને ન તો કદી મજૂરી કરવામાં શરમ અનુભવી.

### ★ હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ ★

હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ જેમનાથી તે સમયની બે સુપરપાવર તાક઼તો કૈસર અને કિસ્રા ગભરાતી હતી, પણ ખિદમતે ખલ્ક઼નો જઝબો આપનામાં પુષ્કળ પ્રમાણમાં હતો કે રાત્રીના અંધકારમાં આપ પોતાની પ્રજાની ખબર લેવા માટે નીકળતા હતા કે જુએ કોઈ ભૂખુ તથા તરસ્યુ તો નથી. આ જ તે ખિદમતે ખલ્ક઼નો જઝબો હતો જેથી તે માત્ર શરીરો પર નહીં પરંતું લોકોના દિલો પર પણ રાજ કરતા હતા. આ તો તે નેક જાનો છે જેમણે મોઅલ્લિમે કાઈનાત, મુહમ્મદે અરબી ﷺથી તા'લીમ મેળવી હતી. જેમની સંપૂર્ણ જિંદગી પ્રજાની ખિદમત માટે સમર્પિત હતી. તેઓને પોતાના આક઼ાનું આ ફર્માન સારી રીતે યાદ હતું કે જે કામકાજ અને મહેનતના કારણે રિઝક઼ે હલાલની પ્રાપ્તિમાં લાગેલો રહે અને થાકેલો પાકેલો ઘરે પરત થાય અને સૂઈ જાય તો સવારે તે બખ્શેલો બખ્શાયેલો ઉઠે છે.


**અણોમોલ કિતાબ મંગાવો**

**તબ્લીગી જમાઅત સત્યના પ્રકાશમાં**

લેખક : **અલ્લામા અર્શદુલ ક઼ાદરી** رحمۃ اللہ علیہ
(ઝલઝલાના લેખક)

અનુવાદક : **માસ્તર ઈબ્રાહીમ વેમી ઝંઘારવી**

પ્રકાશક : સુન્ની દા'વતે ઈસ્લામી (દયાદરા શાખા)
મુ.પો. દયાદરા, પિન : ૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ

**નોંધ** : અત્યારે ગામે ગામ લારી–તંબૂઓ સાથે ડાકૂ જેમ ફરતા તબ્લીગ ઢોંગીઓની અસલ હક઼ીક઼ત જાણવાની લાજવાબ કિતાબ આજે જ જરૂરથી મંગાવો અને ધોકાબાઝોની હક઼ીક઼ત જાણો.

હદિયો : **રૂા. ૧૧૦/–** (પેજીસ : ૩૦૪)

# હઝરત ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہ

**નામ તથા નસબ :** નામ સુલૈમાન, કુન્નિયત : અબૂ દાઊદ, વાલિદનું નામ : અશઅશ.

અને નસબનો સિલસિલો આ પ્રમાણે છે : અબૂ દાઊદ સુલૈમાન બિન અશઅશ બિન ઈસ્હાક બિન બશીર બિન શદ્દાદ બિન અમ્ર બિન ઈમરાન અલ અઝદી અલ સજીસ્તાની. કહે છે આપના પરદાદા ઈમરાને જંગે સિફ્ફીનમાં હઝરત અલીનો સાથ દીધો હતો અને તેમાં શહાદત પામ્યા.

**વિલાદત તથા તા'લીમ :** આપની વિલાદત હિ.સ. ૨૦૨માં મુલ્કે સજીસ્તાન (ઈસબિસ્તાન)માં થઈ જે સિંધ અને હિરાતની વચ્ચે હિંદુસ્તાનની પડોશમાં કંધારની પાસે આવેલું છે.

આપે જે જમાનામાં હોશ સંભાળ્યો તે સમયે ઈલ્મે હદીષનો દાયરો ખૂબ જ વિશાળ થઈ ચૂક્યો હતો. સામાન્ય રીતે ઈસ્લામી શહેરોનો દોરો કર્યો. ખાસ કરીને મિસ્ર, શામ, હિજાઝ, ઈરાક અને ખુરાસાનના સફર કર્યા અને તે સમયના મશ્હૂર ઉસ્તાદો તથા શેખોથી ઈલ્મે હદીષ હાંસલ કર્યું અને મોટાભાગે બગદાદનો સફર ફર્માવ્યો. પછી છેલ્લે બગદાદને જ પોતાનું વતન બનાવી લીધું. પણ હિ.સ. ૨૭૧માં અમુક કારણોસર બગદાદને છોડીને બસરામાં સ્થાયી થઈ ગયા હતા.

**આપના ઉસ્તાદો :** જે ઉસ્તાદો તથા શૈખોથી આપે ઈલ્મે હદીષ તથા ફિક્હની તા'લીમ હાંસલ કરી તેની ગણત્રી ખૂબ જ મુશ્કેલ છે. અલ્લામા ઈબ્ને હજર અસ્કલાનીએ આપના ૩૦૦ શૈખની સંખ્યા લખી છે, જેમાં ઊંચા પાયાના મુહદ્દિષ તથા ફુક્હાની ગણના થાય છે. જેમ કે હઝરત ઈમામ અહમદ બિન હંબલ, ઈસ્હાક બિન રાહવિયા, કુતૈબા, અબુલ વલીદ તયાલસી, યહ્યા બિન મુઈન, અબૂ બકર બિન અબી શૈબા, ઉષ્માન બિન અબી શૈબા...વગેરે.

**આપના શાગિર્દો :** આપના દર્સના હલકામાં ભાગ લેવાવાળા બેશુમાર છે. અમુક સમયે હજારોની મોટી ભીડ પણ થતી હતી. હઝરત ઈમામ અહમદ બિન હંબલ જો કે આપના હદીષના ઉસ્તાદ છે છતાં પણ આપથી રિવાયત પણ કરી છે. આપના શાગિર્દોમાં ચાર હઝરાત મુહદ્દિષની જમાઅતના પેશ્વા અને સરદાર છે. આપના પુત્ર અબૂ બકર બિન અબૂ દાઊદ, અબૂ અલી મુહમ્મદ બિન ઉમર ટોલ્વી, અબૂ સઈદ અહમદ બિન મુહમ્મદ બિન ઝિયાદ એઅ્રાબી, અબૂ બકર મુહમ્મદ બિન અબ્દુર્રઝ્ઝાક બિન દાસર.

**ઈલ્મ તથા ફઝલ :** હાફિઝ મુહમ્મદ બિન ઈસ્હાક સન્આની અને ઈબ્રાહીમ હર્બી ફર્માવતા હતા : ''હઝરત ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہના માટે અલ્લાહ તઆલાએ **ઈલ્મે હદીષને એવું નરમ કરી દીધુ હતું જેવું કે હઝરત દાઊદ علیہ السلامના માટે લોખંડ.''**

મુહમ્મદ બિન લૈષ કહે છે : **''હઝરત ઈમામ અબૂ દાઊદ رحمۃ اللہ علیہ દુનિયામાં ઈલ્મે હદીષના માટે અને આખેરતમાં જન્નતના માટે પૈદા કરવામાં આવ્યા.''**

મૂસા બિન હારૂન કહે છે : ''મેં તેમનાથી અફઝલ કોઈને ન જોયા.''

ઈમામ હાકિમે ફર્માવ્યું : ''ઈલ્મે હદીષમાં આપની ઈમામત મુસલ્લમ (સાબિત થયેલી) ચીજ છે.''

સિહાહ સિત્તાના ઈમામોની નિસ્બતમાં આપની

❊ ❊ રજૂકર્તા : **સીરાજભાઈ લોખંડવાળા-ભાવનગર** *(મુબલ્લિગે સુન્ની દાવતે ઈસ્લામી)* ❊ ❊

ઉપર ફિક્હી ઝોક વધારે ગાલિબ હતો. હઝરત અલ્લામા શૈખ અબૂ ઈસ્હાક શિરાઝીએ કેવળ આપને ફકીહોના તબકામાં ગણાવ્યા છે. કારણ પણ અક્કલમાં આવે એવું છે. અહાદીષે ફિક્હિય્યાના ઘેરાવ તથા ઈસ્તિઆબ (તમામ કુલ)ના સિલસિલામાં હઝરત અબૂ દાઊદ رحمۃ اللہ علیہને જે ખૂબી હાંસલ છે તે બીજા સિહાહ સિત્તહના લેખકોને હાંસલ નથી. અલ્લામા યાફઈએ આપને હદીષ તથા ફિક્હ બંનેના ઈમામ કહ્યા છે.

હદીષને યાદ રાખવું તથા ઈત્કાન તથા રિવાયતોની સાથોસાથ આપ ઝોહદ તથા ઈબાદતમાં પણ ખૂબ ઊંચો દરજ્જો ધરાવતા હતા. યકીન તથા તવક્કુલમાં દષ્ટાંતરૂપ રોલ અદા કરતા, એટલા માટે આપની મજલિસમાં દરેક પ્રકારના લોકો હાજરી આપતા હતા. તલ્બા તથા ઉલમા, તે સમયના શાહો તથા ઉમરા અને મુહદ્દિષીન તથા સૂફીઓ બધાએ આપની બારગાહમાં નિયાઝમંદીની સાથે હાજરી આપી હતી.

એકવાર મશ્હૂર આરિફ બિલ્લાહ હઝરત સહલ બિન અબ્દુલ્લાહ તસ્તરી رحمۃ اللہ علیہ આપથી મુલાકાતના માટે હાજર થયા, જ્યારે આપને જાણ થઈ તો આપને ખૂબ જ ખુશી થઈ અને ખુશ આમદિદ ! કહેતા તશરીફ લાવ્યા. હઝરત સહલે કહ્યું, હે ઈમામ ! જરાક તમારી તે મુબારક જીભ દેખાડો જેનાથી આપ અહાદીષે રસૂલ બયાન કરો છો, જેથી હું તે મુકદ્દસ જીભને બોસો લઉં ! આપે જીભ મોઢામાંથી બહાર કાઢી તો ખૂબ જ અકીદતની સાથે આપે (હઝરત સહલે) તેનો બોસો લીધો.

**વિસાલ મુબારક** : ૧૬ શવ્વાલ હિ.સ. ૨૭૫માં જુમ્આના દિવસે વિસાલ ફર્માવ્યો અને બસરામાં સુફયાન ષૌરી رحمۃ اللہ علیہની બાજુમાં દફન થયા.

**કિતાબ** : સુનન અબૂ દાઊદ

આપની આખી જિંદગી હદીષની તલબ અને અલગ અલગ શહેરના સફરમાં પસાર થઈ તેમ છતાં આપે લગભગ ૨૦ કિતાબો લખી છે. તે બધામાં ''સુનને અબૂ દાઊદ''ને ખૂબ જ ખ્યાતિ હાંસલ થઈ જે આપના નામને કયામત સુધી જીવંત રાખવા માટે કાફી છે. તમામ ફુકહાના તબકાઓમાં મસ્લકી ઈખ્તેલાફ હોવા છતાં આ કિતાબ મકબૂલ છે.

હસન બિન મુહમ્મદ ઈબ્રાહીમ કહે છે : એકવાર મેં ખ્વાબમાં રસૂલુલ્લાહ ﷺના દીદાર કર્યા. હુઝૂર ﷺ ફર્માવી રહ્યા હતા, જે શખ્સ સુનનનું ઈલ્મ હાંસલ કરવા ચાહે તે સુનને અબૂ દાઊદનું ઈલ્મ હાંસલ કરે. હુઝૂર ﷺના તે ફર્માનથી જાહેર થયું કે આ કિતાબ બારગાહે રિસાલતમાં મકબૂલ થઈ છે.

પાંચ લાખ હદીષોમાંથી ચૂંટીને આપે આ કિતાબ લખી જે પોતે પોતાનું દષ્ટાંત છે. હઝરત ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ ફર્માવે છે : ''ઈલ્મે હદીષમાં આ એક જ કિતાબ મુજતહિદના માટે કેવળ પૂરતી છે.

આપે આ કિતાબ પોતાના શૈખ ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہની હયાતીમાં જ લખી અને સંપૂર્ણ કરીને પેશ કરી તો તેમણે આ કિતાબને ખૂબ જ પસંદ કરી અને દુઆઓ ફર્માવી હતી. તેનાથી જાણવા મળ્યું કે આપ તે કિતાબના લખાણથી જવાનીમાં જ ફારિગ થઈ ચૂક્યા હતા.

**સુનનની ખૂબીઓ** : હઝરત અબૂ દાઊદ رحمۃ اللہ علیہએ પોતાની તે કિતાબમાં જમા તથા તરતીબ (એકત્રીકરણ તથા ક્રમ)ના લેહાઝથી જે પદ્ધતિઓને અપનાવી છે તે ખૂબ જ ખૂબીઓ અને મુદ્દાઓ ઉપર આધારિત છે. આપે મક્કાના લોકોના નામે જે રિસાલાએ મક્કિયા (નાની કિતાબ)ના નામથી લખીને મોકલી હતી તેમાં ઘણી બધી શરતો તથા મુદ્દાઓની તરફ રહનુમાઈ કરી છે.

ફર્માવે છે, તમે લોકોએ મારાથી સુનનની હદીષોના બારામાં સવાલ કર્યા છે કે હું તમને બતાઉં કે તેમાં લખેલ શું મારી નજીક સહીહતરીન હદીષો છે ? તો સાંભળી લો ! તે તમામ હદીષો એવી જ છે. અલ્બત્ત ! તે હદીષો જે બે સહીહ તરીકાઓથી મરવી હોય અને એકનો રાવી અસ્નાદ (સનદો)માં મુકદ્દમ (અગ્રસ્થાને) હોય કે તેની સનદ આ'લા અને વાસ્તા

ઓછા હોય અને બીજાનો રાવી હિફ્ઝ (યાદશક્તિ)માં બુટ્ટો હોય, આવી પરિસ્થિતિમાં પહેલો લખેલો તરીકો લખી દઉં છું. પરંતુ આવી હદીષોની સંખ્યા મુશ્કેલીથી દસ હશે.

બાકી મુરસલ હદીષોની વાત છે તો પહેલાંના જમાનામાં હઝરત ઈમામ માલિક رحمۃ اللہ علیہ, સૂફીયાન ષૌરી رحمۃ اللہ علیہ અને હઝરત ઈમામ ઔઝાઈ رحمۃ اللہ علیہ વગેરે તેમનાથી ઈસ્તેદલાલ (દલીલો) કરતા હતા, ત્યાં સુધી કે હઝરત ઈમામ શાફઈ رحمۃ اللہ علیہ અને હઝરત ઈમામ અહમદ બિન હંબલ رحمۃ اللہ علیہનો જમાનો આવ્યો અને તેઓએ આ કલામ કરવાનું શરૂ કર્યું, અલ્લાહ તઆલા તે બધાને પોતાની રઝા નસીબ ફર્માવે.

મારો મસ્લક એ છે કે જ્યારે કોઈ મુસ્નદ રિવાયત મુરસલ રિવાયતની વિરુદ્ધ મૌજૂદ ન હોય અથવા મુસ્નદ રિવાયત ન મળી શકે તો આવી પરિસ્થિતિમાં મુરસલ રિવાયતથી ઈસ્તેદલાલ (દલીલો) દુરૂસ્ત છે. જો કે તે મુત્તસિલ (રિવાયત)ની જેમ કવી (મજબૂત) નથી હોતી. મેં મારી સુનનમાં મતરૂક રાવીની રિવાયત નથી લીધી. અને જો કોઈ મુન્કર હદીષ આવી છે તો મેં તેને બયાન કરી દીધી છે. તેમાં કોઈ ખામી હોય તો તેને પણ બયાન કરી દીધી છે. જે હદીષના પછી મેં કાંઈ નથી લખ્યું તે સાલેહુલ અમલ હોય છે. મેં આ કિતાબમાં મોટાભાગે મશહૂર હદીષો ભેગી કરી છે. મેં કિતાબ સુનનમાં અહકામને જ લખ્યા છે. ઝોહદ અને અમલોના ફઝાઈલમાં કેવળ હદીષો બયાન નથી કરી. એટલા માટે આ ચાર હજાર આઠસો (૪૮૦૦) હદીષો છે. આ એ કિતાબની સંક્ષિપ્ત ઓળખ છે જે ખૂદ લેખક علیہ الرحمۃ و الرضوانએ બયાન કરેલ છે. વધુ વિગત માટે મતૂલાતનો અભ્યાસ કરો. –*(મુકદ્દમા જામિઉલ અહાદીષ)*

## દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ
# કાનૂને શરીઅત

**લેખક : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ**

**અનુવાદક : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી**

### ★ સેહરી અને ઈફતારી ★

રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, સેહરી ખાવ કે સેહરી ખાવામાં બરકત છે. અમારા અને અહલે કિતાબના રોઝાઓમાં સેહરીના ખાણાનો તફાવત છે. *(બુખારી, મુસ્લિમ, તિર્મિઝી, નિસાઈ)*

અલ્લાહ અને તેના ફરિશ્તા સેહરી ખાનારાઓ ઉપર દુરૂદ (રહમત) મોકલે છે. *(તિબ્રાની, અવસત, ઈબ્ને હબ્બાન સહીહ)*

સેહરી એ સંપૂર્ણ બરકત છે કે એને છોડવામાં ન આવે. ભલે એક ઘૂંટડો પાણી જ પી લેવામાં આવે, કારણ કે સેહરી ખાનારાઓ ઉપર અલ્લાહ અને તેના ફરિશ્તા દુરૂદ મોકલે છે. *(ઈમામ અહમદ)*

હુઝૂર صلی اللہ علیہ وسلم ફર્માવે છે, "અલ્લાહ તઆલાએ ફર્માવ્યું છે કે મારા બંદાઓમાં મને વધુ વહાલો તે છે જે ઈફતારીમાં જલ્દી કરે છે." *(અહમદ, તિર્મિઝી, ઈબ્ને ખુઝૈમા, ઈબ્ને હબ્બાન)*

"અને ફર્માવ્યું કે, સેહરીમાં મોડું કરવાને તેમજ ઈફતારીમાં જલ્દી કરવાને અલ્લાહ તઆલા પસંદ કરે છે." *(તિબ્રાની, અવસત)*

**મસ્અલો** : સેહરી ખાવી અને એમાં મોડું કરવું સુન્નત છે. પરંતુ ઈફતાર તે સમયે કરવો કે સૂર્યાસ્તની ખાત્રી થઈ જાય. જ્યાં સુધી ખાત્રી ન થાય ઈફતાર ન કરવો, ભલે બાંગીએ અઝાન કહી દીધી હોય. વળી વાદળો હોય તો ઈફતારીમાં ઉતાવળ ન કરવી જોઈએ. *(રદ્દુલ મુહ્તાર)*

**મસ્અલો** : તોપ અને નગારા, ઢોલકનો સેહરી અને ઈફતારીના એલાન તરીકે જ વિશ્વાસ કરાશે જ્યારે કે તે કોઈક પરહેઝગાર આલિમ મોહક્કમના હુકમ ઉપર વગાડવામાં આવતાં હોય, આજકાલના મોટા ભાગના આલિમો આ કળા આ ઈલ્મથી (આકાશના સૂર્ય, તારાઓ

વગેરેની ઉગવા આથમવાની ગણત્રીના ઈલ્મથી) અજાણ છે. જંતરીઓ ડાયરીઓ પણ મોટે ભાગે ખોટી સાબિત થાય છે અને એના ઉપર અમલ કરવો જાઈઝ નથી. હા ! જો કોઈ દીનદાર આલિમ જે આસ્માની ઈલ્મથી જાણકાર હોય તેણે બનાવેલો સેહરી–ઈફતારીનો નકશો હોય તો તેના ઉપર અમલ થઈ શકે છે.

મસ્અલો : રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું, જ્યારે કોઈ તમારામાંથી રોઝો ઈફતાર કરે ત્યારે ખજૂર કે ખારેક વડે ઈફતાર કરે, કે તેમાં બરકત છે, જો તે ન મળે તો પાણી વડે કારણ કે તે પાક કરનાર છે અને હુઝૂર ﷺ ઈફતાર વેળા આ દુઆ પઢતા હતા :

اَللّٰهُمَّ اِنِّىْ لَكَ صُمْتُ وَبِكَ اٰمَنْتُ وَعَلٰى رِزْقِكَ اَفْطَرْتُ

''હે અલ્લાહ ! મેં તારા જ માટે રોઝો રાખ્યો અને તારી જ આપેલી રોજી વડે મેં ઈફતાર કર્યો.

## ★ કઈ કઈ હાલતોમાં રોઝો ન રાખવાની છૂટ છે ★

મસ્અલો : મુસાફરી, હમલ અને બાળકને દૂધ પીવડાવવા, બીમારી, ઘડપણ અને મૃત્યુના ભય તેમજ બળજબરી, જુલ્મ (શરીઅતે જેને માનેલ છે તે મુજબ) તેમજ અક્કલ, બુદ્ધિ જતી રહેવાનો ભય અને જિહાદ આ સૌ રોઝો ન રાખવા માટેનાં શરીઅતે બતાવેલ મજબૂરીનાં કારણો છે, આ બાબતોમાંથી કોઈક બાબતને કારણે કોઈ રોઝો નહીં રાખે તો ગુનેહગાર નથી, પરંતુ જ્યારે આ મજબૂરી દૂર થઈ જાય ત્યારે છોડેલા રોઝાઓની કઝા કરવી ફર્ઝ છે.

મસ્અલો : મુસાફરીથી મતલબ શરઈ મુસાફરી છે. એટલે કે એટલે દૂર જવાના ઈરાદાથી નીકળે કે અહીંથી ત્યાં પહોંચવા ૩ દિવસ અને રાતનો (૯૨ કિ.મિ.નો) રસ્તો હોય, ભલે તે મુસાફરી કોઈ નાજાઈઝ કામ માટે કેમ ન હોય ! *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : દિવસે મુસાફરી શરૂ કરી તો તે દિવસનો રોઝો ઈફતાર કરવા (રોઝો છોડી નાખવા) આજની સફર મજબૂરીમાં ગણાશે નહીં, અલબત્ત જો છોડશે તો કફ્ફારો લાગુ નહીં પડે પરંતુ ગુનેહગાર જરૂર થશે અને મુસાફરી શરૂ કર્યા પહેલાં તોડી નાખ્યો પછી મુસાફરી શરૂ કરી તો કફ્ફારો પણ લાગુ પડશે. જો દિવસે સફર શરૂ કરી હતી અને કોઈક ચીજ ભૂલી ગયેલો તે લેવા ઘરે પરત આવ્યો, ઘરે આવ્યા પછી રોઝો તોડી નાખ્યો તો કફ્ફારો વાજિબ છે. *(આલમગીરી બહાર)*

મસ્અલો : મુસાફર ઝવાલ પહેલાં મુકીમ થયો અને હજુ સુધી કંઈક ખાધુ, પીધું નથી તો રોઝાની નિય્યત કરી લેવી વાજિબ છે. *(જૌહરા, બહાર)*

મસ્અલો : મુસાફરને પોતાને તથા તેના સાથીઓને રોઝો રાખતાં તકલીફ, નુકસાન ન થાય તેમ હોય તો સફરમાં રોઝો રાખવો બહેતર છે નહીંતર ન રાખે. *(દુર્રે મુખ્તાર)*

મસ્અલો : દૂધ પીવડાવનારી કે હામેલા સ્ત્રીને પોતાને કે બાળકને ખરેખર નુકસાન પહોંચે તેમ હોય તો ઈજાઝત છે કે તે રોઝો ન રાખે, ભલે દૂધ પાનાર બાળકની માતા હોય કે દાયણ હોય કે તેણે રમઝાનમાં દૂધ પાવાની નોકરી કરી હોય. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહ્તાર, બહાર)*

મસ્અલો : બીમારને બીમારી વધી જવાનો ડર હોય અથવા મોડેથી સાજુ થવાનો ડર હોય અથવા તંદુરસ્તને બીમાર થવાનો ખરેખર ભય હોય અથવા નોકર કે નોકરાની, સેવક, સેવિકાને ઘણી જ કમજોર થઈ જવાનો ખરેખર ભય હોય તો સૌને ઈજાઝત છે તે દિવસે રોઝો ન રા ખે. *(જૌહરા, દુર્રે મુખ્તાર, બહાર)*

મસ્અલો : ઉપર બતાવેલી પરિસ્થિતિઓમાં ગુમાન ગાલિબ જરૂરી છે એટલે કે ખાત્રીપૂર્વકનો ચોક્કસ ડર કે મજબૂરી હોય, ફક્ત વહેમ કે ખ્યાલો કે વિચારો ચાલી શકશે નહીં. ગુમાન ગાલિબની ત્રણ હાલતો છે :– (૧) એ બાબતની જાહેરી નિશાની જણાતી હોય (૨) એ માણસનો પોતાનો અનુભવ (૩) કોઈ મુસલમાન હકીમ કે ડોકટર જે ફાસિક ન હોય (પરહેઝગાર હોય) તેણે કહ્યું હોય.

જો કોઈ જાહેરી નિશાની ન જણાય કે પોતાનો જાતિ અનુભવ પણ ન હોય અને ન તો કોઈ

પરહેઝગાર હકીમ, ડોકટરે બતાવ્યું હોય તો રોઝો છોડવો જાઈઝ નથી. બલ્કે પોતાના દિમાગી વહેમ કે વિચારોથી કે કાફિર, ફાસિક્ ડોકટર હકીમના કહેવાથી રોઝો તોડી નાખ્યો તો કફ્ફારો પણ લાગુ પડશે. *(રદ્દુલ મુહ્તાર, બહાર)*

આજકાલના ઘણા હકીમ, ડોકટરો કાફિર નહીં પરંતુ ફાસિક્ તો જરૂર હોય છે. અને તેમ નથી તો અનુભવી અને તજર્બાકર તો મળવા ઘણા મુશ્કેલ છે, એવાઓના કહેવાને વિશ્વાસપાત્ર ગણાશે નહીં, એમના કહેવા ઉપર રોઝો ન રાખવો કે તોડી નાખવો જાઈઝ નથી. એ હકીમો અને ડોકટરો ઘણે ભાગે નાની નાની નજીવી બાબતોમાં પણ રોઝો ન રાખવા માટે કહે છે એમને એટલી ખબર નથી હોતી કે કઈ બીમારી ઉપર રોઝો નુકસાનકારક છે અને કઈ પર નથી.

**મસ્અલો** : ભૂખ, તરસ એટલી લાગી હોય કે ખરેખર મૃત્યુનો ભય હોય અથવા બુદ્ધિ નષ્ટ થવાનો ડર હોય તો રોઝો ન રાખવો. *(ફત્હુલ કદીર, આલમગીરી, બહાર)*

**મસ્અલો** : સાપે કરડયો અને જીવનો જોખમ હોય તો રોઝો તોડી નાખવો. *(રદ્દુલ મુહતાર, બહાર)*

**મસ્અલો** : એટલો વૃદ્ધ માણસ કે દરરોજ અશક્ત જ થતો જાય છે એટલી ઉંમરે પહોંચી ચૂક્યો છે જ્યારે કે રોઝો રાખવા માટે શક્તિમાન ન હોય, મતલબ કે તે અત્યારે રાખવાની શક્તિમાં નથી વળી ભાવિમાં પણ રાખી શકવા શક્તિમાન ન થઈ શકે એવી ખાત્રી હોય તો તેને રોઝો ન રાખવાની છૂટ છે અને દરેક રોઝાના બદલામાં ફિદિયો આપે. એટલે કે બે ટાઈમ એક મિસ્કીનને પેટ ભરી ખાવા ખવડાવવું એના ઉપર વાજિબ છે, અથવા દરરોજના બદલામાં સદક્એ ફિત્રના બરાબર મિસ્કીનને આપી દે. *(દુર્રે મુખ્તાર, આલમગીરી, બહાર)*

**મસ્અલો** : એટલો વૃદ્ધ માણસ કે તે ગરમીની ઋતુમાં નથી રાખી શક્તો પરંતુ ઠંડીની ઋતુમાં રાખી શકે છે તો હવે ઈફતાર કરી લે મતલબ ગરમીમાં ન રાખે અને એના બદલામાં ઠંડીમાં રાખવા એના ઉપર ફરજ છે. *(રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : ફિદિયો આપ્યા પછી એટલી શક્તિ મળી ગઈ કે તે રોઝો રાખી શકે છે તો તે રોઝાઓની ક્ઝા કરવી વાજિબ છે. ફિદિયો નફ્લ સદક્ો થઈ ગયો. *(આલમગીરી, નહાયા, બહાર)*

**મસ્અલો** : કોઈના બદલામાં બીજો કોઈ માણસ ન તો રોઝો રાખી શકે છે ન તો નમાઝ પઢી શકે છે, પરંતુ પોતાના રોઝા, નમાઝનો સવાબ બીજાને પહોંચાડી શકે છે. *(હિદાયા, આલમગીરી, બહાર, દુર્રે મુખ્તાર)*

**મસ્અલો** : નફ્લ રોઝો જાણી બુઝી શરૂ કર્યા પછી તે જરૂરી બની જાય છે, જો તોડી નાખશે, તો ક્ઝા કરવો વાજિબ છે અથવા કોઈ કારણે તૂટી જશે, જેમ કે હૈઝ આવી ગયું તો ક્ઝા વાજિબ છે. *(હિદાયા, દુર્રે મુખ્તાર વગેરે)*

**મસ્અલો** : ઈદો કે તકબીરાતના દિવસોમાં નફ્લ રોઝો રાખ્યો તો તેને પૂરો કરવો વાજિબ નથી અને તે દિવસોમાં રોઝાની મન્નત માની છે તો તેને પૂરી કરવા વાજિબ છે. પરંતુ એ દિવસોમાં નહીં બલ્કે બીજા દિવસોમાં પૂરી કરે. *(રદ્દુલ મુહ્તાર, બહાર)*

**મસ્અલો** : મહેમાનના ખાતર નફ્લ રોઝો તોડી શકાય છે પરંતુ એ બાબતનો ભરોસો હોય કે તેની ક્ઝા રાખી શકશે અને એ તોડવાની ઈજાઝત ફક્ત ઝવાલ સુધી છે તે પછી નહીં. હા, મા બાપને રાજી કરવા માટે અસર સુધી તોડી શકે છે અસર પછી નહીં. *(આલમગીરી, રદ્દુલ મુહ્તાર)*

## ★ કેટલાક નફ્લ રોઝાઓની ફઝીલત ★

**આશૂરા** : અર્થાત દસમી મુહર્રમનો રોઝો બહેતર એ છે કે નવમીનો પણ રાખવો. રસૂલુલ્લાહ ﷺએ આશૂરાનો રોઝો પોતે પણ રાખ્યો અને એને રાખવાનો હુકમ પણ ફર્માવ્યો છે અને ફર્માવ્યું કે રમઝાન પછી અફઝલ રોઝો આશૂરાનો છે. *(બુખારી, મુસ્લિમ, અબૂ દાઊદ, તિર્મિઝી)* અને ફર્માવ્યું કે, આશૂરાનો રોઝો એક વર્ષ પહેલાંના ગુનાહોને મટાડે છે. *(મુસ્લિમ)*

**અર્ફા** : નવમી ઝિલ હજ્જનો રોઝો. રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે અરફાનો રોઝો એક વર્ષ પહેલાંના અને એક વર્ષ પછીના ગુનાહોને મટાડે છે. *(મુસ્લિમ, અબૂ દાઊદ વગેરે)* ઉમ્મુલ મો'મિનીન હઝરત આઈશા

સિદીકા رضی اللہ عنہا ફર્માવે છે કે અરફાના રોઝાને રસૂલુલ્લાહ ﷺ એક હજાર દિવસના રોઝાની બરાબર કહેતા હતા. પરંતુ હજ્જમાંના હાજીઓને જેઓ અરફાતના મેદાનમાં તે દિવસે હોય છે તેમને ન રાખવાનો હુકમ ફર્માવ્યો છે. *(બયહકી, તિબ્રાની, અબૂ દાઊદ, નિસાઈ વગેરે)*

**શવ્વાલના છ રોઝા :** રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જેણે રમઝાનના રોઝા રાખ્યા પછી શવ્વાલના છ રોઝા રાખ્યા તો જાણે તેણે હમેશાં રોઝા રાખ્યા. અને ફર્માવ્યું કે, જેણે ઈદ પછી શવ્વાલના છ રોઝા રાખ્યા તેણે જાણે એક વર્ષના રોઝા રાખ્યા. *(મુસ્લિમ, બયહકી, અબૂ દાઊદ, તિર્મિઝી, ઈબ્ને માજા વગેરે)*

## ★ શાબાનનો રોઝો અને ૧૫ મી શાબાનની ફઝીલત ★

રસૂલુલ્લાહ ﷺએ ફર્માવ્યું કે જ્યારે શાબાનની ૧૫ મી રાત આવે ત્યારે તે રાત્રે કયામ કરવો (નફ્લ વગેરેમાં રાત પૂરી કરવી). અને એ દિવસે રોઝો રાખવો કારણ કે અલ્લાહ તઆલા સૂર્ય આથમવાથી પહેલાં આસ્માન ઉપર પોતાની કુદરતની ખાસ તજલ્લી ફર્માવે છે અને ફર્માવે છે કે છે કોઈ બખ્શિશ માગનાર કે એને બખ્શી આપું, છે કોઈ રોજી માગનાર કે એને રોજી આપુ, છે કોઈ મુસીબતમાં ફસાયેલ કે તેને મુસીબતથી છૂટકારો આપુ, મતલબ કે હાજતમંદો માટે આવા પ્રકારનાં એલાન ફર્માવે છે, ત્યાં સુધી કે ફજરની નમાઝનો સમય થઈ જાય છે. (ઈબ્ને માજહ) અને ફર્માવ્યું શાબાનની ૧૫મી રાત્રે અલ્લાહ તઆલા તમામ મખ્લૂક તરફ રહમતોની તજલ્લી ફર્માવે છે અને સૌને માફ કરી દે છે ફક્ત કાફિર અને દુશ્મની કરનારને નહીં. (તિબ્રાની, ઈબ્ને હબ્બાન) *(કોઈની સાથે દુનિયવી ઝઘડાને કારણે કોઈ દુશ્મની હોય તો તેમણે એક બીજાએ માફ કરી દેવા જેથી અલ્લાહની રહમતના હક્કદાર ઠરી શકાય. આ'લા હઝરત ફાઝિલે બરેલ્વી رحمۃ اللہ علیہના ત્યાં લોકોનો એ મામૂલ હતો કે એક બીજાને મળી માફી આપતા. એ જ રીતે બીજે પણ લોકો આમ કરે તો સારી બાબત છે.)*

**અય્યામે બીજના રોઝા :** એટલે કે ૧૩, ૧૪, ૧૫મી ઈસ્લામી તારીખના રોઝા, નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે, દરેક મહિનાના ત્રણ રોઝા (૧૩, ૧૪, ૧૫મી ના) એવા છે જેવા કે હમેશાંના રોઝા. (બુખારી, મુસ્લિમ) અને ફર્માવ્યું, જેનાથી બની શકે તે દરેક મહિનામાં ત્રણ રોઝા રાખે. દરેક રોઝા ૧૦ ગુનાહ મટાડે છે અને ગુનાહથી એવા પાક કરે છે જેવી રીતે કે પાણી કપડાને. *(તિબ્રાની)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ફર્માવે છે કે, હુઝૂર علیہ السلام સફર અને હજરમાં (મુસાફરી અને મુકીમ અવસ્થામાં) હમેશાં અય્યામે બીજના રોઝા રાખતા હતા. *(નિસાઈ)*

**સોમવાર અને જુમેરાતનો રોઝો :** હુઝૂર નબીએ કરીમ સરવરે આલમ ﷺએ ફર્માવ્યું કે જુમેરાત અને સોમવારના રોજ માણસના આમાલ (કરણી) રજૂ થાય છે, તો હું એ પસંદ કરું છું કે મારા આમાલ તે સમયે રજૂ થાય જ્યારે કે હું રોઝાની હાલતમાં હોઉં. અને ફર્માવ્યું કે, એ દિવસોમાં અલ્લાહ તઆલા દરેક મુસલમાનની બખ્શિશ (માફી) ફર્માવે છે પરંતુ ફક્ત તેની નહીં જે બે માણસો પરસ્પર (દુનિયવી ઝઘડાથી) અબોલા કરી લે છે. એઓના વિષયમાં ફરિશ્તાઓને કહેવામાં આવે છે કે એમને છોડી દો જ્યાં સુધી એઓ બંને એકબીજા સાથે સુલેહ ન કરી લે. *(તિર્મિઝી, ઈબ્ને માજહ)*

**બુધ અને જુમેરાત :** નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે જેણે બુધ અને જુમેરાતના રોઝા રાખ્યા એના માટે દોઝખથી છૂટકારો લખી દેવામાં આવશે. અને ફર્માવ્યું, જે બુધ, જુમેરાત અને જુમ્માના રોઝા રાખે છે અલ્લાહ તઆલા એના માટે જન્નતમાં એક એવું મકાન બનાવશે જેનો બહારનો ભાગ અંદરથી દેખાશે અને અંદરનો બહારથી.

<u>મસ્અલો</u> : ફક્ત એકલો જુમ્આનો જ રોઝો રાખ્યા કરવો મકરૂહ છે અલ્બત્ત આગળ કે પાછળ બીજા રોઝા મેળવી રાખવા કારણ કે નફ્લ અને સુન્નત રોઝા એકલા (એક જ દિવસ) રાખવા મકરૂહ છે.

# ★ ખ્વાબમાં ★
# હુઝૂર ﷺની ઝિયારત

રજૂકતા : **મૌલાના અબ્દુર્રઉફ રઝવી-પાલેજ**

ખૂબ જ સદ્ભાગી છે તે લોકો જેમણે ઈમાનની હાલતમાં હુઝૂર ﷺને તેમની જાહેરી હયાતમાં જોયા અને સહાબિયતના સૌભાગ્યની પ્રતિષ્ઠા મેળવી. જાહેરી હયાતમાં દીદારની મહત્તા માત્ર સહાબાએ કિરામ رِضْوَانُ اللهِ تَعَالىٰ عَلَيْهِمْ اَجْمَعِيْنَને પ્રાપ્ત થઈ. સહાબા કિરામ સિવાય અન્ય કોઈને આ મહત્તા નથી મળી શકતી. પરંતુ હુઝૂર ﷺ જે રીતે તેમના પર મહેરબાન હતા તેવી જ રીતે દરેક મુસલમાન પર મહેરબાન છે જેથી પોતાના ગુલામો પર કરમ ફર્માવતા રહે છે અને પોતાના દીદારથી મુશર્રફ ફર્માવતા રહે છે. કોઈને જાગૃતાવસ્થામાં ઝિયારત નસીબ થાય છે તો કોઈને સ્વપ્ન જગતમાં ઝિયારત નસીબ થાય છે અને ઈન્શાઅલ્લાહુ તઆલા કબ્ર અને હશ્રમાં દરેક મુસલમાન આપ ﷺના દીદારથી મુશર્રફ થશે.

### ★ હુઝૂર ﷺને સ્વપ્નમાં તથા જાગૃતાવસ્થામાં જોવું ★

અહાદીષે મુબારકામાં સ્વપ્ન જગત અને જાગૃતવસ્થામાં જોવાનો ઉલ્લેખ મળે છે. બુખારી શરીફમાં હઝરત અબૂ હુરૈરહ્થી રિવાયત છે કે હુઝૂર અકરમ ﷺએ ફર્માવ્યું, ભાવાર્થ : જેણે મને સ્વપ્નમાં જોયો તે મને જાગૃત અવસ્થામાં જરૂર જોશે.

હદીષ પાકનો મતલબ એ છે કે જેણે મને દુનિયામાં સ્વપ્ન જગતમાં જોયો તે દુનિયામાં જ મને જાગૃત અવસ્થામાં જોશે કેમ કે કયામતના દિવસે દરેક લોકો આપનો દીદાર કરશે, ભલે દુનિયામાં જોયા હોય અથવા ન જોયા હોય.

આથી હદીષે પાકની રોશનીમાં જાહેરી વફાત પછી આપને જાગૃત અવસ્થામાં જોવા શક્ય છે પરંતુ ઘણા બધા અવલિયાએ કિરામ માટે સાબિત પણ છે. ઈમામ જલાલુદ્દીન સિયૂતિ رحمۃ اللہ علیہએ તન્વીરુલ હલક ફી ઈમ્કાનિ રૂયતિન્નબી ﷺમાં મુબારક હદીષો અજવાલે સૂફિયા અને કરામતે અવલિયાની રોશનીમાં આ મસ્અલાને પ્રકાશિત કર્યો છે અને જાગૃત અવસ્થામાં ઝિયારત વિશે કેટલાક બનાવો પણ રજૂ કર્યા છે.

ઈમામ અબ્દુલ વહાબ શઅરાની મીઝાનુશ્શરીઅતિલ કુબ્રાના આરંભમાં જણાવે છે : "ઈમામ હસન શાઝલી અને તેમના શાગિર્દ અબુલ અબ્બાસ મુર્સી વગેરે સૂફિયાએ કિરામ ફર્માવતા રહેતા હતા કે જો એક ક્ષણના માટે પણ હુઝૂર ﷺનો ચહેરો મુબારક અમારી આંખોથી ઓજલ થઈ જાય તો અમે પોતાને મુસલમાન જ ન સમજીએ ! મતલબ દરેક સમયે જમાલે યાર તેમની નિગાહો સામે રહેતો અને તે પણ બિલકુલ જાગૃત અવસ્થામાં આપ દીદારથી ફૈઝયાબ થતા રહેતા હતા."

હઝરત ઈમામ શઅરાની આ જ મીઝાનમાં હઝરત ઈમામ સિયૂતિ رحمۃ اللہ علیہના વિશે ફર્માવે છે કે હઝરત ઈમામ સિયૂતિએ ફર્માવ્યું :–

"અત્યાર સુધી જાગૃત અવસ્થામાં ૭૫ વખત હુઝૂર ﷺની ઝિયારત અને મુલાકાતથી શર્ફયાબ થઈ ચૂક્યો છું." (સુબ્હાનલ્લાહ !)

આ રિવાયતથી જાણવા મળ્યું કે હઝરત ઈમામ સિયૂતિ رحمۃ اللہ علیہ માત્ર એક મુહક્કિક જ નહીં પરંતુ આશિકે રસૂલ પણ હતા, આરિફ બિલ્લાહ પણ હતા અને બા કરામત વલી પણ હતા. આથી વધીને કરામત બીજી કઈ હોઈ શકે છે કે આપે હુઝૂર ﷺને જાગૃત અવસ્થામાં ૭૫ વખત જોયા." (સુબ્હાનલ્લાહ !)

### ★ જિસે ચાહે ઉસ્કો નવાઝ દે ! ★

હઝરત ઈમામ સિયૂતિ رحمۃ اللہ علیہએ તન્વીરુલ હલ્કમાં ઉલ્લેખ કર્યો છે કે મક્કામાં ઈબ્ને ષાબિત નામી એક સાલેહ શખ્સ રહેતા હતા. જેમનો મામૂલ

હતો કે તે દર વર્ષે મક્કાથી મદીના આવતા અને બારગાહે રિસાલતમાં સલામ અર્ઝ કરીને ચાલ્યા જતા. આ પરંપરા સાઈઠ વર્ષ સુધી ચાલતી રહી. એક વખત કોઈ કારણે બારગાહે રિસાલતમાં હાજરી ન થઈ શકી. તે પોતાના ઘરે જ બેઠા હતા કે અચાનક અર્ધ જાગૃત અવસ્થામાં સરકારે દો આલમ ﷺ તશરીફ લઈ આવ્યા. ફર્માવ્યું :–

''હે ઈબ્ને ષાબિત ! તું ન આવી શક્યો તો જો હું જાતે ચાલ્યો આવ્યો !'' મતલબ કે ઈબ્ને ષાબિતે જાગૃત અવસ્થામાં આપને જોયા.

એના અનુસંધાનમાં કેટલાક બનાવો છે જે તસવ્વુફની કિતાબો અને તરાજિમ તથા તબક઼ાતની કિતાબોમાં વર્ણન થયેલા છે. તેનાથી હદીષે પાક : ''જેણે મને સ્વપ્ન જગતમાં જોયો તે મને જાગૃત અવસ્થામાં જરૂર જોશે.''ના મફહૂમ (ભાવાર્થ)ની સ્પષ્ટતા થઈ જાય છે.

## ★ સ્વપ્નમાં ઉષ્માનગનીને દીદાર અને બશારત ★

ખૈર આ તો જાગૃત અવસ્થામાં દીદારનો મામલો હતો. જાગૃત અવસ્થા પછી સ્વપ્ન જગતમાં અસંખ્ય લોકોને ઝિયારતે રસૂલનો શર્ફ હાંસલ થયો. તબક઼ાતે ઈબ્ને સઅદ, ભાગ–૩માં હઝરત નાફેઅથી રિવાયત છે કે હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ પોતાની શહાદતના દિવસે સવારે જાગીને પોતાના સાથીઓથી ફર્માવ્યું : ''મેં રાત્રે રસૂલુલ્લાહ ﷺને સ્વપ્નમાં જોયા, હુઝૂર ﷺ મને ફર્માવી રહ્યા હતા કે હે ઉષ્માન! કાલે તમે અમારી સાથે ઈફતારી કરશો.'' તો આપે રોઝો રાખ્યો અને તેમને યક઼ીન હતું કે આજ રોજ તેમની શહાદત થઈ જશે ! પછી તે જ દિવસે રોઝાની હાલતમાં તેમની શહાદત થઈ ગઈ.

મતલબ હઝરત ઉષ્માનગની رضی اللہ عنہની શહાદતથી એક રાત પહેલાં પોતાના નબી ﷺનો દીદાર કર્યો. પછી હમેશાં માટે આપના આગોશે રહમતમાં ચાલ્યા ગયા.

**બાગે જન્નતમેં નિરાલી ચમન આરાઈ હૈ**
**કયા મદીને પે ફિદા હો કે બહાર આઈ હૈ**

**જબ તેરી યાદમેં દુન્યાસે ગયા હૈ કોઈ**
**જાન લેને કો દુલ્હન બન કે ક઼ઝા આઈ હૈ**

## ★ અન્ય સહાબાનું હુઝૂર ﷺને સ્વપ્નમાં જોવું ★

સિયરે અઅ્‌લામમાં મુષન્ના બિન સઅદથી રિવાયત છે, ફર્માવે છે : ''મેં હઝરત અનસ رضی اللہ عنہને ફર્માવતાં સાંભળ્યા કે **દરેક રાત્રીએ સ્વપ્નમાં નબી ﷺનો દીદાર કરું છું.** પછી આપ તે સુવર્ણ ક્ષણોને યાદ કરીને રડી પડતા હતા.

અસદુલ ગાબામાં છે કે સરકાર ﷺની જાહેરી વફાત પછી હઝરત બિલાલ મુલ્કે શામ ચાલ્યા ગયા. થોડાક દિવસો પછી સ્વપ્નમાં હુઝૂર ﷺને જોયા. સરકાર ﷺએ ફર્માવ્યું, ''હે બિલાલ ! આ કેવી વિમુખતા છે ?! શું અત્યાર સુધી હાજરીનો સમય નથી આવ્યો ? હઝરત બિલાલ જાગી ગયા, ગમઝદા અને પરેશાન હાલ મદીના મનુવ્વરા હાજર થયા, ક઼બ્રે અન્વર પર હાજરી આપી. મઝારે અક઼દસ ﷺની માટી માથા પર નાખવા લાગ્યા અને પોતાના નબી ﷺની યાદમાં ખૂબ જ ધ્રુસ્કે ધ્રુસ્કે રડવા લાગ્યા.

અલ્લાહુ અકબર ! કેવી મહોબ્બત હતી કે ખૂદ હુઝૂર ﷺ સ્વપ્નમાં તશરીફ લાવ્યા અને પોતાના બિલાલને પોતાના ક઼દમોમાં બોલાવી લીધા, પોતાની સોહબતના ફૈઝથી માલામાલ કર્યા.

*યા તો યૂં હી તળપ કે જાએઁ યા વહી દામસે છુળાએઁ*
*મન્નતે ગૈર ક્યૂં ઉઠાએઁ કોઈ તરસ જતાએ ક્યૂં*
*અબ તો ન રોક ઐ ગની ! આદતે સગ બિગળ ગઈ*
*મેરે કરીમ પેહલે હી લુક઼્મએ તર ખિલાએ ક્યૂં*

## ★ ગ઼ૌષે આ'ઝમનું સ્વપ્નમાં હુઝૂર ﷺને જોવું ★

સહાબાએ કિરામના સિવાય અવલિયાએ કિરામ અને ઉમ્મતના સાલેહ લોકો પણ આપના દીદારથી મુશર્રફ થતા રહ્યા. જેમ કે તન્વીરુલ હલ્કમાં શૈખ સિરાજુદ્દીનની તબક઼ાતે અવલિયાના હવાલાથી

ઉલ્લેખ છે કે શૈખ અબ્દુલ કાદિર જીલાની رضی اللہ عنہ ફર્માવે છે : "મેં નમાઝે ઝોહરથી પહેલાં સ્વપ્નમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા. આપે ફર્માવ્યું, બેટા ! વાઅઝ કેમ નથી કહેતા ? ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ફર્માવ્યું, હું અજમી છું. બગદાદની જબાન પર પ્રભુત્વ ધરાવનારાઓ સામે કેવી રીતે વાઅઝ કરું ?! હુઝૂર صلی اللہ علیہ وسلمએ ફર્માવ્યું, મોઢું ખોલો ! હઝરત ગૌષે આ'ઝમ رضی اللہ عنہ ફર્માવે છે કે મેં હુકમનું પાલન કર્યું અને મોઢું ખોલ્યું તો રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمએ સાત વખત પોતાનું આબે દહન મારા મોઢામાં નાખ્યું. પછી ફર્માવ્યું કે જાવ ! વાઅઝ કરો ! ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ નમાઝે ઝોહર પછી બેસીને વાઅઝ કરી, ખૂબ જ સંખ્યામાં લોકો આપની વાઅઝમાં ઉપસ્થિત રહ્યા.

હુઝૂર ગૌષે આ'ઝમ رضی اللہ عنہએ ખ્વાબમાં રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمને જોયા, સહાય પણ માગી, હુઝૂર صلی اللہ علیہ وسلمએ આપને લુઆબે દહન પણ અતા ફર્માવ્યું, પછી આપના લુઆબે દહનની બરકતથી આપના વાઅઝમાં તથા વાણીમાં એવી અસર પેદા થઈ ગઈ કે આપના વાઅઝથી અસંખ્ય લોકો સીધા રસ્તા પર આવી ગયા.

### ★ ઈમામ બુસૈરીનું હુઝૂર صلی اللہ علیہ وسلمને સ્વપ્નમાં જોવું ★

એ જ પ્રમાણે ઉસયદતુશ્શુહુદામાં છે કે હઝરત ઈમામ શર્ફુદ્દીન બુસૈરી رضی اللہ عنہ ફર્માવે છે : મને લકવાની અસર થઈ ગઈ, અડધુ શરીર બેકાર થઈ ગયું. મેં હુઝૂર صلی اللہ علیہ وسلمની શાનમાં કસીદો લખ્યો અને એ જ કસીદાના વસીલાથી ખુદાની બારગાહમાં શિફાયાબીની દુઆ કરી અને પછી કસીદો પઢીને સૂઈ ગયો. ફર્માવે છે, મેં સ્વપ્નમાં નબી અકરમ صلی اللہ علیہ وسلمને જોયા, તેમની સામે પૂરે પૂરો કસીદો પઢયો. આપે પોતાનો શિફાવાળો હાથ મારા શરીરના બેકાર થઈ ગયેલા ભાગ પર ફેરવ્યો, પછી જોવું જ શું હતું ?! જાગ્યો તો બિલ્કુલ તંદુરસ્ત અને શરીર સાજુ થઈ ગયું હતું ! સાચુ ફર્માવ્યું છે હુઝૂર આ'લા હઝરત رضی اللہ عنہએ :—

*ટૂટ પળતી હૈ બલાએઁ જિન પર જિનકો મિલતા નહીં કોઈ યાવર*
*હર તરફ સે વોહ પુર અરમાં ફિર કર તેરે દામનમેં છુપા કરતે હૈં*

હુઝૂર صلی اللہ علیہ وسلمને જોવું સ્વપ્નમાં હોય અથવા જાગૃત અવસ્થામાં હોય દરેક સ્થિતિમાં ખૈરો બરકતનો સવાબ છે. હુઝૂર صلی اللہ علیہ وسلمને સ્વપ્નમાં જોવાના પણ બે પ્રકાર છે : એક એ કે આપને આપની આગવી શાન સાથે જોયા. બીજો પ્રકાર : એ છે કે આપને એવી સ્થિતિમાં જુએ કે આપના વિશે આવી હાલતોનું સામાન્ય રીતે વિચારવામાં પણ નથી આવતું.

### ★ ઈમામે આ'ઝમનું હુઝૂર صلی اللہ علیہ وسلمને જોવું ★

હઝરત અલ્લામા મુલ્લા અલી કારી رحمۃ اللہ علیہએ પોતાની કિતાબ મિર્કાતુલ મફાતીહમાં આ પ્રકારના કેટલાક બનાવોનું વર્ણન કર્યું છે. તે પૈકી એક એ છે કે હઝરત ઈમામ આ'ઝમ رحمۃ اللہ علیہએ સ્વપ્નમાં જોયું કે તેઓ હુઝૂર صلی اللہ علیہ وسلمના હાડકાંઓ ભેગા કરી રહ્યા છે.સવારે ઈમામ ઈબ્ને સીરીંથી સ્વપ્નની તા'બીર પૂછી તો તેમણે બતાવ્યું, આની તા'બીર એ છે કે આપ ઈમામુલ મુસ્લિમીન બનશો, હદીષો જમા કરશો, મુકદ્દસ હદીષોમાં ગોરો ફિક્ર કરીને મસાઈલનું તારણ કરશો.

એવી જ રીતે એક બુઝુર્ગે સ્વપ્ન જોયું કે હુઝૂર صلی اللہ علیہ وسلمની લાશ મુબારક તે બુઝુર્ગની મસ્જિદના એક ભાગમાં રાખેલી છે. તે સ્વપ્નની તા'બીર એ રીતે બતાવવામાં આવી કે જમીનના જે ભાગમાં હુઝૂર صلی اللہ علیہ وسلمના જસદે અત્હરને રાખવામાં આવ્યું છે, તે જમીન બળજબરીથી જપ્ત કરેલી છે. મતલબ કે મસ્જિદના તે ભાગમાં જાણે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلمની શરીઅત મુડદા થઈ ગઈ છે, જેથી તે ભાગને મસ્જિદમાંથી બહાર કરી દે અથવા ખરીદીને મસ્જિદમાં સામેલ કરી લે.

આ પ્રકારના સ્વપ્નોની તા'બીર હઝરત ઈમામ ઈબ્ને સીરીન અને બીજા અન્ય ઓલમાએ પોતાની કિતાબોમાં દર્શાવી છે. આ તે સ્થિતિઓ છે જેમાં આપણે સામાન્ય રીતે હુઝૂર صلی اللہ علیہ وسلمને નથી જોતા, પરંતુ જો કોઈ હુઝૂર صلی اللہ علیہ وسلمને પોતાની આગવી શાન

સાથે જોઈ લે તો શું કહેવું ?!

**★ હુઝૂર ﷺના દીદારની અઢળક બરકતો ★**

જે તેમને તેમની જિંદગીમાં જોઈ લે તે પણ ખુશનસીબ, જે તેમને વફાત પછી સ્વપ્નમાં જુએ તે પણ ખુશનસીબ, જે તેમને તેમની જિંદગીમાં જોઈ લે છે તે સહાબી થઈ જાય છે. જે તેમને વફાત પછી સ્વપ્નમાં જુએ અને એ હાલતમાં જુએ કે હુઝૂર ﷺ તેની તરફ કેન્દ્રિત છે અથવા તેને તા'લમી આપી રહ્યા છે, અથવા તેની ઈમામત ફર્માવી રહ્યા છે, અથવા તેને વાઅઝ તથા નસીહત ફર્માવી રહ્યા છે અથવા દુઆ આપી રહ્યા છે અથવા કપડાં પહેરાવી રહ્યા છે અથવા કાંઈક ઈનાયત ફર્માવી રહ્યા છે, તો જો જોવાવાળો શખ્સ બાદશાહતના લાયક છે તો બાદશાહ બની જશે, જો તે વ્યક્તિ કયાદતના લાયક છે તો કાઈદ થઈ જશે. જો સામાન્ય માણસ છે તો આલિમે બાઅમલ થઈ જશે, અને હાકિમ છે તો હાકિમે આદિલ (ઈન્સાફ કરનાર) થઈ જશે, જો આબિદ (ઈબાદત કરનાર) છે તો બાકરામત વલી બની જશે, જો યતીમ છે તો બાઅઝમત થઈ જશે, જો તબીબ (ડોકટર) છે તો તેના તિબ્બથી ખુદાની મખ્લૂકને ફાયદો થશે, એટલું જ નહીં પરંતુ કાફિર જોઈ લેશે તો ઈમાનવાળો બની જશે, જો ગુમરાહ જોઈ લે તો સીધા રસ્તા પર આવી જશે, ગુનેહગાર જોઈ લે તો તેને તૌબા કરવાની તૌફીક મળી જશે. ગભરાઈ ગયેલા જોઈ લે તો તેની ગભરામણ દૂર થઈ જશે, કેદી જોઈ લે તો આઝાદ થઈ જશે, બીમાર જોઈ લે તો શિફા મળી જશે, કરજદાર જોઈ લે તો તેનું કરજ અદા થઈ જશે, જો વેપારી જુએ તો તેના વેપારમાં બરકત અને નફો થશે, જો ભટકી ગયેલો મુસાફિર જોઈ લે તો મંઝિલે મકસૂદ સુધી પહોંચી જશે, જો કોઈ તરસ્યું જોઈ લે તો તેની તરસ છુપાઈ જશે, જો કોઈ દુકાળના દિવસોમાં જોઈ લે તો દુકાળ જતો રહેશે, જો જંગના દિવસોમાં જુએ તો મુસ્લિમ મુજાહિદોને જીત હાંસલ થશે, જુલ્મો સિતમના દિવસોમાં જુએ તો તે સમયે મુસલમાનોના વિરૂદ્ધ થવાવાળી સખ્તીઓ ખતમ થઈ જશે, કોઈ વેરાન જગાએ અઝાન કહેતાં જુએ તો તે આબાદ થઈ જશે, ત્યાં સુધી કે જે કોઈપણ જે મુસીબતમાં સંડોવાયેલું હોય તે આ પરેશાનીની હાલતમાં જો હુઝૂર ﷺને જોઈ લે તો સંપૂર્ણ રીતે પરેશાની દૂર થઈ જશે. (સુબ્હાનલ્લાહ !)

**★ ઈમામ અહમદ રઝા અને દીદારે મુસ્તફા ﷺ ★**

આ'લા હઝરત رضی اللہ عنہ ફર્માવે છે :–

**ઉનકે નિષાર કોઈ કૈસે હી રંજ મેં હો**
**જબ યાદ આ ગએ હૈં સબ ગમ ભૂલા દિયે હૈં**

હુઝૂર ﷺને જેવી રીતે ખૂબ જ અસંખ્ય બુઝુર્ગોએ જોયા છે તેવી જ રીતે આ'લા હઝરત ﷺએ પણ હુઝૂર ﷺને જોયા છે. આપ પોતાના કલામમાં ફર્માવે છે :–

***યાદ મેં જિસકી નહીં હોશે તનો જાં હમકો***
***ફિર દિખા દે વો રૂખે મહરે ફરોઝાં હમકો***
***દેર સે આપ મેં આના નહીં મિલતા હૈ હમેં***
***ક્યા હી ખૂદ રફતા કિયા જલ્વએ જાનાં હમકો***

હે ચાંદની જેમ ચમકનાર ! અમને પોતાના રૂખે ઝયબાનો (ચહેરા મુબારકનો) ફરીવાર દીદાર આપો, તે રૂખે ઝયબા જેની યાદમાં અમને પોતાની પણ ફિક્ર નથી, ફરીવાર દીદારનો મતલબ એ છે કે આથી પહેલાં પણ દીદાર કરી ચૂક્યા છે. અને આથી પહેલાં દીદાર કર્યો ત્યારે શું હાલત હતી તેને બીજા શેઅરમાં વર્ણન કર્યું છે : "દેર સે આપમેં આના નહીં મિલતા હે હમેં"

એક વખત જોઈ લેતા તો એ રીતે ખૂદ રફતા (બેકાબૂ) થઈ જતા કે પછી અમને પોતાની ફિકર પણ ન રહેતી હતી. હમ આપસે દૂર હો જાતે થે. આ આપણા આ'લા હઝરત છે. આવો ! તેમના શેઅર પર આપણી ગફતગૂ પૂર્ણ કરીએ :–

***ઉઠા દો પર્દા દિખા દો ચેહરા કે નૂરે બારી હિજાબ મેં હૈ***
***ઝમાના તારીક હો રહા હૈ કે મહર કબસે નકાબ મેં હૈ***

*(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૪)*

# બુઝુર્ગોના
# મઝારોની તૌહીન !

રજૂકર્તા : **મૌલાના મુહમ્મદશાકિર નૂરી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી–મુંબઈ)*
અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** *(તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક)*

અલ્લાહ તબારક વ તઆલા કુર્આને મુક઼દસમાં ઈર્શાદ ફર્માવે છે :–

**ذٰلِكَ وَمَنۡ يُّعَظِّمۡ شَعَآئِرَ اللّٰهِ فَاِنَّهَا مِنۡ تَقۡوَى الۡقُلُوۡبِ**

''અને વાત એ છે, જે લોકો અલ્લાહની નિશાનીઓની તા'ઝીમ કરે છે તો એ દિલોની પરહેઝગારી છે.'' *(સૂરએ હજ્જ, પારા : ૧૭, આ : ૩૨)*

અલ્લાહની નિશાનીઓ શું છે ? અલ્લાહ عَزَّوَجَلَّ ઈર્શાદ ફર્માવે છે :–

**اَمۡ حَسِبۡتَ اَنَّ اَصۡحٰبَ الۡكَهۡفِ وَالرَّقِيۡمِ**
**كَانُوۡا مِنۡ اٰيٰتِنَا عَجَبًا**

''શું તમને માલૂમ થયું કે પહાડની ગુફાવાળા અને જંગલના કિનારાવાળા અમારી એક અજીબ નિશાની છે.'' *(સૂરએ કહફ, પારા : ૧૫, આ : ૯)*

એટલે કે અસ્હાબે કહફ અલ્લાહની નિશાનીઓમાંથી એક નિશાની છે. જયારે ગુફામાં હઝરત ઈસા علیہ السلام ની ઉમ્મતના અવલિયા જેમણે પોતાનું ઈમાન બચાવવા માટે ગુફામાં પનાહ લીધી તે અલ્લાહની નિશાની થઈ ગયા, તો તે પવિત્ર જાતો જેમણે અલ્લાહના હબીબ મુસ્તફા કરીમ રઊફુર્રહીમ صلی اللہ علیہ وسلم ની સાથે તન મન ધનની બાજી લગાડીને કેવળ ઈમાન જ નથી બચાવ્યું બલ્કે પૂરી દુનિયામાં ઈસ્લામ ફેલાવ્યો, તે સહાબાએ કિરામ અને અહલે બયત તથા એમના અવલિયાએ કિરામે એ ફરીઝાને અંજામ આપ્યો તેમનાં મઝારો શું અલ્લાહની નિશાની નથી ?! આજે વહાબી ચળવળ હદીષ મુબારકાની ગલત સમજૂતી કરીને સહાબાએ કિરામ, અહલે બયતે એઝામ તથા અવલિયાએ ઝી એહતેરામના મઝારોને શહીદ કરવાનો નાપાક મનસૂબો પેશ કરી રહી છે અને તેને તૌહીદનું નામ આપી રહી છે.

મુસલમાનો ! જરા વિચારો ! જન્નતુલ બક઼ીઅમાં લગભગ દસ હજાર સહાબા, ઉમ્મહાતુલ મો'મિનીન, જિગર ગોશએ રસૂલ સૈયદા ફાતિમા ઝહરા, ઈમામ હસન મુજતબા رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن વગેરેનાં મઝારો પર ઈમાનવાળાઓએ ગુંબદ બાંધ્યા હતા, જે ઈમાનવાળાઓની આંખોની ઠંડક અને દિલનું સુકૂન હતા, વહાબીઓએ તૌહીદના નામ પર તે મઝારો પર બુલડોઝર ચલાવ્યાં ! આજે એ જ ચળવળનું પરિણામ છે કે હાલમાં જ સહાબીએ રસૂલ હઝરત ઈબ્ને અદી, સૈફુલ્લાહ હઝરત સૈયદના ખાલિદ બિન વલીદ, નવાસીએ રસૂલ હઝરત સૈયદા ઝયનબ બિન્તે અલી رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْن ના મઝારોને તેમજ હઝરત યૂનુસ علیہ السلام નું મઝાર વગેરે શહીદ કરી દીધાં ★.

વિચારવાની વાત છે કે હઝરત સાલેહ علیہ السلام ની ઊંટણી જે શઆઈરિલ્લાહમાંથી હતી તેને શહીદ કરવામાં આવી તો એ કૌમ પર અલ્લાહનો અઝાબ આવ્યો, તો જે કૌમ સહાબાએ કિરામ, અહલે બયતે

*★હાલમાં એ જ વહાબી આતંકવાદીઓ* ***ISIL*** *થકી (જેઓને મીડિયા ''સુન્ની આતંકવાદી'' કહે છે, જો કે તેઓ સલફી છે સુન્ની નથી) ઈરાક઼માં હઝરત ઉવૈસ કરની* رضی اللہ عنہ *નું મઝાર બોમ્બથી ઉડાવી દેવામાં આવ્યું અને હજી બગદાદ તથા અન્ય શહેરોમાંના વલીઓનાં મઝારો તેમના નિશાના પર છે. અલ્લાહની પનાહ !* **–અનુવાદક**

એઝામ તથા અવલિયાએ ઝી એહતેરામના મઝારોને મૂર્તિ કહીને શહીદ કરી આપે તે કૌમ કેવી રીતે ઈજ્જતની સાથે જમીન પર જીવી શકે છે ?

જ્યારે મુસલમાનો મઝારોની શહાદત પર વિરોધ કરે છે તો વહાબી મુલ્લા મુસ્લિમ શરીફની હદીષ અસ્થાને રજૂ કરતા જોવા મળે છે તે આ પ્રમાણે છે : "અબુલ હયાજ અસદી બયાન કરે છે કે હઝરત અલી رضی اللہ عنہએ મને ફર્માવ્યું, શું હું તમને એ કામના માટે ન મોકલું જેના માટે નબી કરીમ ﷺએ મને મોકલ્યો હતો ? તમે દરેક તસ્વીરને મિટાવી દેજો અને દરેક ઊંચી કૃબ્રને જમીનના બરાબર કરી આપજો." *(મુસ્લિમ શરીફ)*

આ મુબારક હદીષનો હવાલો આપીને વહાબી (સલફી) ભોળી ભાળી અવામને ગુમરાહ કરે છે અને કહે છે કે જુઓ ! આક઼ ﷺએ મૌલા અલી رضی اللہ عنہને કૃબ્રો જમીનના બરાબર કરવાનો હુકમ આપ્યો ! અમે અર્ઝ કરવા ચાહીએ છીએ કે જે કૃબ્રોને આક઼ાએ આલમ ﷺએ જમીન બરાબર કરવાનો હુકમ આપ્યો એ કૃબ્રો કોની હતી ? શું એ કૃબ્રો સહાબાએ કિરામની હતી ? નહીં ! હરગિઝ નહીં બલ્કે એ કૃબ્રો મુશ્રિકોની હતી જેમને આક઼ાએ કરીમ ﷺએ મૌલાએ કાઈનાત સૈયદના અલી رضی اللہ عنہને જમીન બરાબર કરવાનો હુકમ આપ્યો. રહ્યું મો'મિનોની કૃબ્રો, દા.ત. સૈયદુશ્શોહદા હઝરત અમીર હમ્ઝા તથા અન્ય ઓહદના શહીદોનાં મઝાર, ઉમ્મુલ મો'મિનીન હઝરત ખદીજતુલ કુબ્રાનું મઝાર, અલી મુર્તઝાનાં વાલિદા હઝરત ફાતિમા બિન્તે અસદનું મઝાર, બદર તથા હુનૈનના શહીદોની કૃબ્રો رضوان اللہ تعالیٰ علیہم اجمعین, શું આ આ આક઼ાએ કરીમ ﷺની જાહેરી હયાતમાં ન હતી ? જો સર્વ કૃબ્રો તોડી પાડવામાં આવી તો પછી આ કૃબ્રો શાથી બનાવવામાં આવી ? જાણવા મળ્યું કે જેમની કૃબ્રોને જમીનના બરાબર કરવામાં આવી તે મુશ્રિકોની કૃબ્રો હતી, અને જે કૃબ્રોને આક઼ાએ કરીમ ﷺની મુબારક મરજીથી બનાવવામાં આવી તે સાલેહીનની કૃબ્રો હતી. તો શું નામ માત્રનો કલ્મો પઢનારા (આ વહાબી–સલફી) આક઼ા ﷺના સહાબા તથા અહલે બયતને મુશ્રિક સમજે છે કે તેઓ એમની પવિત્ર કૃબ્રો સાથે મુશ્રિકોની કૃબ્રો જેવો વહેવાર કરવા માગે છે ?! આક઼ાએ કરીમ ﷺએ ઓહદના શોહદાનાં મઝારો બનાવ્યાં, તેને સલામત પણ રાખ્યાં, બલ્કે સિહાહ સિત્તહની રિવાયતોથી સાબિત પણ છે કે આક઼ા ﷺ વારંવાર ત્યાં તશરીફ લઈ જતા અને ઓહદના શહીદોને પોતાની ઝિયારતથી નવાઝતા. વધુમાં આક઼ાએ કરીમ ﷺનું ફર્માન છે : કૃસમ એ જાતની જેના કૃબજામાં મારી જાન છે ! કૃયામત સુધી જે પણ ઓહદના શહીદોની કૃબ્રોની ઝિયારત કરે અને તેમને સલામ કરે તો એઓ એમના સલામનો જવાબ આપશે. *(અલ્મુસ્તદરક, ફતાવા રઝવિય્યહ, ૯/૫૨૦)*

જ્યારે કૃબ્રોને જમીનના બરાબર કરી દેવું ઈસ્લામ ઠર્યું તો બદર તથા હુનૈન તથા ઓહદમાં કૃબ્રોને બનાવવું તથા ઓહદવાળાઓની ઝિયારતના માટે આકર્ષવાનો શો મતલબ ?! શું રસૂલ દુશ્મની તથા સહાબા તથા અહલે બયત તથા અવલિયાએ ઈસ્લામની અદાવતમાં હદીષે રસૂલની ગલત સમજૂતી અને મુશ્રિકોની કૃબ્રોનો હુકમ સહાબા તથા અહલે બયત તથા સાલેહીનની કૃબ્રો પર ફિટ કરીને હદીષે રસૂલ ﷺ પર જુલ્મ નથી તો પછી શું છે ?! શું આનું નામ દીન છે ? *(હવાલો : કૌમોં કી તબાહી કા અસલી સબબ, અઝ : મૌલાના મુહમ્મદશાકિર નૂરી)*


## નિકાહ રજીસ્ટર ૩ કોપીમાં

અમારે ત્યાં સુંદર છપાઈ સફેદ પેપર પર ૩ કોપીમાં, ૧ રજીસ્ટરમાં ૫૦ નિકાહ નોંધાય તેવું રજીસ્ટર મળશે. કિંમત **રૂા. ૨૫૦/–** (ટપાલ ખર્ચ ૧૦/– રૂા.) પણ જેમને જોઈતુ હોય તેઓ કાઝી પોતાના કે સંસ્થાના લેટર પેડ પર લખાણ આપે કે અમને કે સંસ્થાને નિકાહ રજીસ્ટરની જરૂર છે. સાથે એડ્રેસ, ફોન નં. સંપૂર્ણ વિગત લખે તો જ રજીસ્ટર મોકલવામાં આવશે. સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા, મુા.પો. દયાદરા–૩૯૨૦૨૦ તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧



# ફિલ્મો સિરિયલો જુઓ ને બંને જહાનની બર્બાદી નોંતરો !

રજૂકર્તા : **હાફેઝ અબ્દુર્રહમાન હાફેઝ દાઉદ પટેલ–પારખેત** (હાલ : મુબારકપુર)

એક સમય હતો જ્યારે ફિલ્મો સાથે જોડાવું અને તેમાં કામ કરવું ઐબ ગણાતુ હતું. અને આપણા મુસ્લિમ બલ્કે ભારતીય સમાજમાં નાચનારાઓને માનની નજરોથી જોવામાં આવતા ન હતા. અફસોસ કે નામના જ પણ મુસ્લિમો જ એમાં અગ્ર સ્થાને છે. ઈ.સ. ૧૯૩૧ પછી કાયદેસર બોલતી ફિલ્મોની શરૂઆત થયા બાદ તેની તરફ લોકોનું ધ્યાન વધવા લાગ્યું અને ત્યારબાદ જ્યારે રંગીન ફિલ્મોનો સમય આવ્યો તો પબ્લિકમાં સિનેમા પ્રત્યે કાંઈક વધુ જ ક્રાંતિ જોવા મળી. અને ત્યારબાદ આજે સ્થિતિ એ હદે પહોંચી કે નાના તથા કુમળા ફૂલ કહી શકાય તેવાં બાળકોથી લઈ સમાજની આબરૂ તથા માણસાઈનું ધન ગણાતા યુવાનો અને સમાજ સેવક અથવા સમાજ સુધારકના હોદ્દે બિરાજેલ વડીલો સુધી દરેક કોઈ ન કોઈ રીતે, કોઈ ન કોઈ સ્થળે ફિલ્મ જેવા દુષ્ટ તથા સમાજમાં અંધકાર અને કુકર્મ ફેલાવનાર કાર્ય સાથે સંબંધિત જણાય છે.

### ★ ફિલ્મ એટલે કુસંસ્કારની તા'લીમ ! ★

આજે સિનેમા માણસના જઝબાત અને તેના વિચારો જાહેર કરવાનો એક જબરદસ્ત સ્ત્રોત બની ગયું છે. અત્રે આપણા સમાજમાં જે કાંઈ ચાલી રહ્યું છે તેની રજૂઆત ફિલ્મોમાં થઈ રહી છે, પરંતુ આ વાક્ય કદાચ ગળે ઉતરે એવું નથી એટલા માટે એમ કહેવામાં આવે તો બરાબર છે કે Western Cultureની નકલ અને તેની દેખાદેખીમાં જે કાંઈ ફિલ્મોમાં દેખાડવામાં આવી રહ્યું છે તેની ઊંડી અસર આપણા સમાજ પર પડી રહી છે. નગ્નતા, જુલ્મ, સેક્સ, અવળા રસ્તે ચાલવુ, વ્યભિચાર, સંબંધોની તોડફોડ, લાંચ, રુશ્વત, રાજનીતિના નામે ગુંડાગીરી, બેઈમાની, અને નિત નવા ગોટાળા.... વગેરે. આ બધુ ફિલ્મો દ્વારા જ આપણા સમાજમાં આવ્યું છે.

જો કે અમુક ડાયરેક્ટરોનું કહેવું છે કે તેઓ પોતાની ફિલ્મમાં તે જ વસ્તુ દેખાડે છે જે સમાજમાં થઈ રહી છે અને પબ્લિક જેને અમારી ફિલ્મોમાં જોવાનું પસંદ કરે છે. અમારી સમજમાં આ જ સુધી એ વાત નથી આવતી કે પબ્લિકમાંથી ક્યારે અને કઈ વ્યક્તિએ જઈને તેમને કહ્યું, "તમે પોતાની ફિલ્મમાં નગ્નતા, બેહયાઈ તથા જુલ્મ જબરદસ્તી દેખાડો તો જ અમે થિયેટર જઈ તમારી ફિલ્મ જોઈશું." જ્યારે આ પ્રકારના પ્રશ્નો સામે આવે છે તો કહેવાતા અદાકારો, ડાયરેકટરો અને અમુક તેમના અનુકરણમાં આંધળા જેમ ફરનારા ક્યાંક તો જવાબ ન આપી ચુપકીદી સાધી લે છે અથવા પોતાના અમુક ખોટા વલણો તથા વાણી વિલાસ દ્વારા સંસ્કૃતિ તથા ધાર્મિકતાને ઠેસ પહોંચાડે છે.

### ★ મનોરંજનના નામે થતી માલ તથા સંસ્કારની લૂટ ★

અવાર નવાર સમાચાર માધ્યમો દ્વારા કલાકારોની કમાણીની હરિફાઈ દેખાડવામાં આવે છે. કરોડોની કમાણી કરી રેકોર્ડ પોતાના નામે કરવાના એજંડા કરવામાં પણ કલાકારો તથા ડાયરેક્ટરો પાછળ નથી. પરંતુ વિચારજનક વાત એ છે કે કરોડોની રકમ

લોકો પાસેથી ખંખેરી તેમને મનોરંજનના નામે કઈ બિભત્સ સંસ્કૃતિ તરફ વાળવામાં આવી રહ્યા છે એ જોવામાં નથી આવતું ! શું એ વાત કોઈનાથી છુપી છે કે આજે તો ડાયકરેકટર ફક્ત પોતાનો નફો જ જુએ છે ભલે પછી તેના બદલે સમાજમાં કુકર્મોની ગંદકીનો ઢગલો વળી જાય, મા બહેનોની ઈજ્જતોની હોળી થવા લાગે ! અને આજે એ થઈ રહ્યું છે, આ બધું ફિલ્મી જગતની દૈન છે.

એક સર્વે મુજબ પાછલા ૪૦ વર્ષોની અંદર ફીચર ફિલ્મોમાં ગુનાહ તથા બળજબરીની સ્ટોરીઓ રજૂ કરવાનો ક્રેઝ દિવસે દિવસે વધી રહ્યો છે અને ગણતરીના આંકડા સાબિત કરી રહ્યા છે કે તેના દ્વારા દેશની દરેક કૌમની સંસ્કૃતિ અને ખાસ કરીને મુસ્લિમ સમાજને સખત નુકસાન પહોંચ્યું છે. એક સર્વે મુજબ ૭૨% ફિલ્મોમાં નુકસાનની હદ સુધી ગુનાહિત ધંધાઓ સામેલ છે જ્યારે કે ૫૨% ફિલ્મોમાં બળાત્કાર તથા કત્લ જેવા ભયાનક વિષયો રજૂ કરવામાં આવ્યા છે. *(સહારા ઈન્ડિયા, ૨૦૧૩)* સાથે જ લૂટફાટ અને મારધાડના પ્રસંગો સંપૂર્ણ સ્પષ્ટતા સાથે રજૂ કરવામાં આવે છે, તે પણ એ રીતે કે ફિલ્મ જોનારને એવાં કુકર્મો કરવાનો માર્ગ જ નથી મળતો બલ્કે તેને નડતરરૂપ બાબતો પણ તેની સામે આવી જાય છે જેથી તે કુકર્મ સફળતાથી પાર પાડવા પ્રોત્સાહિત થાય છે.

એક સર્વે મુજબ ફક્ત અમેરિકામાં થનારા ૫૦% સામાજિક તથા ધાર્મિક ગુનાહો ફીચર ફિલ્મો અને ટી.વી. કાર્યક્મોની ભેટ છે. ખૂદ આપણા દેશમાં કેટલાય મોટા કેસોના દોષીઓએ કબૂલાત કરી છે કે તેઓએ ફલાણા ગુનાહિત કાર્યની રીત ફલાણી ફિલ્મ દ્વારા મેળવી. આ સર્વેને જોતાં અનુમાન કરી શકાય કે આપણો સમાજ સિનેમાની આડ અસર ખૂબ જ ઊંડી રીતે કબૂલ કરી રહ્યો છે.

### ★ ધાર્મિકતાને બદ્‌નામ કરનાર ક્ષેત્ર એટલે ફિલ્મી જગત ★

વ્હાલા વાંચક મિત્રો ! એક તરફ તો ફિલ્મોમાં મનોરંજનના સુવર્ણ પ્યાલામાં નગ્નતા તથા બેશરમીનું ઝેર પીવડાવી સંસ્કૃતિનું ખૂન થઈ રહ્યું છે, તો બીજી બાજુ આ (ફિલ્મી) જગત કોઈપણ ધર્મ તથા સંસ્કૃતિ પર ટીપ્પણી કરવાનો બેરોકટોક માર્ગ પણ છે. જેમાં અવારનવાર એક્ટરો દ્વારા ધાર્મિક્તા પર કીચડ ઉછાળવામાં આવે છે અને દરેક ધર્મની વાત ન કરતાં મુસ્લિમ હોવાની હૈસિયતથી ફક્ત ઈસ્લામ વિશે જ વાત કરું તો લગભગ ૫૦%થી વધુ ફિલ્મોમાં મુસ્લિમ લેબલ સાથે ગુંડા તત્વોનો રોલ થઈ રહ્યો છે, વળી ગીતોના કુફિયા શબ્દો સાથે ''સુબ્હાનલ્લાહ !'' અને ''માશાઅલ્લાહ !''ના શબ્દો વાપરી તેની પવિત્રતા વેડફાય છે, તો વળી અમુક ફિલ્મોમાં ઝિના જેવા મન્હૂસ કાર્ય પર ''રબ કી રહમત બરસ પળી''નો ઉપયોગ થાય છે, તો ક્યારેક ''અઝાન'' જેવી ફિલ્મોમાં મુસ્લિમોને આતંકવાદનો પહેરવેશ અપાય છે, તો ક્યારેક OMG જેવી ફિલ્મોમાં બરઝખ (કબ્ર) તથા તેના અઝાબનો ઈન્કાર દર્શાવાય છે, તો ક્યારેક ''રેસ–૨''ના નગ્ન પોસ્ટર પર કુર્આનની આયત છાપી વિવાદ ખડો કરવામાં આવે છે. હાલમાં જ ફિલ્મ ''ઈનોસન્સ ઓફ મુસ્લિમ્સ''માં નબી પાક ﷺની તૌહીન કરવામાં આવી છે. જ્યારે અમુક ફિલ્મોમાં તો હિંદુ મુસ્લિમ વિવાદોને એવી રીતે રજૂ કરવામાં આવે છે કે જે સરવાળે કૌમ તથા દેશ બંને માટે નુકસાનકારક પુરવાર થાય છે.

આ બધી વાતોને નજર સમક્ષ રાખી એમ કહેવામાં આવે તો અયોગ્ય નથી કે પ્રથમ તો ફેશન અને ગ્લેમરના નામે આપણા યુવાનો યુવતીઓનું સુન્નતોભર્યું જીવન હડપ કરી બદ્અમલી તથા નફ્સપરસ્તીના શિકાર બનાવી દેવામાં આવ્યા અને બદ્‌કિસ્મતીથી જ્યારે તેઓ ફિલ્મી ક્ષેત્રે રસીલા થવા લાગ્યા તો ધીરેથી ગીતોમાં એવા શબ્દોનો વપરાશ કરાયો જેને ગાનાર મુસ્લિમનું ઈમાન જતુ રહે અને ગીતોના પ્રેમના કારણે પોતાના ઈમાન જવાની તેમને ખબર પણ ન પડે !

એ જ રીતે ફિલ્મો–સિરિયલોમાં ગૈરુલ્લાહની પૂજાના પાઠ જરૂરથી ભજવાય છે, આરતી ઉતરે છે જેને આપણા ભાઈ બહેનો લિજ્જતથી જોતા રહે છે ! કુકીવાળી સાંભળી પોતાના ઈમાનને ખતરામાં નાખતા રહે છે ! આ એવી બાબતો છે કે ઈમાન

બર્બાદ થઈ જાય છે અને જોનારને ખબર પણ નથી પડતી ! વળી તેમાં બીજી બાજુથી હાસ્યાપદ વાતો રજૂ કરી તેમાં ઈસ્લામી કાનૂન તથા શરીઅતના એહકામ અને અકાઈદે તૌહીદો રિસાલતની મજાક ઉડાવી તેને "કોમેડી"નું શિર્ષક આપી દેવામાં આવ્યું, જેથી વાંધો ઉઠાવવામાં આવે તો કહી શકાય કે અમે તો ફક્ત લાફિંગ માટે આ બધુ કર્યું ! આ છે ફિલ્મના નામે અપાતો બેઈમાનીનો ઝેરીલો ડોઝ જેને મુસલમાન નફ્સાની ખ્વાહિશોની દવા સમજી પીતો જાય છે પણ તેના ઝેરની અસર તેની દુનિયા તથા આખેરતને ખોખરી કરી બર્બાદ કરી દે છે.

### ★ હકીકત જાણી ગયા તો હવે દૂર થઈ જાવ ! ★

હે મુસલમાનો ! હે નબી ﷺની મહોબ્બતના કહેવાતા દાવેદારો ! હે પોતાના જાન માલને જન્નતના બદલે વેચનારાઓ ! ખુદાના વાસ્તે નબી ﷺની મહોબ્બતના પોતાના દાવાને કમજોર ન કરો, ખુદા સાથે કરેલ સોદાનું ઉલ્લંઘન ન કરો. ફિલ્મમાં કામ કરનારી નીચ, બેશરમ અને હલકટ હિરોઈનોને આંખો ફાડીને જોવાના બદલે પોતાની નજરના મોતીઓને હુસ્ને તમામ, બદરે કામિલ જેમના વિશે હઝરત જાબિર رضی اللہ عنہ ફર્માવે છે, "આપ ﷺનો ચહેરો ચૌદમીના ચાંદ કરતા વધારે સુંદર છે." તેમના દીદારની તલબમાં લૂટાવો. જે વસ્તુ પણ તમારી સામે આવે તેને જોતા પહેલાં શરીઅતના ત્રાજવામાં તોલો અને તેમાં જરાક પણ ખુદા વ રસૂલ عَزَّوَجَلَّ وَصَلَّى اللهُ عَلَيْهِ وَسَلَّمَના હુકમનુ ઉલ્લંઘન જણાય તો તેની નજીક પણ ન જાવ, પોતે પણ તેનાથી દૂર રહો અને તમારા તાબા હેઠળના લોકોને પણ તેનાથી દૂર રાખો !

### ★ બહેનોને આ જહન્નમની સીડી પર જતી રોકો ! ★

હે પુત્રીના જન્મ પર જન્નતની ખુશખબરી પામનારાઓ ! પોતાની પુત્રીઓને આવા નકારાત્મક પરિબળોથી બચાવો. આજકાલ ઘરેઘર ટી.વી. પર ફિલ્મો, સિરિયલો નિયમિત મુસલમાન, પોતાને આશિકે રસૂલ, આશિકે અવલિયા, આશિકે હુસૈન કહેનાર ભાઈઓ બહેનો જોતાં રહે છે ! એવી રીતે જુએ છે કે જાણે આ ગુનાહનું કામ જ નથી ! બલ્કે શૈતાનોએ કેટલાક ભાઈઓ બહેનોને એવા બહેકાવ્યાં છે કે કહે છે, એમાંથી જીવન જીવવાનો તરીકો શીખી શકાય છે ! અફસોસ ! મુસલમાનીનો તથા આશિકીનો દાવો અને જીવન જીવવાનો તરીકો ઈસ્લામના દુશ્મનો, ખુદાના દુશ્મનો, શૈતાનના ચાહકોથી શીખવાની વાત કરવામાં આવી રહી છે ! આ સિરિયલોમાં જૂઠ બોલવાની ટેકનિક, લફરાં કરવાની ટેકનિક, વ્યભિચાર તરફ આકર્ષતા ડાયલોગ, પતિની બેવફાઈની તા'લીમ, ડ્રગ દારૂનો ઉપયોગ કરવાનું આકર્ષણ, બદ્માશ તથા લુચ્ચાઈની તા'લીમ શીખવા મળતી હોય છે, અને સુંદરી બનીને પોતાના શરીરને લોકો સમક્ષ રજૂ કરવાની હિંમત પેદા કરતુ પ્રોત્સાહન મળે છે, જેથી જ બ્યુટી પાર્લરોમાં હવે ભીડભાડ થઈ રહી છે ! પહેલાં ક્યા હતું આ નામ (બ્યૂટી પાર્લર) પણ ! સારાંશ કે સિરિયલોના અનુસરણમાં આપણા ભાઈઓ અને ખાસ તો બહેનો કેટલીયે અવળા માર્ગે ચડીને પોતાની તથા પૂરા કુટુંબની જિંદગીની તબાહ પણ કરતી હોય છે. ક્યાંક શાદીના આગલા દિવસે છોકરીઓ ભાગી રહી છે, તો ક્યાંક આડા સંબંધો પરણેલાં પતિ પત્નીનાં જાહેર થતાં તલાકો થઈ રહી છે, તો ક્યાંક ઘરના ઝઘડામાં તથા અન્ય લફરાઓમાં આત્મહત્યાના બનાવો બને છે ! આ છે ફિલ્મો (સિરિયલો)ની બરકત !

### ★ સુપર સ્ટારનો અર્થ અને એ કોણ ? ★

પ્યારા વાંચક મિત્રો ! આજકાલ મુસ્લિમોને એક અનોખી વ્યાખ્યા આપવામાં આવી રહી છે, એટલે કે "સુપર સ્ટાર", કે જેનો સીધો અર્થ તો તેજસ્વી તારલો જ થાય છે, પરંતુ ધ્યાન કરવામાં આવે તો મતલબ એ નીકળશે કે તારાઓ દ્વારા રસ્તો શોધાય છે અને આ પણ સ્ટાર એટલે કે "અનુકરણના લાયક" વ્યક્તિ. હવે પ્રશ્ન એ છે કે શું કહેવાતા સુપરસ્ટાર એટલે કે ક્રિકેટર અથવા એક્ટરનું

અનુસરણ એક મુસ્લિમને દુનિયા તથા આખેરતની કામયાબી આપી શકે છે ?! વધુમાં વધુ તે પોતાના ક્ષેત્રે માણસને કામયાબ કરશે, તે પણ ફક્ત દુનિયામાં! અને આખેરતના અઝાબના વખતે ન તો ક્રિકેટર કે ન તો એકટર કાંઈક સહારો બની શકે છે, એને તો તમો પણ દિલથી માનતા જ હશો. જ્યારે આ વાત પાકી થઈ ગઈ કે કહેવાતો સુપર સ્ટાર ક્ષણિક ચમકવાળો છે, એનું કહેવાતુ નૂર ભ્રામક છે ! તો પછી કોઈ એવાને શોધવામાં આવે જે દુનિયાની ભ્રામક કામયાબીઓથી હટાવી સાચા અર્થે દુનિયાના દરેક ઈજ્જતદાર તથા હર્યાભર્યા ક્ષેત્રે આગળ પણ લાવી શકે અને આખેરતમાં શફાઅતનો જિમ્મેદાર પણ બની જાય. જો આ રીતે શોધવામાં આવે તો છેવટે નજરો તે જ વ્યક્તિ પર જઈ થોભી જશે જેને અલ્લાહ તબારક વ તઆલાએ આઈડિયલ (**Ideal**) બનાવી એલાન ફર્માવી દીધું. فی رسول الله اسوة حسنة જેનો તર્જુમો તો કદાચ તમને ખબર જ હશે પણ સાથે જ વર્તમાન સમય મુજબ તર્જુમો કરી શકાય કે દુનિયાના સૌથી શ્રેષ્ઠ, મહાન અને સૌથી નૂરાની સુપરસ્ટાર (માર્ગદર્શક)નું નામ "મુહમ્મદે અરબી" ﷺ છે.

સાથે જ એ પણ ધ્યાન રહે કે તે જમાઅત જે જાહેર તથા બાતિનમાં આપ ﷺના અન્વારથી રોશન થઈ ગઈ, જેના વિશે ખૂદ હુઝૂર ﷺએ ફર્માવ્યું, **"મારા સહાબા તારાઓની જેમ છે, જેની પણ પેરવી કરશો હિદાયત પામશો."** *(રૂહુલ બયાન, પારા : ૨૭, પેજ : ૧૨૪)*

અને પોતાના અહલે બૈત વિશે ફર્માવ્યું, "મારા અહલે બૈત નાવડી સમાન છે." એટલે કે આ છે તે પાક હસ્તીઓ જે ઈજ્જતભર્યું જીવન શોધનાર દરેક વ્યક્તિ માટે અનુકરણના લાયક છે. તો પછી છોડો આ નામના સુપરસ્ટારો તથા જહન્નમના માર્ગે જનારા તથા લઈ જનારાઓને અને જીવનના આ નાનકડા સફરમાં સાચા અહલે બૈતની નાવડીમાં સવાર થઈ, સહાબાએ કિરામ જેવા સ્ટારોના નૂરમાં કે જેઓ "સીરાજમ્મુનીરા" (નૂરના સૂર્ય) નબી ﷺના નૂરથી રોશન છે, પોતાની મંઝિલ જન્નત તરફ આગળ વધવામાં લાગી જાવ ! દુનિયાએ ફક્ત શબ્દો બદલી આ મુકદ્દસ હસ્તીઓ તરફથી આપણુ ધ્યાન હટાવી દીધું છે, નહીં તો તેઓ જ ખરા અર્થમાં આપણા માટે સુપર સ્ટાર (**Super Star**), આઈડિયલ (**Ideal**)અને રોલ મોડલ (**Roll Model**) છે.

## અંતિમ વાત....

ફિલ્મ તથા તેના નકારાત્મક તત્વો, તેમાં સામાજિક તથા ધાર્મિક નુકસાનો અને રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે થતી તેની આડ અસર વિશે આટલી સ્પષ્ટ રજૂઆત બાદ પણ જો કોઈ એમ કહે કે આ તો બસો વરસ પાછળ જવાની રૂઢીચુસ્તોની વાતો થઈ રહી છે ! જમાનો આટલો ફોરવર્ડ થઈ ગયો અને આ બસ જૂની વાતોમાંથી જ નવરા નથી પડતા ! તો ફેશન, ગ્લેમર અને સિનેમાના એવા આંધળા અનુયાયીએ જોઈએ કે એક ચિત્ત થઈ રજૂ કરેલ વાતોને સારી રીતે સમજે, કારણ કે ઉપરોક્ત વાતોમાં અમે ન તો ટેક્નોલોજીનો વિરોધ કર્યો છે, ન તો તેના ફાયદાઓને નકાર્યા છે અને ન તો તેના સદ્ઉપયોગથી દૂર રહેવાની વાત કરી છે, બલ્કે અમારો હેતુ ફક્ત એ જ છે કે ટેક્નોલોજીનો થતો દુરપયોગ અટકાવી ઈસ્લામ તથા મુસલમાન જ નહીં દુનિયાના દરેક સમાજ, દરેક કૌમની સંસ્કૃતિ તથા દરેક વ્યક્તિને દરેક કુટુંબોને બર્બાદી તથા અધોગતિની ખાઈમાં પડવાથી રોકીને ફાયદો પહોંચાડી શકાય છે. છતાં પણ કોઈને પીળુ જોવાની આદત જ પડી હોય તો તેના માટે ડો. ઈકબાલના શબ્દોમાં આમ જ કહી શકાય કે :–

**ફૂલ કી પત્તી સે કટ સક્તા હૈ હીરે કા જિગર**
**મર્દે નાદાં પે કલામે નર્મો નાઝુક બે અષર**

અલ્લાહ તબારક વ તઆલા આપણને આપણી ઔલાદને ગુનાહિત કામો, ગુનાહિત મહેફિલોથી બચાવી અલ્લાહ તથા અલ્લાહવાળાઓની મહોબ્બતમાં રહી ઈસ્લામ પર ચાલવાની તૌફીક઼ બખ્શે. ગુનાહોથી બચાવી ઈલ્મ અમલની તૌફીક઼ અતા ફર્માવે. (આમીન)

# ક઼િબ્લાએ અવ્વલ

## બયતુલ મુક઼દ્દસ અને પેલેસ્ટાઈનને ક્યારે મળશે રક્ષક?!



રજૂકર્તા : **મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી દયાદરવી** *(મુદર્રિસ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા—આમોદ)*

જેવી રીતે ભારતમાં બાબરી મસ્જિદની જગ્યાને આર.એસ.એસ., શીવ સેના અને તેના સમર્થકો રામજન્મ ભૂમી ઠરાવી આપીને ત્યાં રામ મંદિરના બાંધકામનું એલાન કરે છે જેના માટે તેઓએ ૧૯૯૨ ઈ.સ.માં મસ્જિદ શહીદ કરીને જનતંત્ર તથા લોકશાહીનું ખૂન કર્યું, બરાબર એ જ રીતે આપણા ક઼િબ્લાએ અવ્વલ બયતુલ મુક઼દ્દસને યહૂદી હૈકલે સુલૈમાનીની જગ્યાને ઈબાદતખાનુ ઠરાવી દઈ તેને તોડીને પોતાનું ઈબાદતખાનુ બાંધવાનો નાપાક ઈરાદો ધરાવે છે. જેના લીધે તે પેલેસ્ટાઈનીઓ પર વરસોથી જુલ્મ કરી રહ્યા છે. દરરોજ તેમના પર હુમ્લા, યુવાનોનાં બલ્કે હવે તો બાળકોનાં અપહરણો કરીને બલ્કે હવે સ્ત્રીઓનાં પણ અપહરણો તેના લશ્કરીઓ તેમજ યહૂદી વસાહતીઓ કરવા લાગ્યા છે અને તેમને જેલમાં સબડાવે છે ! તેમના વંશનો તે નાશ કરવા ઈચ્છે છે જેની વિરુદ્ધ કોઈ બોલવા તૈયાર નથી.

ઈસ્લામી વર્ષનો સાતમો મહીનો રજબ છે જેની ૨૭મી રાત્રીમાં અલ્લાહ તબારક વ તઆલાએ પોતાના મહબૂબ, ઈમામુલ અંબિયા, નબીએ આખિરુઝ્ઝમા ﷺને જાગૃતાવસ્થામાં પોતાના પુર અન્વાર દીદારથી સન્માનિત કર્યા. આપ મક્કા મુઅઝ્ઝમાથી બુર્રાકની સવારી પર મસ્જિદે અક઼સા પેલેસ્ટાઈન તશરીફ લઈ ગયા અને પ્રથમ ઈન્સાન હઝરત આદમ علیہ السلامથી હઝરત ઈસા علیہ السلام સુધી તમામ અંબિયાએ કિરામ અને મુરસલીને એઝામની ઈમામત ફર્માવી જે બુઝુર્ગીને જાહેર કરવા માટે અલ્લાહ તબારક વ તઆલાએ આપને તમામ નબીઓની ઈમામતનો મોક઼ો અતા ફર્માવ્યો, જેથી અલ્લાહના ફૈસલાનુ અમલી રીતે સમર્થન થઈ જાય. અને પછી અલ્લાહ તઆલાએ મસ્જિદે અક્સાની આસપાસ જે પોતાની નિશાનીઓ રાખી છે તે પણ પોતાના મહબૂબને બતાવવાની વ્યવસ્થા આ જ રાતના આ સફરમાં ફર્માવી જેનો ઉલ્લેખ સૂરએ બની ઈસ્રાઈલની પ્રારંભિક આયતોમાં કરવામાં આવેલ છે.

પેલેસ્ટાઈન તે મુક઼દ્દસ જમીન છે જ્યાં હઝરત ઈસા علیہ السلام અને ઘણા બધા બની ઈસ્રાઈલના અંબિયાએ કિરામ તશરીફ લાવ્યા અને આજે જ્યાં અસંખ્ય નબીઓના મઝાર મુબારક છે. તેમાંથી મોટાભાગના અંબિયાએ કિરામનો ક઼િબ્લો આ જ મસ્જિદે અક઼સા હતી અને ખાનએ કા'બાથી પહેલાં આપણો પણ ક઼િબ્લો રહી છે, જેથી પણ કુદરતે તે જગ્યાને હુઝૂર ﷺની ઈમામત માટે પસંદ ફર્માવી. પછી ત્યાંથી લામકાંનો નૂરાની સફર શરૂ થઈ. જેથી આ મુક઼દ્દસ મસ્જિદ એક અબજ ૬૦ કરોડથી વધારે મુસલમાનોનું સમાન રૂહાની મુક઼દ્દસ મક઼ામ છે જ્યાંની ઝિયારત કરવાની અને તેમાં નમાઝ પઢવાની ઉમ્મીદ

દરેક મુસલમાન કરે છે અને હઝરત અબૂ હુરૈરહ્ رضی اللہ عنہથી મરવી મઅરૂફ હદીષે પાકમાં પણ જે ત્રણ મસ્જિદો તરફ આયોજન સાથે ઝિયારતની નિય્યતથી સફર કરવાની નસીહત છે, તે મસ્જિદોમાં એક મસ્જિદ ‘મસ્જિદે અક્સા’ પણ છે જે આપણો પ્રથમ ક઼િબ્લો છે.

હિ.સ. ૧૫માં હઝરત ઉમર ફારૂકે આ'ઝમ رضی اللہ عنہના શાસનકાળમાં નામવાર કમાન્ડર હઝરત અબૂ ઉબૈદાની સરદારીમાં પેલેસ્ટાઈનની ફતહ શક્ય થઈ શકી. ત્યાંના રહેવાસી લોકોએ સુલહનો ફૈસલો હઝરત ઉમર رضی اللہ عنہની હાજરી અને એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કરવાની શરત સાથે રાખ્યો, જેનું વર્ણન હઝર અબૂ ઓબૈદા رضی اللہ عنہએ પત્ર દ્વારા અમીરુલ મો'મિનીનને રવાના કર્યું. જ્યારે હઝરત ફારૂકે આ'ઝમ رضی اللہ عنہ તશરીફ લાવ્યા તો રહેવાસી લોકો એ જોઈને અચંબામાં પડી ગયા કે જે વ્યક્તિ ઊંટના કાઠલાથી ઘસાઈ ઘસાઈને ફાટી ગયેલો કુર્તો પહેરેલ છે તે જ મુસલમાનોનો બાદશાહ છે, જેના ભયથી કૈસરો કિસ્રાના બાદશાહો પણ ધ્રુજી ઉઠે છે. સુલહનામુ તૈયાર થયું પછી હઝરત ઉમરે એગ્રીમેન્ટ પર હસ્તાક્ષર કર્યા જેમાં અમન અને શાંતિની કાનૂની કલમ લખેલી હતી, તે કોલ કરાર મદીનાના કરારની યાદ તાજી કરાવી આપે છે અને "યેરૂસલેમ" અર્થ "શાંતિનું શહેર"ની શાનમાં વધારો કરી દે છે. તેને યહૂદીઓ "જોઅસ્લમ" પણ કહે છે, અને સૂર્યાની ભાષામાં તેને "અયલિયા" પણ કહેવામાં આવે છે, જેનો અર્થ "સદાચારી" થાય છે. જ્યારે કે ફતહ પછી તે અમ્નના શહેરને અરબ મુસલમાનોએ પોતાના આગમનથી બયતુલ મુક઼દસ બનાવી દીધું.

બૈતુલ મુક઼દ્દસ અને પેલેસ્ટાઈન એક ખુદ્દાર મુસ્લિમ બાદશાહ સલાહુદ્દીન ઐયૂબીના ઈન્સાફ પાલનનાં ગવાહ પણ છે. જ્યારે બૈતુલ મુક઼દસમાં મહેરાબની અંદર ઉપસ્થિત વિશિષ્ટ મિમ્બરને ૧૬ જંગોના પરિણામમાં ફતહ હાંસલ થયા પછી તેમણે લગાવ્યો હતો. આ મિમ્બર અત્યારે આગમાં રાખ થઈને ખ્વાબો ખયાલ બની ગયો જ્યારે ૨૧ ઓગષ્ટ ૧૯૬૯માં એક ઓસ્ટ્રેલિયન યહૂદી ડેન્ટ્સ માઈકલ રોહાને કિબ્લએ અવ્વલમાં આગ લગાડી અને આ આગ મસ્જિદે અક઼સાના અસ્તિત્વને ત્રણ કલાક સુધી નષ્ટ કરતી રહી. આ બનાવ પછી સૌથી મોટી ક્રાંતિ એ આવી કે ૫૬ મુસ્લિમ દેશોની સંયુક્ત સંસ્થા **(OIC) Orgnization of Islamic Contries** નો જન્મ થયો, પરંતુ આ માત્ર બદલાવ જ હતો, તેનું કોઈ એવું પરિણામ સામે નથી આવ્યું કે જેનાથી બયતુલ મુક઼દસનું ભલુ થયુ હોય. પછી થયું એવું કે ૧૯૭૩માં લાહોર, પાક.ની બીજી બેઠક પછી આ સંસ્થા બોલવાની હદ સુધી સીમિત થઈને બેકાર અને પ્રભુત્વ વિનાની રહી ગઈ.

બીજા વિશ્વ યુદ્ધ પછી પણ એક વિશ્વસ્તરે સંસ્થા કાયમ થઈ અક઼વામે મુત્તહદા (**United Nation Orgnizaion**), આ બંને સંસ્થાઓ બેમતલબ અને બેકાર થવામાં સરખી છે. પહેલી સંસ્થા અમેરિકા અને ઈઝરાઈલથી નફરત હોવા છતાં કાર્યવાહી કરવામાં તેના પ્રભુત્વ હેઠળ દષ્ટિમાન થાય છે, જ્યારે કે બીજી સંસ્થા અમેરિકા અને બ્રિટનના પ્રભુત્વ હેઠળ છે એ દુનિયા જાણે છે, જેથી બંનેવ સંસ્થાઓનો ઈઝરાઈલ વિરુદ્ધ કોઈપણ અવાજ નિરર્થક અને બેઅસર સાબિત થાય છે.

૧૯૬૭માં ઈઝરાઈલની સ્થાપ્ના થઈ ત્યારથી ૨૦૧૪ સુધી **U.N.O.** એ ઈઝરાઈલને જબરદસ્તી સત્તા પદવી લેનાર, જાલિમ અને નિરાધારો પર બોમ્બ ફેંકવા પર, બેકસૂર લોકો પર અનહદ અત્યાચાર કરવા પર અને યેરૂસલેમ પર નાજાઈઝ સત્તા પડાવી લેવા બાબતે ૭૦૦ ઠરાવ પાસ કર્યા જેમાંથી ૨૭૦ને અમેરિકાએ પોતાનો **Veto Power** (ઠરાવો રદ કરવાની શક્તિ) ઉપયોગમાં લાવીને અસ્તિત્વ વિનાના સાબિત કરી ફગાવી દીધા, બચેલા ઠરાવોને નામંજૂર કરીને ઈઝરાઈલના અસ્તિત્વને જાઈઝ

ઠરાવી દીધું, જ્યારે કે એથી વિશેષ ઠરાવોને ઈઝરાઈલે જાતે રદ કરી દીધા.

આ છે ઈઝરાઈલની દુષ્ટતા અને યહૂદી ફિતરતની એક ઝલક. બીજી છબી એ છે કે ૧૯૬૭થી અત્યાર સુધી માત્ર અમેરિકાની સરપરસ્તીના કારણે ઈઝરાઈલના પડોશી દેશો તેનાથી નારાજ છે, કેમ કે ઈઝરાઈલે લેબનાનના પહાડી ઈલાકા, ઉર્દુન અને મિસરના રણો, સીનાના ઈલાકાઓ પર કબ્જો કરી તેઓના નાકમાં દમ કરી રાખ્યો છે, તેમ છતાં પણ મિસ્ર આજે પેલેસ્ટાઈનની હમદર્દી અને તેને સહકાર આપવાના બદલે ઈઝરાઈલની સાંભળે છે. પેલેસ્ટાઈનીઓના સરહદી રસ્તા બંધ કરી દે છે અને સઊદી અરબની ખ્વાહિશ પણ ઈઝરાઈલની મજબૂતીના માટે પૂરી કરે છે. અત્યારે કૌમી ઉગ્રવાદના નામ પર મિસરે લોકશાહીનું ગળુ દબાવી દીધું પછી એક અદાલતે એક હજાર બંધુઓને સામૂહિક મૌતની સજાનો ફેંસલો કરીને આ મિશનને સંપૂર્ણ કરી દીધું. તો પણ કહે છે કે મુસ્લિમોમાં વેરવિખેર અને ફાટફૂટનું કારણ અમેરિકા અને યહૂદિયતનું કાવતરૂ છે. વાત કેવળ એટલી જ છે કે ખોટા કામ તું જાતે કરે અને લા'નત કરે છે શૈતાન પર ! આ બધું સત્તા પર પ્રભુત્વ મેળવવાનું અને બેલગામ થવાની ખ્વાહિશનું પરિણામ છે, નહીં તો આજે દરેક મુસ્લિમ દેશોને પારસ્પરિક લડવાની જરૂરત ન પડતી.

જો ૫૬ મુસ્લિમ દેશો નહીં પરંતુ ફક્ત પડોશી અને નજીકના દેશો અને સઊદી અરબ પેલેસ્ટાઈનની સુરક્ષાનો ઈરાદો ધરાવત અને કિબ્લએ અવ્વલની પાકીનો ખયાલ રાખત અને ફિલિસ્તીનથી તેઓને હમદર્દી હોત તો ૨૦૦૫માં બદ્‌બખ્ત એરીયલ શેરોનના હુકમ પર એક હજાર ઈઝરાઈલી (**Guard Units**) સુરક્ષા દળો હરમે કુદ્‌સમાં દાખલ ન થાત અને શેરોનને આ એલાન કરવાની હિંમત ન થાત કે, "આ મુકદ્દસ જમીન અમારી છે, અત્યારે અમારા હાથમાં છે અને અમારી જ રહેશે."

અને એક તરફી પંચાયતની આ નોબત જ ન આવતી કે બયતુલ મુકદ્દસનો અરબ ઈલાકો પેલેસ્ટાઈનની હૂકમતના કબ્જા હેઠળ રહેશે, પરંતુ એની જડ જૂલાઈ ૨૦૦૦માં જ કાપી નાખી હોત જ્યારે કે એરીયલ શેરોને ઈઝરાઈલી ફૌજથી મસ્જિદે અક્સાની હુરમત અને પવિત્રતાને પાયમાલ કરી જેના પરિણામે મસ્જિદે અક્સાની નવી તોડફોડ શરૂ થઈ.

એક લાંબી દાસ્તાન છે કે જેનું સંપૂર્ણ વર્ણન આલેખવું શક્ય નથી. અક્સા ફાઉન્ડેશન ટ્રસ્ટે પળ પળની દાસ્તાન એકત્ર કરી છે અને પેલેસ્ટાઈનીઓ પર પ્રચંડ અત્યાચાર અને બયતુલ મુકદ્દસની હુરર્મત અને તકદુસને પાયમાલ કરવાવાળી દરેક હરકતોને લોકો સામે રજૂ કરી છે. આ દરેક ખબરો ઈન્ટરનેટ પર પણ હાંસલ કરી શકો છો. અલ્બત્ત , અહીં ખાસ વાતોનું વર્ણન જરૂરી છે જેના થકી તમો કલ્પના કરી શકો છો કે ઈઝરાઈલે પાછલા વરસોમાં બૈતુલ મુકદસની બેહુર્મતી કરીને તેને ખેદાન મેદાન કરી નાખવા માટે કેવી કેવી ગુસ્તાખીઓ કરી અને અત્યાચાર કર્યા.

પ્રથમ નિયમો તથા કરારની વિરુદ્ધ વર્તન કર્યુ પછી ૭૦ના દસકામાં ઈઝરાઈલે મસ્જિદે અક્સા સામે એક યહૂદી મદ્‌રસો અને ઈઝરાઈલી ઈબાદતગાહ બાંધી તેને "નારુત્તવરાત" (**Fire Torah**) કહે છે. એ મસ્જિદે અક્સાથી પશ્ચિમ તરફ આવેલ છે. તેની છત પર હજારો લોકો આરામથી બેસી શકે છે. ત્યાં થોડા થોડા અંતરે દૂરબીનો લગાડેલ છે જેના માધ્યમે બયતુલ મુકદ્દદસ અને મસ્જિદે અક્સાના પૂરાણા ઈલાકાઓ પર ખાસ નજર રાખી શકાય. બીજી તરફ ઈઝરાઈલી હુકૂમતના આર્કિયોલોજી વિભાગે મસ્જિદે અક્સાના અલ બુરાક સહનની નીચે એક સુરંગ ખોદી જે મસ્જિદે અક્સાના પશ્ચિમી ભાગ બાબે ખલીલ સુધી જાય છે. આ વિભાગે મસ્જિદે અક્સાના

દક્ષિણ તરફના કસ્બા સલ્વાનમાં પણ નવી સુરંગનું ખોદકામ ચાલુ રાખ્યું છે જેના કારણે મસ્જિદે અક્સાની નજીકની ઈમારતો અને સ્થાનિક મકાનોને ખૂબ જ ખતરો છે, જેનું પરિણામ મસ્જિદે અક્સાની બુનિયાદોને તોડવા પર સમાપ્ત થાય છે. ઈઝરાઈલે આંતરિક ઉગ્રવાદની સાથે બાહ્ય આતંકવાદનું પણ એક ઉદાહરણ આપ્યું છે કે એપ્રિલના પ્રથમ સપ્તાહથી મસ્જિદે અક્સામાં પચાસ વરસથી નાની વયના મુસ્લિમોને દાખલ થવા પર પાબંદી લગાડી દીધી છે. આ પાબંદી જેરૂસલેમના સ્થાનિક રહેવાસી મુસ્લિમ પુરૂષો પર ખાસ પાબંદી લગાડેલી છે. અલ્બત્ત, આથી વધારે ઉમરના લોકો નમાઝ માટે આવી શકે છે. જ્યારે કે ઈઝરાઈલે આ પાબંદી એક યહૂદી તહેવારના મોક્રા પર સિક્યુરિટીના નામે સાવચેતી વર્તવા ત્રણ કલાક માટે લગાડી હતી પછી જ્યારે બયતુલ મુકદ્દસનો ભાગ લગભગ મુસ્લિમોથી ખાલી થઈ ગયો તો આ પાબંદી ચાલુ રાખી.

હવે એકબીજા વૈશ્વિક આતંકવાદનો નમૂનો જુઓ કે ૧૯૬૭ની જંગમાં જેરૂસલેમના નજીકના ઈલાક્રાઓ પર ઈઝરાઈલના નાજાઈઝ કબજાને આલમી બિરાદરી તથા યુનો ગૈરક્રાનૂની ઠરાવી ચૂકી છે અને નવી બંધાયેલી સર્વ યહૂદી વસાહતોને નાજાઈઝ સાબિત કરી વિરોધ પણ વ્યક્ત કર્યો છે. પણ ઈઝરાઈલે અત્યાર સુધી ૧૫ થી વધારે પેલેસ્ટાઈની વસ્તીઓમાંથી પેલેસ્ટાઈનીઓને હટાવી મૂકીને બેઘર કરીને ત્યાં યહૂદી વસાહતો બનાવી છે અને યહૂદીઓને આબાદ કરી દીધા છે.

અત્યારે એપ્રિલ–૨૦૧૪ના પ્રથમ સપ્તાહમાં ઈઝરાઈલે આર્કિયોલોજી વિભાગના મેનેજમેન્ટ હેઠળ યહૂદીઓની વસાહત માટે ૭૦૦ મકાનોની જાહેરાત કરી છે. જેના હેઠળ જેરૂસલેમમાં પૂર્વ તરફ આવેલ નવી યહૂદી વસાહત "ગેલૂ"માં ૭૦૦ વધારે મકાનો બંધાશે. જ્યારે કે અમેરિકન વિદેશ મંત્રી જોન કેરીના ઈઝરાઈલ સફર વખતે એ વાત નક્કી થઈ ગઈ હતી કે હવે કોઈ એવી હરકત ઈઝરાઈલ નહીં કરે. પરંતુ થયું એવું જેની ઉમ્મીદ હતી કે જોન કેરી ઈઝરાઈલની ટીકા કરવા નહીં બલ્કે પર્દા પાછળ અમેરિકી ખ્વાહિશોનું નિરીક્ષણ કરવા આવ્યા હતા. એ પણ સ્પષ્ટ થઈ ગયું કે અમેરિકાએ ઈઝરાઈલ અને ફિલિસ્તીન વચ્ચે ડહાપણ કેવળ આખોમાં માત્ર ધૂળ નાખવા માટે કરે છે, નહીં તો ક્યુ કારણ છે કે એક નવી જન્મેલી સરકાર પૂરા આંતરરાષ્ટ્રીય સમુદાય, **U.N.O.** અને સર્વ પેલેસ્ટાઈનીઓ થકી વિરોધ પ્રદર્શનો છતાં ઉગ્રવાદ દર્શાવતી રહી અને સૌ તમાશો જોતા રહ્યા ?! કાંઈક તો છે જેને છુપાવવામાં આવે છે !

ઓકટોબર ૨૦૧૩માં પણ એવું જ થયું હતું કે **U.N.O.** મૌખિક વિરોધ કરતુ રહ્યું, અમેરિકાએ મુનાફિક્રાના ઝાટકણી કાઢી અને પેલેસ્ટાઈન ઓથોરિટીએ પણ અવાજ ઉઠાવ્યો પરંતુ ઈઝરાઈલે જેરૂસલેમની પૂર્વ તરફ ૧૫૦૦ મકાનોના કાયદેસર બાંધકામની જાહેરાત કરી અને ઈઝરાઈલી **Construction** કંપનીઓએ ડ્રો પદ્ધતિમાં ભાગ લઈને ટેન્ડર ખરીદ્યાં. પછી પહેલા તબક્કામાં ૭૯૩ મકાનો અને પછી બીજા તબક્કામાં બાકીની મંજૂરી ઈઝરાઈલે આપી. એ જ રીતે ઈઝરાઈલી ફૌજે ખલીલ ગામના બે પેલેસ્ટિયન રહેવાસી મુહમ્મદ અબૂ સબ્હા અને મુહમ્મદ અકરમને નોટીસ આપી કે તમારા પાણીના કૂવા તોડી નાખો નહીં તો અમો બુલ્ડોઝરથી ખત્મ કરી દઈશું કેમ કે અમારા રિપોર્ટ મુજબ આ બંનેવ કૂવા અને ટયૂબવેલ ગૈર ક્રાનૂની છે અને ઈઝરાઈલી ફૌજે મુસલમાનોના ૩૦ મકાનો અને પૂરાણી મસ્જિદને તોડી નાખી જ્યાં યહૂદીઓ માટે કામચલાઉ ઘરો તેમની ગાય, બકરીઓ માટે બનાવવામાં આવ્યાં. મતલબ કે ઈન્સાનો પર જાનવરોને મહત્તા આપવામાં આવી.

કેવી કિસ્મત છે પેલેસ્ટાઈનીઓની કે હિંદુસ્તાનના બહાદુર શાહ ઝફરની જેમ કે પોતાની જમીનમાં પણ રહેવાની જગા માટે મોહતાજ થતા જાય છે. એક

શાયરે બહાદુરશાહ ઝફરની જેમ આ સ્થિતિને લગતી નઝમ કહી છે જેની બે પંક્તિ તમો પણ યાદ રાખશો :–

**ઝમીનોં પર હમારી ગૈર કૃબ્ઝા પાએ જાતે હૈં**
**વો બૈઠે હૈં, હમ અપની બઝ્મસે ઉઠવાએ જાતે હૈં**
**હયાવાલો ! રગે ઈસ્લામ ક્યૂં ન આએ ઝુંબિશમેં**
**કભી જિનકો નિકાલા થા વહી પલટાએ જાતે હૈં**

આ પ્રકારના અસંખ્ય ઈઝરાઈલી અત્યાચારો, ઈસ્લામી મુકૃદસ યાદગારોને શહીદ કરવું અને ઐતિહાસિક જગાઓ અને કુર્આની નિશાનીઓને મિટાવવાની ઈઝરાઈલી જુલ્મી હરકતો જુમ્આના બયાન અને આમ બયાનોમાં પેલેસ્ટાઈનના મુફતીએ આ'ઝમ અને મસ્જિદે અક્સાના ખતીબ ઈમામ શૈખ મુહમ્મદ હુસૈને વારંવાર સ્પષ્ટ કરી છે અને ટીકા કરીને મુસ્લિમ જગત, મુસ્લિમ દેશો અને આંતરરાષ્ટ્રીય સમુદાયથી હમદર્દી અને લોકશાહની રૂએ તરફદારી કરવાની દરખાસ્ત કરી છે અને ખાસ કરીને પૂરી દુનિયાના મુસલમાનોને પોતાના પ્રથમ કિ્બ્લાની રોજરોજ થઈ રહેલી બેહુર્મતી પર ગફલતની નિદ્રાથી જાગવાની અપીલ કરી છે.

તેમણે આ વાત ખૂબ જ અફસોસજનક શબ્દોમાં કહી છે કે ઈઝરાઈલે U.N.O. અને ઈન્ટરનેશનલ કોમ્યુનિટી (આંતરરાષ્ટ્રીય સમુદાય)નું અપમાન કરીને મસ્જિદે અક્સામાં અમારા પ્રવેશ પર પાબંદી લગાડી દીધી પરંતુ ઈઝરાઈલી ફૌજોને સંપૂર્ણ રીતે છૂટછાટ છે કે મસ્જિદે અક્સાની બેહુર્મતી કરે, બૂટ ચંપલ પહેરી મિમ્બર અને મહેરાબ સુધી આવજા કરે, કોઈનું પણ ગળુ પકડીને બહાર કરી દે, હરમે મુકૃદસમાં કોઈના પણ સીના પર પગરખાં સાથે ચડી જાય, જે ચાહે તે વસ્તુને બરબાદ કરી દે, આ દરેક કાર્યો તેમની રોજનીશી બની ગયાં છે તેમ છતાંય દુનિયાના મુસ્લિમો જે મસ્જિદે અક્સાને પોતાનો પ્રથમ કિ્બ્લો માને છે, તેનાથી જાણીબુઝીને ગાફેલ છે. બસ તમાશો જોઈ રહ્યા છે. આ અત્યંત ડરપોકપણુ અને અફસોસજનક સ્થિતિ છે જેના માટે આંસૂ વહાવવાં બેકાર છે. ખાસ કરીને અરબ દેશો અને સઊદી અરબથી હવે કોઈ ઉમ્મીદ નથી, કેમ કે પેલેસ્ટાઈનીઓની જે સંસ્થા અને સંગઠને સહાયતા કરી છે તેને સઊદી અરબે અમેરિકાની ખ્વાહિશ પૂરી પાડતાં આતંકવાદી સંગઠન ઠરાવી આપી છે. સઊદી અરબ પોતાના અમેરિકી દોસ્તની નાજાઈઝ ઔલાદ ઈઝરાઈલના માટે પર્દા પાછળ સર્વ કાંઈ કરતુ રહ્યું છે, જેને દુનિયા જોઈ રહી છે.

અમેરિકા કઈ રીતે ઈઝરાઈલને પીઠબળ આપી રહ્યું છે, તેનું તાજુ ઉદાહરણ એ છે કે પેલેસ્ટાઈનમાં અલ ફતહ અને હમાસ બે ઠંડા, ગરમ મિજાઝના સંગઠનો છે, જેમાં પહેલાનું વિચારવું એવું છે કે વાર્તાલાપ કરીને પેલેસ્ટાઈનને એક સ્વતંત્ર લોકશાહી સ્વતંત્ર સરકાર મનાવી લેવી જોઈએ, જ્યારે કે હમાસને વાર્તાલાપ પર એટલા માટે ભરોસો નથી કેમ કે ઈઝરાઈલ એક તરફ વાતચીત કરે છે અને બીજી બાજુ ત્યારે જ તેના વિરુદ્ધ કરી રહ્યું હોય છે, જેથી તે રાજકરણી અને જંગી તરીકાઓ થકીની સ્વતંત્રતા પર ભરોસો રાખે છે. અલ્બત્ત વાર્તાલાપથી તેને નફરત પણ નથી, જ્યારે કે તેની આબરૂનું ધ્યાન રાખવામાં આવે.

૨૬ જાન્યુઆરી ૨૦૦૬માં પેલેસ્ટાઈનની સામાન્ય લોકશાહી ચૂંટણીમાં અલ ફતહના મુકાબલામાં હમાસને જંગી બહુમતિ પ્રાપ્ત થઈ જેના વડા પ્રધાન હમાસના લીડર ઈસ્માઈલ હાનિયા નિમવામાં આવ્યા. પરંતુ અમેરિકી મુનાફિકને ઈઝરાઈલની ખ્વાહિશનો ખયાલ રાખતા દુનિયાભરના મુનાફિકોને અપીલ કરી કે આ લોકશાહી ચૂંટણી નથી, પછી પેલેસ્ટાઈનીઓ પર આર્થિક પાબંદીઓ લગાડી દેવામાં આવી અને અલ ફતહના લીડર મહમૂદ અબ્બાસની હારેલી પાર્ટીને રાજતંત્રનો વહીવટદાર બનાવી પલેસ્ટાઈનીઓનું પ્રતિનિધિત્વ સોંપી દીધું. પછી ૨૦૦૬માં ગાઝાની

પટ્ટીનો ઈઝરાઈલી દળોએ હમાસની જંગી જીતની સજાને રૂપે જે હદબંધી અને ઘેરાવ કર્યો તે અત્યાર સુધી ચાલુ છે, જેમાં ૨૦૦૮ થી ૨૦૦૯ સુધી ખૂબ જ ક્રૂરતા વર્તવામાં આવી.

હમાસથી ઈઝરાઈલની દુશ્મનીનું એક મોટુ કારણ એ પણ છે કે હમાસ ન તો ઈઝરાઈલને નિશ્ચિતપણે યહૂદી શાસન માનવા તૈયાર છે અને ન તો જર્મન નાઝીઓના હાથ વડે યહૂદીઓની કત્લે આમ પર યકીન ધરાવે છે, જ્યારે કે અલ ફતહના લીડર મહમૂદ અબ્બાસ આ દરેક પ્રત્યે યકીન ધરાવે છે જેને "હોલોકોસ્ટ" કહેવામાં આવે છે અને તેની નિંદા પણ કરે છે. એનાથી ઉલ્ટુ હમાસ પાર્ટી તેનો જોરદાર ઈન્કાર કરે છે અને ઈઝરાઈલને દુનિયાના નક્શામાંથી મિટાવી દેવાનો સંકલ્પ ધરાવે છે, જેથી હમાસ પાર્ટીના નામ પર ઈઝરાઈલ પેલેસ્ટાઈનીઓ પર અત્યંત જુલ્મ અને અત્યાચાર કરે છે. એનું જ પરિણામ છે કે ગત સપ્તાહમાં અમેરિકાએ પોતાની તે મદદ પેલેસ્ટાઈનીઓને આપવાથી ઈન્કાર કર્યો જેને બે મહિના પહેલાં આપવાનું એલાન કર્યું હતું. એ અચાનક અમેરિકાએ પેલેસ્ટાઈનીઓની ખરાબ સ્થિતિ પર દયા ખાઈને પાંચ અબજ ડોલર સહાય આપવાનું જે એલાન કર્યું હતું તેને પરત લઈ લીધું, તેનું એક માત્ર કારણ એ હતું કે એપ્રિલ–૨૦૧૪ના પ્રથમ સપ્તાહમાં પેલેસ્ટાઈનના ઈતિહાસમાં એક ઐતિહાસિક બનાવ બન્યો જેણે અમેરિકા અને ઈઝરાઈલની સર્વે સંયુક્ત મુનાફિક઼ાના સાઝિશોનો પર્દો ફાશ કરી નાખ્યો કે બે પારસ્પારિક લડનાર પાર્ટીઓ અલ ફતહ અને હમાસે એકબીજા સાથે હાથ મિલાવી લીધા, જેઓ પાછલા વર્ષોથી એકબીજાના દુશ્મન બનેલા હતા, જેનો ફાયદો એક જમાનાથી ઈઝરાઈલ ઉઠાવી રહ્યું હતું. તે બંનેવ પાર્ટીઓની વચ્ચે આ તફાવત દુનિયા જોઈ ચૂકી છે કે ઈઝરાઈલની વાદાખિલાફી અને તોફાનોના છતાંય અલ ફતહ તેની સાથે વાર્તાલાપ કરતી રહી છે જ્યારે કે હમાસ સતત તેનાથી દૂર રહ્યું છે. આ કપળી સ્થિતિએ પેલેસ્ટાઈનીને પણ બે ભાગમાં વહેંચી તેમના સમુદાયને વેરવિખેર કરી દીધો હતો, અને ઈઝરાઈલની આ જ ઈચ્છા હતી.

પરંતુ જ્યારે તેણે જોયું કે તે બંને ભાઈઓએ હાથ મિલાવી લીધો તો સાફ કહી દીધું કે અલ ફતહને અમન અને હમાસમાંથી કોઈ એકને પસંદ કરવું પડશે. આ તરફ અમેરિકાએ પણ પોતાની ઔલાદની કમજોરીનો ખયાલ રાખીને પોતાની સહાયતાના ફૈસલા પર ફેર વિચારનું એલાન કરી દીધું. આ મુનાફિક઼ત અને સ્વાર્થભરી દોસ્તીનું તાજુ દ્રષ્ટાંત છે જેનું પરિણામ એ છે કે અમેરિકાએ પેલેસ્ટાઈનીઓને જે કાંઈ પણ મદદ કરી છે તે માનવીય સહાનુભૂતિ રીતે નહીં બલ્કે પેલેસ્ટાઈનીઓમાં ભાગલા પાડવાની ગરજથી કરી છે,પેલેસ્ટાઈની લોકો અને લીડરો અત્યાર સુધી ઘણી બધી કિંમતો અદા કરી ચૂક્યા છે.

૧૯૬૭થી અત્યાર સુધી પેલેસ્ટાઈનીઓએ એડવર્ડ સઈદ, મહમૂદ દુર્વેશ, યાસર અરફાત, શૈખ અહમદ યાસીન, અબ્દુલ અઝીઝ રાનતયસી જેવા કિંમતી અને મુખ્લિસ લીડરો ઉપરાંત અસંખ્ય લાભદાયક જવાનોની કુર્બાનીઓ પેલેસ્ટાઈનની સરઝમીન અને બયતુલ મુક઼દ્દસની આઝાદી માટે પેશ કરી ચૂક્યા છે. દક્ષિણ આફ્રિકાના ક્રાંતિકારી લીડર નેલશન મંડેલા પણ ન રહ્યા જે કહેતા હતા કે પેલેસ્ટાઈનની આઝાદી વગર મારી આઝાદી સંપૂર્ણ નથી. બીજી તરફ ઘણા પેલેસ્ટાઈની ઓલમા અને લીડરો વહાબી તથા સીરીયન આર્મી તકફીરી (પોતાના સિવાય સૌને કાફિર ઠરાવનારા) ગિરોહોના નિશાન બની ગયા. હવે ન જાણે ક્યાં સુધી પેલેસ્ટાઈનીઓએ બયતુલ મુક઼દ્દસની આઝાદીની લડાઈ લડવી પડશે. જો મસ્જિદે અક઼સા આપણો પ્રથમ કિ઼બ્લો છે અને બયતુલ મુક઼દ્દસ આપણા માટે કુદરતની કુર્આની નિશાનીઓમાંથી છે તો આપણે ઘણુ બધુ કરવું પડશે.

*–(કન્ઝુલ ઈમાન, જૂન : ૨૦૧૪, મુહમ્મદ ઝફરુદ્દીન બરકાતી)*

## બરકાતે ખ્વાજાની ટપાલ કાર્યાલય

### ★ શાદી મુબારક ! ★

**દયાદરા** : ખાતે જનાબ અબ્દુલ્લાહ ઈસ્માઈલ પોસ્ટમેન (દયાદરા)ની નેક દુખ્તર આસિયાનાબાનુના નિકાહ તા. ૨–૬–૨૦૧૪ સોમવારના રોજ અકુજી કોમ્યુનિટી હોલ દયાદરા ખાતે જનાબ યુનુસ માંચવાલાના નેક ફરઝંદ આસિફ સાથે થયા. દુલ્હા–દુલ્હન, કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ ! રબ્બે કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમને બંને જહાનમાં ખુશો ખુર્રમ રાખે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### ★ ઈન્તેકાલ પુરમલાલ ! ★

**દયાદરા** : ખાતે તા. ૭–૬–૨૦૧૪ શનિવારના રોજ ઈબ્રાહીમશા કાસમશા દિવાનનો ઈન્તેકાલ ૮૦ વરસની ઉંમરે થયો છે.

**દયાદરા** : ખાતે તા. ૧૭–૬–૨૦૧૪ મંગળ વારે બીબીબેન મુહમ્મદ બાકરોલીવાલાનો ઈન્તેકાલ થયો જેમની દફનવિધિ હઝરત બાકરઅલી رحمۃ اللہ علیہની દરગાહ પાસે બાકરોલી ખાતે કરવામાં આવી.

**દયાદરા** : ખાતે જુબેદાબેન યાકૂબ ભૂરાનો તા. ૨૫–૬–૨૦૧૪ બુધવારના રોજ તેમજ યાકુબ ઈસ્માઈલ રૂડીનો તા. ૨૬–૬–૨૦૧૪ જુમેરાતના રોજ ઈન્તેકાલ થયો છે.

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) *–તંત્રી :*

સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી.


:: કિતાબ મંગાવો ::

**મેઅરાજે અબ્દિયત (તકરીર પરથી)**

અઝ : **શયખુલ ઈસ્લામ સૈયદ મુહમ્મદ મદનીમિયાં સાહબ**

પ્રકાશક : મોહદ્દિષે આ'ઝમ મિશન (ગુ.પ્ર.) મિર્ઝાપુર બ્રાન્ચ, ૧૫–પરેડાઈઝ કોમ્પલેક્ષ, મિર્ઝાપુર–અમદાવાદ–૧

(નોંધ : પ્રકાશકના સરનામે **રૂા. ૧૫** ટપાલ ટિકિટ કવરમાં મોકલવી, ફોન નં. ૦૭૯–૫૬૨૦૯૪૭)


## સુન્ની મેરેજ બ્યૂરો કોર્નર

**૧. સુન્ની શેખ યુવતી** : ભાવનગર જિલ્લામાં રહેતી નિર્દોષ ડિવોર્સી કન્યા જેને એક દોઢ વરસની બેબી છે અને સાથે રહે છે તેની માટે બેઉને સ્વીકાર કરી શકે તેવા યુવકની/જીવનસાથીની શોધ છે. **કન્યાની વિગત** : ઉંમર : ૨૯, ઊંચાઈ : ૫.૧ ઈંચ, અભ્યાસ : P.T.C. (અંગ્રેજી માધ્યમ), વ્યવસાય: શિક્ષક તરીકે જિલ્લા પંચાયતની સ્કૂલમાં પૂરા પગારથી નોકરી. ધર્મ : સુન્ની મુસ્લિમ : સંપર્ક મો. નં. 9624174771, નોંધ : ભાવનગરમાં રહેતાને પહેલી પસંદગી

**૨. સુન્ની શેખ યુવતી** : ભાવનગર જિલ્લામાં રહેતી અપરણિત કન્યા માટે જીવનસાથી જોઈએ છે. ધર્મ : મુસ્લિમ, સુન્ની શેખ, અભ્યાસ અંગ્રેજી માધ્યમમાં ભણેલ, ઉંમર : ૩૧ વર્ષ, ઊંચાઈ : ૫ ઈંચ, વ્યવસાય : પ્રાઈવેટ કંપનીમાં નોકરી, સંપર્ક : 9624000499

**નોંધ : વધુ માટે 'બરકાતે ખ્વાજા' (માસિક)–કાર્યાલયનો સંપર્ક કરો, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧**

# :: મદદની અપીલ ::

**નવસારી** : ખાતે ''સ્ટેશન મસ્જિદ''નું બાંધામ ચાલુ છે, તો સખીદાતાઓને નમ્ર ગુઝારિશ છે કે પોતાના તથા મર્હૂમોના સવાબ અર્થે શક્તિ અનુસાર દિલ ખોલીને સહાય કરે જેનાથી બને તે નીચે દર્શાવેલ એસ્ટિમેટ મુજબ કોઈ એક કામ અથવા એકથી વધુ કામોની જવાબદારી સ્વીકારી જન્નત ખરીદે.

★ લાકડાની બારીઓ રૂા. ૧,૮૦,૦૦૦/– ★ બારીઓના ગ્લાસ રૂા. બે લાખ ★ સિલિંગ પીઓપી, સવા લાખ રૂા. ★ વોટર પ્રુફિંગ–એકલાખ રૂા. ★ માર્બલ રૂા. સવા લાખ ★ બારીઓનું સ્લાઈડીંગ–રૂા. પચાસ હજાર ★ રેલીંગ પીલર–રૂા. સાઈઠ હજાર ★ ઈલેક્ટ્રીક કામ–રૂા. બે લાખ ★ એન્ટ્રન્સ ગેટ–રૂા. બે લાખ. સહાય માટે સંપર્ક કરો : **Mob. 9979914738** ઈબ્રાહીમભાઈ તથા **Mob. 9375985376**-સલીમભાઈ, ઠે. સ્ટેશન મસ્જિદ, સ્ટેશન રોડ–નવસારી

## ★ મદ્રસાના બાંધકામની અપીલ ★

**ગોંડલ** : ખાતે જાંનિસારે મુસ્તફા કમિટી, (ગુંદાળા રોડ, સુમરા સોસાયટી, પિન : ૩૬૦૩૧૧ જિ. રાજકોટ) આ સ્થળે દીની તા'લીમની સગવડ નથી, મજૂરિયાત વર્ગ વસે છે. હાલ એક કાચા મકાનમાં મદ્રસો ચાલે છે. હાલ ૮૦૦ ચોરસ વાર જમીન મળી છે. રૂા. દોઢ લાખની સ્લેબ તથા પ્લાસ્ટર માટે હાલ તાતી જરૂરત છે. તો મદ્રસાના માટે લિલ્લાહ, ઝકાત વગેરેથી ભરપુર સહાય કરશો.


કોન્ટેક્ટ નં. રફીકભાઈ ભટ્ટી, **Mob. 9904062371**

## ★ નેજા : કચ્છીવાસમાં મદ્રસાના મકાનના બાંધકામની અપીલ ★

ખંભાત તાલુકા (જિ. આણંદ)ના નેજા ગામથી ૩ કિ.મિ. અને ખંભાત શહેરથી ૪ કિ.મિ.ના અંતરે કચ્છીવાસ આવેલ છે, જેમાં મુસ્લિમ જત કૌમના ૪૦ જેટલા કુટુંબો રહે છે. આ લોકો પશુપાલન અને અન્ય મજૂરી કરી જીવન નિવાહ કરે છે. તેમના બાળકોને દીની તા'લીમ માટે દૂર સુધી કોઈ વ્યવસ્થા નથી. નાના બાળકો ખંભાત સુધી જઈ શકે તેમ નથી. બાળકો માટે એક મુદર્રિસ છે અને મદ્રસા ગુલશને બગદાદ માટે નાના હોલનું બાંધકામ શરૂ કરેલ છે. અહીંના લોકો ખૂબ જ ગરીબ હોઈ સખી દાતાઓના સહકાર વિના આ નેક કામ શક્ય નથી. બાંધકામ માટે અંદાજે રૂા. સાડા ત્રણ લાખની જરૂર છે. તો સખી દાતાઓને લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રાની રોકડ કે માલસામાન રૂપે મદદ કરી મદ્રસાના બાંધકામમાં પોતાનો ફાળો આપે એવી નમ્ર અપીલ છે.

મદદ માટે સંપર્ક કરો :– હમઝાભાઈ મૂસાભાઈ જત–**Mob. 9978212245**,
આબિદ અલી સૈયદ–**Mob. 9998547213**

**આંતી** : (તા. પાદરા) ખાતે મૌલાના શૌકત અશરફીના વાલિદા મર્હૂમાના ચાલીસાના મોકા પર તા. ૨૪–૬–૨૦૧૪ ઈશા બાદ હઝરત સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી માલેગાંવ)નો તક઼રીરી પ્રોગ્રામ જુમ્આ મસ્જિદ પાસે થયો જેમાં હઝરતે તસવ્વુરે આખેરત પર તથા નમાઝ સંબંધે બોધદાયક હૃદયદ્રાવક બયાન કર્યું હતું. રબ તઆલા આ નેકીઓને ક઼બૂલ ફર્માવે, મર્હૂમાની મગફેરત ફર્માવે અને હાજરજનોને અમલની તૌફીક઼ બખ્શે. (આમીન) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*




અલ્હમ્દુલિલ્લાહ !

# હેરા ઈંગ્લિશ સ્કૂલનું ઓપનિંગ થઈ ગયું !

**દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** હેઠળ આલમી તેહરીક **સુન્ની દા'વતે ઈસ્લામી**ની નિગરાનીમાં **દીની દુનિયવી તા'લીમ** સાથે **''હેરા ઈંગ્લિશ સ્કૂલ''**ની ઈફતેતાહનો એક પ્રોગ્રામ તા. ૨૪–૬–૨૦૧૪ના રોજ અસર બાદ આલે રસૂલ ઔલાદે ગૌષે આ'ઝમ હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી (નિગરાં : સુન્ની દા'વતે માલેગાંવ તથા ચેરમેન હેરા ઈંગ્લિશ સ્કૂલ–માલેગાંવ)ની સદારતમાં બરકાતે ખ્વાજાના ''અહસનુલ ઉલમા હોલ''માં રાખવામાં આવ્યો. જેમાં નાઝિમે આ'લા દારુલ ઉલૂમ હાઝા તથા મેનેજર હેરા ઈંગ્લિશ સ્કૂલ આમોદના જનાબ હાફિઝ અબ્દુર્રહીમ બરકાતીએ સર્વ મહેમાનોનું સ્વાગત કર્યું હતું અને સ્કૂલ વિશે સંક્ષિપ્ત માહિતી આપી હતી તેમજ ૧ જુલાઈ ૨૦૧૪થી જુનિયર KG, સિનિયર KG વર્ગો શરૂ થવાના હોઈ ખુશી વ્યક્ત કરી આમોદવાસીઓને મુબારકબાદ પેશ કરી હતી. તથા સંસ્થાની તદ્દન નવી નવી સ્કૂલ છતાં સંસ્થા પર વિશ્વાસ કરી પોતાનાં બાળકોને સ્કૂલમાં દાખલ કર્યાં એ બદલ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કર્યો હતો. અંતમાં હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી સાહબે સુન્નીઓની સ્કૂલોનું મહત્વ સમજાવ્યું હતું. ગૈ઼ર ક઼ૌમની, મિશનરીની તથા બદ્અક઼ીદાઓની સ્કૂલોમાં આપણા કૂમળા બાળકો જાય છે જેમાં તેમને ઈસ્લામ તથા સુન્નિયતથી દૂર થઈ જાય તેવી તા'લીમ પણ ઈરાદાપૂર્વક આપવામાં આવે છે. એ વિશે અમુક દષ્ટાંતો આપીને સુન્નીઓની ગુજરાતી ઈંગ્લિશ મિડિયમની સ્કૂલોની સ્થાપ્નાનું મહત્વ સમજાવી સૌને મુબારકબાદ આપી હતી. પટેલ શબ્બીર અલી રઝવી (તંત્રી : બરકાતે ખ્વાજા–માસિક) તેમજ દારુલ ઉલૂમનો સ્ટાફ, તલબા તેમજ આમોદના આગેવાનો સીરાજભાઈ રાણા, હાજી દિલાવર રાણા, હાજી સલીમ રાણા, ઈકબાલભાઈ ગરાસીયા, હાજી અલ્લારખા, મુહમ્મદભાઈ પાનવાલા, દરબાર કંબોલીવાળા, રાજ ઈબ્રાહીમભાઈ તેમજ ઘણા સુન્ની ભાઈઓ હાજર રહ્યા હતા. અલ્હમ્દુલિલ્લાહ ! સ્કૂલ તા. ૧–૭–૨૦૧૪થી બાક઼ાયદા સ્ટાર્ટ થઈ ચૂકી છે. અહીં મોડર્ન એજ્યુકેશન સાથે **દીની તા'લીમ પણ કોર્સમાં સામેલ છે.** સુન્નીઓની આટલામાં આ પ્રથમ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલ છે, જેણે પાપા પગલી ભરી હજી શરૂઆત કરી છે. દુઆ કરશો કે ધીરે ધીરે ૮ સુધી પછી ૧૦ થી ૧૨ સુધી અને એથી આગળ પણ પ્રગતિ થતી રહે. **બાંધકામ કરજ પર ચાલે છે !** લિલ્લાહ મદદ મર્હૂમોના સવાબ અર્થે કરવા નમ્ર વિનંતિ છે, જો તમો આ કાર્યને સુન્નિયતની ભલાઈ માટે મહત્વનું સમજતા હોઉ તો જરૂર સહાય કરશો. **એક રૂમ સાડા ત્રણ લાખ લેખે** થશે જેમને અલ્લાહે દૌલત આપી છે તેઓ સંકોચ વિના ભાગ લે ! *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મદદ મોકલવા માટે સંપર્ક કરો** : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી,
મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧, હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી, મો. ૯૪૨૬૮ ૪૦૨૭૭, ૯૭૧૪૮૪૦૨૭૭

# આ છે અમારા સહાયક મુજાહિદો !

**અંજુમને રઝાએ મુસ્તફા (દયાદરા), ઈસ્લામિક વેલ્ફેર મિશન (દયાદરા), બરકાતે ખ્વાજા મંથલી (દયાદરા) તેમજ દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા (આમોદ)ને ચંદામાં સહાય કરનારાઓના અમો આભારી છીએ.**

| નામ | શહેર |
|---|---|
| હાફેઝ હનીફ બરકાતી | ભરૂચ |
| અ. સત્તારખાન લતીફખાન | લુણાવાડા |
| ફૈસલભાઈ છાવર (ઉપલેટા) | અમદાવાદ |
| અબ્દુલ અઝીઝ કાગજી | નેત્રંગ |
| હાફેઝ અ. રશીદ | ખોજબલ |
| મુહમ્મદ શફી શેખ | ભરૂચ |
| અઝીઝભાઈ પટેલ | સૂરત |
| ઉદેસિંહ રૂપસિંહ રાઠોડ | ટુંડાવ |
| ખત્રી ઈસ્માઈલજી સુલેમાનજી વડદલાવાલા | બોડેલી |
| મુહમ્મદ હનીફ જી. બેલીમ (સાવન રેડીયો) | પાટડી |
| હાફેઝ ફારૂક ઈસ્માઈલ પટેલ | બોડેલી |
| ફઝલભાઈ બત્તીવાલા | બોડેલી |
| સલીમખાન | ઝાલોદ |
| ક઼ારી શાહિદ રઝા કાપડવાળા | કોઠી (વાંકાનેર) |
| અબ્દુલ ગફ્ફાર એસ. કાઝી | કોઠી (વાંકાનેર) |
| મૌલાના ઝૈનુલ આબેદીન | પીપળીયારાજ |
| અબ્દુલ હમીદભાઈ (મુલ્લા એગ્ઝ માર્ટ) | બીલીમોરા |
| ઓસામા મુહમ્મદભાઈ/ઈકરામભાઈ | સૂરત |
| મકસૂદભાઈ રાજવાની/અલ્તાફ સૂર્યા | સૂરત |
| મકતબે રઝા | સૂરત |
| અબ્દુલ સમદભાઈ આછોદી (નાના વરાછા) | સુરત |
| અકબરભાઈ ડાભાવાલા | સૂરત |
| અઝીઝભાઈ મછાસરવી–અડાજણ દરગાહ | સૂરત |
| અનીસ અ. ગની વાલોડીયા | સૂરત |
| મુહમ્મદ આક઼િબ ખાન બરકાતી | પેટલાદ |
| માસ્તર યૂસુફમિયાં મલેક | બડાપુરા |

| નામ | શહેર |
|---|---|
| મેહબૂબભાઈ બાવલા | સાંસરોદ |
| ઈસ્માઈલભાઈ કડુજી | નબીપુર |
| સલીમભાઈ જોહાં | હલદરવા |
| શબ્બીર માસ્તર | કુરચણ |
| સલીમભાઈ શેખ (જમાલપુર) | અમદાવાદ |
| માસ્તર દાઊદભાઈ ઝંઘારવાલા | ભરૂચ |
| મોઈનભાઈ (હાજીપીર કિરમાની) | ભરૂચ |
| તારીકભાઈ શેખ | ભરૂચ |
| હાફેઝ ઈબ્રાહીમ કહાનવાલા | ભરૂચ |
| યુસૂફભાઈ ગડીમલ | ભરૂચ |
| હાજી મુસ્તાકભાઈ મુન્શી વાગરાવાળા | ભરૂચ |
| હાફેઝ અબ્દુર્રહીમ બરકાતી | ભરૂચ |
| સૈયદ હશ્મતબાપુ મજુમિયાં બરકાતી | જંબુસર |
| મૌલાના ઝહીર દહેગામી મિસ્બાહી | જંબુસર |
| હાજી અલ્લાહરખા ફુટવાલા | જંબુસર |
| હાજી મુહમ્મદ યૂસુફ માસ્તર | વોરાસમની |
| હાફેઝ મહબૂબ ઝંઘારવી | કરજણ |
| ઈરફાનભાઈ M.R. | ભાવનગર |
| અબ્દુલ રઝ્ઝાકભાઈ | ભાવનગર |
| ક઼ાદરી મુહમ્મદ રફીક આદમમિયાં | જામનગર |
| અબ્દુલ્લાહ (ફાઈન હેન્ડલૂમ) | જામનગર |
| અબ્દુર્રઝ્ઝાક કાસમાણી | જામનગર |
| ડો. મકસૂદભાઈ દયાદરવી | ચીખલી |
| ઉષ્માનગની મુબલ્લિગ | વડોદરા |
| સુલ્તાન રઝા મુબલ્લિગ | વડોદરા |

વધુ ટાઈટલ ૩......

ટાઈટલ ૨ નું ચાલુ.....

| નામ | શહેર |
|---|---|
| હાફેઝ શબ્બીર સાહબ સારણવાલા | વડોદરા |
| અબ્દુલ કાદર રઝવી શેખ | નડિયાદ |
| ડો. મોહયુદ્દીન રુકનુદ્દીન સૈયદ | હાડગુડ |
| રઝા પેન એન્ડ કિતાબ ઘર | જુનાગઢ |
| રોશન અલીભાઈ | અંજાર |
| મહેબૂબભાઈ અ. રહમાનજી ખત્રી | દેડીયાપાડા |
| ઈબ્રાહીમભાઈ ખત્રી | ઉમલ્લા |
| ઈમ્તિયાઝ ડી. બાલા | કિલ્લાપારડી |
| હાફેઝ યાકૂબ ચાંચવેલી | જુહાપુરા, અમદાવાદ |
| આરિફભાઈ હુક્કાવાલા | મોડાસા |
| વ્હોરા અ.અઝીઝ અ. સત્તાર ઉર્ફે પેન્ટર લાલા | આણંદ |
| વ્હોરા કૈયુમભાઈ અબ્દુલ ઘંટીવાલા | નરસંડા |
| હાફેઝ અ. કાદિર સાધીવાલા | વણાકબોરી |
| શરીફખાન એસ. ગરાસીયા | રાજપીપલા |
| ખલીલભાઈ કુરૈશી (ગાઝી લેન્ડવાળા) | કોસંબા |
| મૌલાના અબ્દુલગની રાજેભાઈ | હિંમતનગર |
| ડો. નજીર મુહમ્મદ દેવલા | હિંમતનગર |
| રઈસ અહમદભાઈ | મેંગ્લોર |
| ઈમરાનભાઈ પાંચા (સુપર ઓપ્ટીકલ) | પોરબંદર |
| યૂનુસભાઈ રવન્ના | જૂનાગઢ |
| યૂનુસભાઈ બોરડીવાલા/અઝહરભાઈ | પારખેત |
| અઝહરભાઈભાઈ | પારખેત |
| ઓસ્માણગની આહમદ હાજી | મથડા |
| ઈકબાલ પી. અજમેરી | લીલીયામોટા |

| નામ | શહેર |
|---|---|
| ખિઝરભાઈ નવીવાળા | ધોરાજી |
| મૌલાના મુનવ્વર રઝા | ધોરાજી |
| સૈયદ તુફૈલ હુસૈન | વિજાપુર |
| મકબૂલભાઈ ડભાડ | ચીખલી |
| દાઉદ નૂર મુહમ્મદ રઝવી | અલીયાબાડા |
| સાબરી સિલેકશન | પ્રભાસપાટણ |
| અબ્દુલ્લાહ એન્ડ કું. | દીવ (U.T.) |
| શેખ મુહમ્મદ હનીફભાઈ | ગાંધીનગર (પોર) |
| હાફેઝ સઈદ સાહબ | ભાલેજ |
| સૈયદ મુહમ્મદ અસ્ગરઅલી દહીંઅપવાળા | મહુધા |
| મુહમ્મદ ઈકબાલ જાફરભાઈ પનારવાલા | વિરમગામ |
| ફારૂકભાઈ મુબલ્લિગ | દાહોદ |
| ઝાકિરહુસૈન ગફૂરભાઈ પીરવાલા | દેવકા |
| ઈમ્તિયાઝભાઈ લોહાર | ભુજ |
| ઐયૂબ અ. અઝીઝ/અમીનભાઈ | ગોંડલ |
| ગુલામ રસૂલ રઝવી | બોટાદ |
| એમ. એમ. અગરીયા | પાલીતાણા |
| અ. સત્તાર અ. રહમાન | વેરાવળ |
| મુતવલ્લી અશરફભાઈ | નોબાર |
| દિલાવરભાઈ | નોબાર |
| ખત્રી ઈદરીસભાઈ | પાવીજેતપુર |
| મૌલાના ઈલ્યાસખાન નૂરી | રતનપોર |
| શબ્બીરભાઈ ટેલર | સંજાણબંદર |
| અબ્બાસભાઈ સૂફી | ખોજબલ |

**તેમજ દેશ વિદેશથી અમારી હોંસલા અફઝાઈ કરનાર સર્વ સુન્ની હમદર્દોનો અમો દિલની ગહરાઈથી આભાર માનીએ છીએ. મૌલા કરીમ તેના પ્યારા હબીબ ﷺના સદકામાં તેમની બંને જહાનને આબાદ ફર્માવે. (આમીન)** ***લિ. પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી***

નોંધ : **બરકાતે ખ્વાજા (માસિક)**ના ગ્રાહકો તથા **અંજુમને રઝાએ મુસ્તફા**ના મેમ્બરો, ડોનરો કરી આપી સુન્નિયતના કામમાં વેગ આપવા ઈચ્છનારાઓ અમારો સંપર્ક કરે એવી વિનંતિ. *–તંત્રી*